# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

કંગનાએ લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા, કહ્યુ, હું દિવસ-રાત કામ કરીશ



પેજ-09

ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત: શુભમન ગિલને કેપ્ટનશિપ...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 28.00 |
| વડોદરા | 34.00 | 28.00 |
| સુરત | 32.00 | 28.00 |

પેજ 5



સોનામાં વધુ ઘટાડો: વિશ્વ બજારમાં આંચકા પચાવી વધ્યું

**26** JUNE-2024 WEDNESDAY

વિકિલીક્સના સ્થાપક અસાંજે 5 વર્ષ બાદ બ્રિટિશ જેલમાંથી મુક્ત



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78053.52 | ▲ | 712.44 |
| નિફ્ટી | 23721.30 | ▲ | 183.45 |
| સોનું | 71,739.00 | ▼ | 52.00 |
| ચાંદી | 88,779.00 | ▼ | 220.00 |


વર્ષ-11 I અંક-222 I વિક્રમ સંવત-2079 I જેઠ વદ-04 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## લોકસભા સ્પીકર પદ માટે સત્તાધારી NDA અને વિપક્ષી ગઠબંધન વચ્ચે કોઈ સમજૂતી નથી થઈ

# દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પીકર માટે થશે ચૂંટણી

- લોકસભામાં નંબર ગેમની વાત કરવામાં આવે તો 2014 અને 2019ની સરખામણીમાં આ વખતે રસપ્રદ મુકાબલો છે
- લોકસભામાં એનડીએનું સંખ્યાબળ 293 છે. વિપક્ષની વાત કરવામાં આવે તો કોંગ્રેસ 99 બેઠકો જીતી હતી

(એજન્સી) નવી દિલ્હી | તા.25

આજે 18મી લોકસભાના પ્રથમ સત્રના બીજો દિવસે પણ શપથ ગ્રહણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. ત્યારે લોકસભા સ્પીકર પદ માટે સત્તાધારી NDA અને વિપક્ષી ગઠબંધન વચ્ચે કોઈ સમજૂતી થઈ નથી. આ સાથે જ દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પીકર પદ માટે ચૂંટણી યોજાશે. એનડીએ તરફથી ઓમ બિરલા અને વિપક્ષી ગઠબંધન તરફથી કે. સુરેશ લોકસભા સ્પીકર પદના ઉમેદવાર હશે. લોકસભામાં નંબર ગેમની વાત કરવામાં આવે તો 2014 અને 2019ની સરખામણીમાં આ વખતે રસપ્રદ મુકાબલો છે. એનડીએની આગેવાની કરી રહેલી ભાજપને આ વર્ષે બહુમત મળી નથી. જો કે 240 બેઠકો સાથે સૌથી મોટો પક્ષ છે. લોકસભામાં એનડીએનું સંખ્યાબળ 293 છે. જ્યારે વિપક્ષની વાત કરવામાં આવે તો કોંગ્રેસ 99 બેઠકો જીતી હતી. જો કે રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડી દેતા હવે તેનું સંખ્યાબળ 98 થઈ ગયું છે. આ ઉપરાંત કોંગ્રેસના નેતૃત્વવાળી ઈન્ડિયા ગઠબંધન પાસે 233 સાંસદો છે. આ ઉપરાંત સાત અપક્ષ સહિત અન્ય 16 લોકો પણ ચૂંટણી જીતીને સંસદ ભવનમાં પહોંચ્યા છે. દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પીકર પદ માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. ઓમ બિરલા એનડીએ તરફથી સ્પીકર ઉમેદવાર હશે, જ્યારે કે. સુરેશને I.N.D.I.A ગઠબંધનમાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બંને નેતાઓએ ઉમેદવારી નોંધાવી છે. હવે આવતીકાલે લોકસભાના અધ્યક્ષ માટે ચૂંટણી થશે.બીજેપી સાંસદ પંકજ ચૌધરી ઓમ બિરલાના પ્રસ્તાવક બની શકે છે. ઓમ બિરલા થોડીવારમાં જ સ્પીકર પદ માટે નોમિનેશન ફાઈલ કરી શકે છે.

### ઓમ બિરલા સામે કોંગ્રેસે કે. સુરેશને ઉતાર્યા

**સત્તા પક્ષ અને વિપક્ષ સામ- સામે :** કોંગ્રેસના નેતા કેસી વેણુગોપાલે કહ્યું કે વિપક્ષ લોકસભા સ્પીકરની ચૂંટણી લડશે, તેમણે સરકાર પર આરોપ લગાવ્યો કે વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ આપવામાં આનાકાની કરી રહી છે. તમને જણાવી દઈએ કે ભારતના ઈતિહાસમાં આ પહેલીવાર છે જ્યારે શાસક પક્ષ અને વિપક્ષ આ પદ માટે ચૂંટણી લડી રહ્યા છે.



### સ્પીકરની ખુરશી પર જોવા મળશે ઓમ બિરલા?

18મી લોકસભામાં સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરનો ચહેરો લગભગ સ્પષ્ટ છે. ફરી એકવાર ઓમ બિરલા સ્પીકરની ખુરશી પર જોવા મળશે. તેઓ સતત ત્રીજી વખત રાજસ્થાનના કોટાથી સાંસદ છે. તેમને 2019માં પ્રથમ વખત સ્પીકર બનાવવામાં આવ્યા હતા. ત્યારે હવે તેઓ બીજી વખત આ પદ સંભાળશે. જો સુરેશની વાત કરીએ તો તે કેરળના માવેલિકારાથી સાંસદ છે. તેઓ 8મી વખત સાંસદ તરીકે ચૂંટાયા છે અને લોકસભાના સભ્ય તરીકે સૌથી વધુ અનુભવ ધરાવે છે. 18મી લોકસભાના નવા અધ્યક્ષ પદને લઈને નવો વળાંક આવ્યો છે. હવે વિપક્ષે આ પ્રતિષ્ઠિત પદ માટે લોકસભા અધ્યક્ષ પદ માટે પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. કેરળ કોંગ્રેસના સાંસદ કે. સુરેશે વિપક્ષ વતી સ્પીકર પદ માટે ઉમેદવારી નોંધાવી છે. હવે તેનો સામનો એનડીએના ઉમેદવાર ઓમ બિરલા સાથે થશે. કોંગ્રેસે સરકાર પર ડેપ્યુટી સ્પીકરના મુદ્દે સહકાર ન આપવાનો આરોપ લગાવ્યો, ત્યાર બાદ તેમણે સ્પીકર પદ માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી છે.

## રાહુલે જય હિંદ, જય સંવિધાન, ઓવૈસીએ કહ્યું- જય પેલેસ્ટાઈન

# ભાજપ સાંસદે હિંદુ રાષ્ટ્રની જય કહેતા જ થયો હોબાળો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

મંગળવાર (25 જૂન, 2024) 18મી લોકસભાના પ્રથમ સત્રનો બીજો દિવસ છે. હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ શપથ બાદ જય પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા. લોકસભા સ્પીકરને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ વધી ગયું છે. એનડીએના ઉમેદવાર ઓમ બિરલા સામે ઈન્ડિયા બ્લોકે પણ પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે. સ્પીકર પદ માટે 26 જૂને સવારે 11 વાગ્યે મતદાન થશે. એનડીએ નેતાઓએ સંસદ ભવનમાં લોકસભા અધ્યક્ષ પદ માટે ઓમ બિરલાની તરફેણમાં 10 સેટમાં નામાંકન ભર્યું હતું. આ દરમિયાન બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા, ગૃહમંત્રી અમિત શાહ અને અન્ય NDA નેતાઓ હાજર હતા.

**TMCએ કહ્યું- સ્પીકર અંગે કોંગ્રેસનો નિર્ણય એકતરફી**





**મત વિભાજનની માગ થશે, તો પેપર સ્લીપ દ્વારા મતદાન થશે**

લોકસભા અધ્યક્ષની ચૂંટણી 26 જૂને યોજાવાની છે. નિષ્ણાતોના મતે, જો વિપક્ષ આ ચૂંટણી દરમિયાન મતોના વિભાજનનો આગ્રહ રાખે છે, તો પેપર સ્લિપ દ્વારા મતદાન કરવામાં આવશે, કારણ કે નવા ગૃહમાં સભ્યોને હજુ સુધી બેઠકો ફાળવવામાં આવી નથી. આવી સ્થિતિમાં, ઈલેક્ટ્રોનિક ડિસ્પ્લે સિસ્ટમનો ઉપયોગ કરી શકાતો નથી. એનડીએ તરફથી ઓમ બિરલા ઉમેદવાર છે, જ્યારે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા બ્લોકે કોડીકુનીલ સુરેશને મેદાનમાં ઉતાર્યા છે. બંધારણીય નિષ્ણાત અને લોકસભાના પૂર્વ મહાસચિવ પીડીટી આચાર્યએ પીટીઆઈને જણાવ્યું હતું કે દરખાસ્તો જે ક્રમમાં પ્રાપ્ત થઈ છે તે પ્રમાણે એક પછી એક મૂકવામાં આવશે.

# જેલમાં જ રહેશે કેજરીવાલ

## નીચલી કોર્ટે વિવેકબુદ્ધિનો ઉપયોગ નથી કર્યો : કેજરીવાલના જામીન રદ કરતી વખતે હાઈકોર્ટની આકરી ટીપ્પણી

(એજન્સી) નવી દિલ્હી | તા.25

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ હાલ તિહાર જેલમાં જ રહેશે. હાઈકોર્ટે મંગળવારે દિલ્હી દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં જામીન આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કોર્ટે જણાવ્યું હતું કે દલીલો યોગ્ય રીતે કરવામાં આવી ન હતી, તેથી રાઉઝ એવન્યુ કોર્ટના નિર્ણયને બાજુએ રાખ્યો હતો. નિર્ણયને જોતા લાગે છે કે કેજરીવાલને જામીન આપતી વખતે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. કોર્ટે EDને દલીલ કરવાની પૂરતી તક આપવી જોઈતી હતી. બીજી તરફ આમ આદમી પાર્ટી (AAP)નું કહેવું છે કે, 'અમે હાઈકોર્ટના નિર્ણય સાથે સહમત નથી. અમે સુપ્રીમ કોર્ટમાં જઈશું. જામીનના આદેશને આ રીતે રોકી શકાય નહીં, સુપ્રીમ કોર્ટ પણ ગઈ કાલે એવું જ કહ્યું છે. રાઉઝ એવન્યુ કોર્ટે 20 જૂને કેજરીવાલને જામીન આપ્યા હતા, પરંતુ હાઈકોર્ટે 21 જૂનના રોજ EDની અરજી પર રોક લગાવી દીધી હતી. હવે આવતીકાલે (બુધવારે) દિલ્હીના સીએમની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટમાં નિર્ણય લેવામાં આવશે.




**નીચલી અદાલતે ઈડીના દસ્તાવેજો ધ્યાને ન લીધા :** ન્યાયાધીશ સુધીર કુમાર જૈનની ખંડપીઠે રાઉઝ એવન્યૂ કોર્ટના આદેશને રદ કરી દીધો છે. કોર્ટે સુનાવણીમાં કહ્યું કે, કેજરીવાલને જામીન આપતી વખતે નીચલી અદાલતની વેકેશન બેન્ચે તેમની વિવેકબુદ્ધિનો ઉપયોગ કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું કે, અમે બંને પક્ષોને સાંભળ્યા, પરંતુ નીચલી અદાલતે ઈડીના દસ્તાવેજો અને પીએમએલની કલમ 45ની બેવડી શરતોને ધ્યાને ન લીધા. બીજી તરફ, કેજરીવાલે હાઈકોર્ટના આદેશ વિરુદ્ધ 23 જૂને સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમની અરજી પર સોમવારે (24 જૂન) સુનાવણી થઈ હતી.

## ઓડિશાના મુખ્યમંત્રી મોહન માઝીનો દાવો

# નવીન પટનાયક સરકારે મારી હત્યાનું કાવતરું ઘડ્યું હતું : મોહન માઝી

(એજન્સી) નવી દિલ્હી | તા.25

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ બીજુ જનતા દળ (બીજેડી) પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે, 'ઓડિશામાં અગાઉની બીજેડી સરકારે મારી હત્યાનું કાવતરું ઘડ્યું હતું.' જો કે (બીજેડી)ના વડા અને પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે આ આરોપોને નકારી કાઢ્યા છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ સોમવારે (24મી જૂન) તેમણે કિયોંઝરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયક પર



જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'મેં વિધાનસભામાં ઘણાં મુદ્દા ઉઠાવ્યા છે અને 2019થી 2024 વચ્ચેના છેલ્લા પાંચ વર્ષમાં સરકારને ભીંસમાં લીધી છે. તેઓએ મંડુઆ, કિયોંઝરમાં બોમ્બ બ્લાસ્ટ કરીને મારી હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ હું બચી ગયો હતો. લોકોની દયા અને ભગવાને મને બચાવ્યો.' નવીન પટનાયક પર ગંભીર આરોપ લગાવતા મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ કહ્યું હતું કે, 'ભગવાન જગન્નાથ મારી સાથે છે અને મારા પર લોકોના આશીર્વાદ છે.

## નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું : કેટલાક લોકો માત્ર ભ્રમ ફેલાવે છે

# અયોધ્યા મંદિરના નિર્માણની ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ નથી

(એજન્સી) અયોધ્યા | તા.25

અયોધ્યા રામ મંદિરમાં પાણી ટપકવા અંગે મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ પ્રથમ વરસાદ દરમિયાન સ્પષ્ટતા આપી છે. આજે (25 જૂન, 2024) મંગળવારે તેમણે કહ્યું કે, રામ મંદિરના ગર્ભગૃહને પાણીથી ભરવાના બે કારણો હતા. પ્રથમ ગર્ભગૃહની સામે વિશિષ્ટ પેવેલિયનનું બાંધકામ હજી પૂર્ણ થયું નથી. જેના કારણે મંદિર પરિસરમાં વરસાદી પાણી ઘુસી ગયા હતા. બીજું, મંદિરના પહેલા



માળે વીજ વાયરો નાખવા માટે પાઈપ ખુલ્લી હતી. તેના દ્વારા મંદિરમાં પણ પાણી આવ્યું. તેમણે કહ્યું- મેં જાતે મંદિરનું નિરીક્ષણ કર્યું છે અને તમામ બિંદુઓ જોયા છે. કેટલાક લોકોએ મંદિરમાં પાણી ટપકતું હોવાનો ભ્રમ જ સર્જ્યો છે. મંદિર નિર્માણની ગુણવત્તા સાથે બાંધછોડ કરવામાં આવી નથી. ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને ગર્ભગૃહની સામે અસ્થાયી રીતે વિશિષ્ટ મંડપનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેને દૂર કરીને ઠીક કરવામાં આવશે.

# ભારત અને બાંગ્લાદેશની વાતચીતથી મમતા નારાજ

(એજન્સી) કોલકાતા I તા.25



પશ્ચિમ બંગાળ સરકારે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ગંગા અને તિસ્તા નદીઓના પાણીની વહેંચણી અંગેની વાતચીત પર નારાજગી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે કેન્દ્રએ પાડોશી દેશ સાથેની વાતચીતમાં રાજ્ય સરકારને સામેલ નથી કરી. જ્યારે, બંગાળ ભૌગોલિક, સાંસ્કૃતિક અને આર્થિક રીતે બાંગ્લાદેશ સાથે ખૂબ જ નજીકના સંબંધો ધરાવે છે. મમતાએ આ અંગે સોમવારે (24 જૂન) વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો હતો. જેમાં તેમણે બાંગ્લાદેશ સાથે પાણીની વહેંચણીના મુદ્દે બંગાળ સરકારને ચર્ચામાંથી બાકાત રાખવા સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. મમતાએ ત્રણ પાનાના પત્રમાં કહ્યું- અમે રાજ્ય સરકારની સલાહ લીધા વિના આવી એકપક્ષીય વાતચીતને સ્વીકારતા નથી.

# આતિશીની તબિયત લથડી, ICUમાં દાખલ: સુગર લેવલ અચાનક ઘટી ગયું

(એજન્સી) નવી દિલ્હી | તા.25

સોમવાર-મંગળવાર (24-25 જૂન)ની મોડી રાત્રે દિલ્હીના જળ મંત્રી આતિશીની તબિયત લથડી હતી. AAP નેતાઓએ તેને LNJP હોસ્પિટલમાં ICUમાં દાખલ કરી છે. દિલ્હી જળ સંકટ મામલે આતિશી 21 જૂનથી જંગપુરાના ભોગલમાં ઉપવાસ પર હતી. તેમની માંગ હરિયાણાથી 100 mgd પાણી મોકલવાની માગ છે. સમજુતી હેઠળ હરિયાણાથી 613 mgd પાણી મોકલવાનું છે. આતિશીનો દાવો છે કે હરિયાણા સરકાર માત્ર 513 mgd પાણી મોકલી રહી છે. જેના કારણે દિલ્હીના 28 લાખ લોકોને પાણી મળી રહ્યું નથી.

**દિલ્હી જળ સંકટ મામલે ચાર દિવસથી ઉપવાસ પર હતી આતિશી**



## સંજય સિંહે કહ્યું- આતિશીનું શુગર લેવલ 43 પર પહોંચી ગયું છે

AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે આતિશીનું શુગર લેવલ 43 પર પહોંચી ગયું છે. ડોકટરોએ કહ્યું છે કે તેની તબિયત બગડી છે. જો આતિશીને હોસ્પિટલમાં દાખલ કરવામાં નહીં આવે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. સંજય સિંહે કહ્યું કે આતિશીએ છેલ્લા 5 દિવસથી કંઈ ખાધું નથી. તેનું શુગર લેવલ ઘટી ગયું છે, કીટોન્સ વધી રહ્યું છે અને બ્લડ પ્રેશર ઘટી રહ્યું છે. તે પોતાના માટે લડી રહી નથી, તે દિલ્હીના લોકો માટે, પાણી માટે લડી રહી છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે રાતથી તેમનું બ્લડ શુગર લેવલ ઘટી રહ્યું છે. જ્યારે અમે તેના બ્લડ સેમ્પલ લીધા ત્યારે તેનું શુગર લેવલ 46 હોવાનું બહાર આવ્યું. જ્યારે અમે પોર્ટેબલ મશીન વડે તેનું શુગર લેવલ ચેક કર્યું તો તેનું શુગર લેવલ 36 આવ્યું.

### ● આતિશીએ કહ્યું- જ્યાં સુધી હરિયાણા પાણી નહીં છોડે ત્યાં સુધી હું ઉપવાસ કરીશ

આ દરમિયાન આતિશીએ કહ્યું હતું કે મારું બ્લડપ્રેશર અને સુગર લેવલ ઘટી રહ્યું છે. મારું વજન પણ ઘટી ગયું છે. કેટોનનું સ્તર ખૂબ ઊંચું છે, જે લાંબા ગાળે હાનિકારક અસરો કરી શકે છે. મારા શરીરને ગમે તેટલી પીડા થાય, પણ જ્યાં સુધી હરિયાણા પાણી નહીં છોડે ત્યાં સુધી હું ઉપવાસ ચાલુ રાખીશ. 3 જૂને AAP નેતાઓ દિલ્હીના એલજી વીકે સક્સેનાને મળ્યા હતા. એલજીએ કહ્યું કે હરિયાણાના મુખ્ય પ્રધાન નયાબ સિંહ સૈનીએ ખાતરી આપી છે કે તેઓ વિચારશે કે શું તેમનું રાજ્ય શહેરને વધારાનું પાણી આપી શકે છે.

### ● સુનિત કેજરીવાલે કહ્યું હતું- આશા છે આતિષીની તપસ્યા સફળ થશે

ઉપવાસ બાદ દિલ્હીના સીએમ કેજરીવાલની પત્ની સુનીતાએ કહ્યું હતું કે દિલ્હીના મંત્રી આતિશી હરિયાણા સરકારને અપીલ કરવા માટે અનિશ્ચિત સમય માટે સત્યાગ્રહ કરવાના છે. તે કંઈપણ ખાશે નહીં, ફક્ત પાણી પીશે. તે દિલ્હીના તરસ્યા લોકો માટે આ કરી રહી છે. સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે ટીવી પર દિલ્હીની જનતાની વેદના જોઈને તેઓ ખૂબ જ દુખી છે. તેમને આશા છે કે આતિષીની તપસ્યા સફળ થશે અને લોકોને થોડી રાહત મળશે.

## શેરબજાર ઑલ ટાઈમ હાઈ

# સેન્સેક્સે 78000ની સપાટી વટાવી અને નિફ્ટી નવી રેકોર્ડ ટોચે

(એજન્સી) મુબઈ। તા.25

ભારતીય શેરબજારમાં બે દિવસ વોલેટિલિટીમાં શુષ્ક માહોલ રહ્યા બાદ આજે ફરી પાછો આકર્ષક ઉછાળો નોંધાયો છે. બેન્કિંગ અને ફાઈનાન્સિયલ સર્વિસિઝના શેરોમાં તેજીના સથવારે આજે સેન્સેક્સ, નિફ્ટી સહિત બેન્કેક્સ અને ફાઈનાન્સિયલ સર્વિસિઝનો ઈન્ડેક્સ ઓલટાઈમ હાઈ થયો છે. બપોરના ટ્રેડિંગ સેશનમાં શેરબજારમાં ખરીદીનું પ્રમાણ વધતાં તેમજ બેન્કિંગ અને ફાઈનાન્સ શેરોમાં આકર્ષક તેજીના પગલે સન્સેક્સ 78044.11ની નવી રેકોર્ડ ટોચે પહોંચ્યો છે. નિફ્ટીએ પણ 23700ની સપાટી વટાવી 23710.45 થયો છે. આજે બીએસઈ ખાતે 299 શેર્સમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે 293 શેર્સ વર્ષની નવી ટોચે પહોંચ્યા હતા. બીએસઈ માર્કેટ કેપ 435.82 લાખ કરોડ થયુ હતું. સેન્સેક્સ આજે 712.44 પોઈન્ટ ઉછાળા સાથે 78053.52 પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 183.45 પોઈન્ટ ઉછળી 23721.30 પર બંધ રહ્યો હતો. બેન્ક નિફ્ટી પ્રથમ વખત 52 હજારનું લેવલ ક્રોસ કરી સર્વોચ્ચ 52511.30ની ટોચે પહોંચ્યો હતો. નિફ્ટી ફાઈનાન્સિયલ સર્વિસિઝે પણ 1.51 ટકા ઉછાળા સાથે નવી રેકોર્ડ ટોચ બનાવી છે.

ડાંગ જિલ્લાની મુલાકાતે આવનાર રાજ્યનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી દમણગંગા અને વેર ટુ વિભાગનાં ભ્રષ્ટ અધિકારીનાં કાન આમળશે ખરા ?

# ડાંગ જિલ્લામાં 82 કરોડનાં ખર્ચે અનેક જગ્યાએ નિર્માણ થઈ રહેલ ચેક ડેમોનું પાણી વહી જશે કે કેમ ? ભ્રષ્ટ અધિકારીઓની લગામ કાબુમાં આવશે કે કેમ?

## ડાંગ જિલ્લામાં દમણગંગા અને વેર ટુ વિભાગનાં ભ્રષ્ટ અધિકારીઓનાં પાપે કરોડો રૂપિયાની યોજનાઓનું આંધણ...

સુશીલ પવાર.ડાંગ





રાજ્યનાં છેવાડે આવેલ ડાંગ જિલ્લામાં ચોમાસાની ઋતુ દરમ્યાન 100 ઈંચ જેટલો વરસાદ પડે છે.જેમાં રાજ્ય સરકાર છેવાડેનાં ડાંગ જિલ્લામાં પાણી સંગ્રહ માટે વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ અમલમાં મૂકે છે.પરંતુ અધિકારીઓ અને ઈજારદારોની ભાગ બટાઈમાં પગલે સિંચાઈની પાણી સંગ્રહની અમુક યોજનાઓ ક્યાંક કાગળ પર તો ક્યાંક અધૂરી તો ક્યાંક ભ્રષ્ટાચારથી લથપથ મળે છે.ડાંગ જિલ્લામાં ખાયકીનાં પગલે પાણી સંગ્રહની યોજનાઓ ચીલા ચાલુ બનતા આદિવાસી જનજીવનને પાણી માટે દરબદર રીતે ભટકવાનો વારો આવે છે.છેવાડેનાં આદિવાસીઓ માટે સરકાર પાણીની યોજનાઓ તો અમલમાં લાવે છે.પરંતુ આ યોજનાઓ જ નિર્થક રહેતા દર વર્ષે લોકોને વલખા મારવાની નોબત ઉભી થાય છે.ત્યારે ડાંગી જનજીવન માટે પાણીનાં યક્ષ પ્રશ્ન માટે જવાબદાર કોણ અધિકારીઓ કે પછી પદાધિકારીઓ ? ચાલુ વર્ષે રાજ્ય સરકારનાં જળ સંશાધન વિભાગનાં દમણગંગા અને વેર ટુ વિભાગ અંતર્ગત ડાંગ જિલ્લાનાં ખાપરી, પૂર્ણા, ગીરા અને અંબિકા નદી પર પાણી સંગ્રહ માટે અંદાજીત 82 કરોડનાં ખર્ચે 32 જેટલા નાના મોટા ચેકડેમો મંજૂર કર્યા છે.અને જે ચેકડેમોની કામગીરી હાલમાં પુરજોશમાં ચાલી રહી છે.પરંતુ મોટાભાગના ચેકડેમોની કામગીરીમાં અધિકારીઓ અને ઈજારદારોની મિલીભગતમાં હલકી કક્ષાનો સામાન તથા નદીનાં ગોળ પથ્થરો નાખી ભય વગરનો ભ્રષ્ટાચાર આચરવામાં આવતા સરકારનાં નાણા પાણીની જેમ વહી જવાનાં એંધાણ જોવા મળી રહ્યા છે.થોડા સમય પહેલા આહવા તાલુકાનાં હુંબાપાડા,ધવલીદોડ,તથા વઘઈ તાલુકાનાં શિવારીમાળ સહિત પૂર્વપટ્ટી અને સુબિર તાલુકામાં દમણગંગા અને વેર ટુ વિભાગ અંતર્ગત નિર્માણ થઈ રહેલ ચેકડેમોમાં વ્યાપક ગેરરીતિ થવાની ફરીયાદ ઉઠી હતી.જેના પગલે ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ તથા ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ગાઈને આ નવનિર્માણ થઈ રહેલ ચેકડેમોની મુલાકાત લઈ ઈજારદાર સહિત અધિકારીઓનો ઉધડો લીધો હતો.અને ગુણવત્તાયુક્ત કામગીરી કરવાની સૂચનાઓ આપી હતી.પરંતુ ઉધડો લીધો હોવા છતાંય ડાંગ જિલ્લામાં દમણગંગા અને વેર ટુ વિભાગનાં અધિકારીઓ સુધારવાનું નામ ન લેતા અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે.ડાંગ જિલ્લામાં 82 કરોડનાં ખર્ચે અનેક જગ્યાએ નિર્માણ થઈ રહેલ ચેકડેમોની દમણગંગા અને વેર ટુ વિભાગનાં અધિકારીઓ દ્વારા મુલાકાત પણ લેવામાં આવતી નથી.તથા યોગ્ય સમયે સુપરવિઝન પણ ન કરાતા એજન્સીઓ ભ્રષ્ટાચારથી લથપથ બની છે.ત્યારે આજરોજ ડાંગ જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવમાં રાજ્યનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પધારી રહ્યા છે.ત્યારે ડાંગ જિલ્લાના દમણગંગા અને વેર ટુ વિભાગનાં ભ્રષ્ટ કાર્યપાલક ઈજનેર તથા નાયબ કાર્યપાલક ઈજનેરોનાં કાન આમળશે ખરા ?રાજ્યનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ડાંગ જિલ્લાનાં દમણગંગા અને વેર ટુ વિભાગનાં અધિકારી સામે કડક પગલા ભરી પ્રજાહિતને ન્યાય આપે તેવી પણ લોકમાંગ ઉઠી છે.ત્યારે ડાંગ જિલ્લામાં ભ્રષ્ટાચારથી લથપથ ચેકડેમો બાબતે કેવા પગલા લેવામાં આવશે તે સમય જ બતાવશે.

## રાજકોટ ડિવિઝનમાં ચાલી રહેલા ડબલ ટ્રેકના કામ દરમિયાન રીશેડ્યુલ કરાયેલી ટ્રેનોમાં ફેરફાર

રાજકોટ । તા.25

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી સેક્શનમાં ચાલી રહેલા ડબલ ટ્રેકના કામ દરમિયાન લેવામાં આવનાર બ્લોકના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેના કારણે અગાઉ રીશેડ્યુલ જાહેર કરાયેલી ટ્રેનો માં ફેરફાર કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ છે. રીશેડ્યુલ કરેલ ટ્રેનો: ટ્રેન નંબર 16333 વેરાવળ-તિરુવનંતપુરમ સેન્ટ્રલ એક્સપ્રેસ ને 27.06.2024 ના રોજ વેરાવળ થી 5 કલાક 30 મિનિટ મોડી એટલે કે 12.20 કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે. ટ્રેન નંબર 11463 વેરાવળ-જબલપુર એક્સપ્રેસને ને 27.06.2024 ના રોજ વેરાવળ થી 2 કલાક 30 મિનિટ મોડી એટલે કે 12.35 કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે. ટ્રેન નંબર 19218 વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ને 27.06.2024 ના રોજ વેરાવળ થી 1 કલાક 40 મિનિટ મોડી એટલે કે 13.40 કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે. ટ્રેન નંબર 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસ ને 26.06.2024 ના રોજ જબલપુર થી 5 કલાક 15 મિનિટ મોડી એટલે કે 19.00 કલાકે ઉપડવા માટે રીશેડ્યુલ કરવામાં આવી છે. અગાઉ રીશેડ્યૂલ કરેલ ટ્રેનોં જે હવે તેમના રેગ્યુલર સમય પર ઉપડશે: 26.06.2024 ના રોજ વેરાવળ થી ઉપડનારી ટ્રેન નં. 11463 વેરાવળ-જબલપુર એક્સપ્રેસ, 26.06.2024 ના રોજ વેરાવળ થી ઉપડનારી ટ્રેન નં. 19218 વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ, 26.06.2024 ના રોજ ઈન્દોર થી ઉપડનારી ટ્રેન નં. 19320 ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસ અને 25.06.2024 ના રોજ જબલપુર થી ઉપડનારી ટ્રેન નં. 11464 જબલપુર-વેરાવળ એક્સપ્રેસ જે અગાઉ રીશેડ્યુલ જાહેર કરવામાં આવી હતી, આ તમામ ટ્રેનો હવે તેમના રેગ્યુલર સમય પર ઉપડશે.

## ડાંગ જિલ્લા ભારતીય જનતા પાર્ટીએ 25મી જુનને કટોકટી દિવસ ગણાવી વિરોધ નોંધાવ્યો

સુશીલ પવાર.ડાંગ




પ્રાપ્ત વિગતો અનુસાર વર્ષ 1975માં 25મી જૂને વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ સરમુખત્યારશાહીનું વલણ અપનાવી મધ્યરાત્રીએ ઈમરજન્સી લાગુ કરી ભાજપાનાં રાષ્ટ્રીય નેતાઓને જેલમાં નાખી દઈ દેશમાં કટોકટી પેદા કરી હતી.25મી જૂને વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ મંત્રીમંડળને વિશ્વાસમાં લીધા વગર પોતાની મનમાની કરી હતી.અને લોકશાહીનું ગળુ ઘુટવાનું ષડયંત્ર કર્યુ હતુ.જેના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી દરવર્ષે 25મી જૂનને કાળો દિવસ લેખાવી વિરોધ પ્રદર્શન કરે છે.ડાંગ જિલ્લા ભારતીય જનતા પાર્ટી સંગઠન દ્વારા પણ ડાંગ સ્વરાજ આશ્રમમાં ભેગા મળી કટોકટી દિવસ અંગે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. અહી ડાંગ જિલ્લા ભારતીય જનતા પાર્ટી સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવીતે જણાવ્યુ હતુ કે આ કટોકટીનાં કાળા દિવસને આજે 50 વર્ષ પૂર્ણ થયા છે.1975ની ઘટના એ લોકશાહીની નિર્મમ હત્યા હતી.આ પ્રસંગે ડાંગ જિલ્લા ભાજપા સંગઠનનાં પ્રભારી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીય ભાજપા સંગઠન અને ગુજરાત ભાજપ સંગઠનની સુચના મુજબ દર વર્ષે 25મી જૂનનાં દિવસને કાળો દિવસ તરીકે ઉજવવામાં આવે છે.25મી જૂન દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ દિવસ હતો. વડાપ્રધાન ઈન્દીરા ગાંધીનાં શાસનમાં 25મી જુનનાં રોજ દેશવાસીઓએ ઘણુ બધુ સહન કર્યુ હતુ.અગાઉ પણ કૉંગ્રેસની સરકારે દેશમાં દમન કરી લોકશાહીની હત્યા કરી નાખી હતી.હાલમાં 50 વર્ષની તુલનામાં દેશ માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ વિકાસ પુરૂષ છે.વડાપ્રધાન મોદીએ જ દેશનો વિકાસ કર્યો છે.તથા વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં આંતકવાદને નાથવા માટે સફળતા મળી છે.જ્યારે ગુજરાત સરકારનાં નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે 25મી જૂનને કાળો દિવસ ગણાવી કૉંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેઓએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશની કાયા પલટ કરી છે.જ્યારે કૉંગ્રેસનાં શાશનમાં લોકોને ઘણી તકલીફો વેઠવાની નોબત ઉભી થઈ હતી.જેથી લોકો આ કટોકટી દિવસ અંગે શીખ મેળવે તે જરૂરી છે.આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયતનાં પ્રમુખ નિર્મળાબેન ગાઈન,ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા સંગઠન પ્રભારી રાજેશભાઈ દેસાઈ,ડાંગ જિલ્લા ભાજપા પાર્ટી સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવીત,મહામંત્રીઓમાં હરિરામભાઈ સાંવત,રાજેશભાઈ ગામીત,સહિત જિલ્લા ભાજપાનાં ચૂંટાયેલ હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હોમગાર્ડઝ યુનિફોર્મના દુરૂપયોગ બદલ એક મહીલા સહિત ત્રણ સભ્યોને ફરજ મોકુફ કરતા જિલ્લા કમાન્ડન્ટ

વિશાલ જે હરવરા જામનગર

હોમગાર્ડઝ દળ તાલીમ અને શિસ્તને વરેલું દળ છે આ દળની સ્થાપના દળના જવાનોને તાલીમ, અનુસાશન, નિષ્ઠા અને સેવા કાર્યો કરવા માટે તૈયાર કરવા અસ્તિત્વમાં આવેલ છે અને જ્યારે જરૂર પડે ત્યારે પોલીસની અવેજીમાં ફક્ત કાયદો અને વ્યવસ્થાની ફરજો નિભાવવાની હોય છે. હોમગાર્ડઝ દળનો યુનિફોર્મ જ્યારે કોઈ પણ સભ્યએ ધારણ કરેલ હોય ત્યારે દરેક હોમગાર્ડઝ સભ્ય કે અધિકારી હોમગાર્ડઝ અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૯ મુજબ રાજ્ય સેવક ગણવામાં આવે છે જેથી જ્યારે પણ દળનાં આ યુનિફોર્મનો દુરૂપયોગ થાય ત્યારે તે રાજ્ય સરકારનાં સેવક તરીકે યોગ્ય ન ગણાય.આવી જ રીતે જામનગર શહેર સીટી બી, યુનિટનાં સભ્ય ઈમરાન એચ. સીપાઈગોરી દ્વારા હોમગાર્ડઝ દળનાં યુનિફોર્મ સાથે પોલીસની બેરીકેપ ધારણ કરીને પોલીસ તરીકેનો ફોટો લાગે તે પ્રકરે ઉપયોગ કરીને પોતાનાં ફેસબુક પ્રોફાઈલમાં રાખેલ તથા સીટી સી, યુનિટનાં મહીલા સભ્યએ હોમગાર્ડઝનાં યુનિફોર્મમાં એરપોર્ટ જેવાં સેન્સેટીવ વિસ્તારમાં રીલ બનાવી પોતાની સ્ટોરીમાં રાખેલ તેમજ જામજોધપુર યુનિટનાં ઈન્ચાર્જ ઓફીસર કમાન્ડીંગ યોગેશ જોષી દ્વારા પોતે પ્લાટુન કમાન્ડરની રેન્ક ધરાવતા ન હોવા છતાં પ્લાટુન કમાન્ડરની રેન્ક, ક્રોસ બેલ્ટ, પી.કેપ, મેપલ લીઝ ધારણ કરતો ફોટો પોતાના વોટ્સએપ ડીપીમાં રાખેલ જે બાબતો જિલ્લા કમાન્ડન્ટશ્રીનાં ધ્યાને આવતાં બંન્ને સભ્યો તથા અધિકારીને તાત્કાલીક અસરથી ફરજ મોકુફ કરવાનો તેઓ દ્વારા હુકમ કરવામાં આવેલ છે.

## ગરુડેશ્વર તાલુકા માં ભાભી ને નશેબાજ દિયર ત્રાસ આપતા અભયમ મહિલા હેલ્પ લાઈને સમાધાન કરાવ્યુ

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લા નાં ગરુડેશ્વર તાલુકા ના એક ગામમાં થી મહિલા નો 181 અભયમ મહિલા હેલ્પ લાઈન પર કૉલ આવેલ, તેમણે જણાવેલ કે તેમના દિયર નશો કરી આવી જમવા બાબતે ત્રાસ આપે છે જેથી રાજપીપળા અભયમ ટીમ સ્થળ પર પહોંચી કાઉન્સીલગ કરી દિયર ભાભી ના ઝગડા નું શાંતિ પુર્વક સુલેહ કરાવ્યુ. આ કેસ માં મહિલાના જણાવ્યા મુજબ મારા એરેંજ મેરેજ છે લગ્ન નાં બે વર્ષ થયા છે, મારા પતિ છૂટક મજૂરી કામ કરે છે મારાં દિયર અને સાસુ બધાં સાથે રહીએ છીએ દિયર મારી સાસુ ને મને અને મારા પતિ ને હેરાન કરી ઘર માં લાઈટ નાં આવતા વાયર કાપી નાખ્યાં મીટર તોડી નાખ્યું ઘર માં અનાજ, સહિતનો સામાન ફેંકી દે છે અને આજે દિયર મજુરી કરી નશાની હાલત માં આવી જમવા નું નાં બનાવ્યું મને ભૂખ લાગી તેમ કહી ઝગડો કરી, અપશબ્દો બોલે અને મને મારી, બહેન આવી જમવા નું બનાવતા જોયા હોવા છતાં હેરાનગતિ કરી મારી સાસુ અને પતિ ને અપશબ્દો બોલતા હોય જેથી મે 181 ટીમ બોલાવી હતી. ત્યારબાદ 181 હેલ્પલાઈન ટીમ ત્યાં પહોંચી ત્યારે ભાભી ની પુછપરછ કરી તેમણે જણાવ્યું કે તેઓ થી હું કંટાળી ગઈ છું, જમવાનુ બનાવ્યું છતાં હેરાન કરે છે, ત્યારબાદ દિયર ને બોલાવ્યા અને કાઉન્સિલગ કર્યુ.

CALL 181 મહિલા હેલ્પલાઈન

## માતુશ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં વિધાર્થિનીઓ માટે સેમિનારનું આયોજન કરાયું



વિશાલ જે હરવરા જામનગર

કમિશ્નરશ્રી યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જામનગર દ્વારા સંચાલિત ''અનુસૂચિત જાતિ વ્યક્તિ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર'' ઝોનલ કક્ષાનું માતુશ્રી સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં આયોજન કરાયું હતું. આ શિબિરમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મચારીઓ દ્વારા મહિલાઓની સુરક્ષા, મહિલાઓને લગતી વિવિધ યોજનાકીય માહિતી, સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, 181 મહિલા હેલ્પલાઈન, નારી અદાલત, વ્હાલી દીકરી યોજના જેવી ઉપયોગી માહિતી દીકરીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સજુબા સરકારી ગર્લ્સ હાઈસ્કુલના આચાર્યશ્રી, સ્ટાફગણ, ડિસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમમેન્ટ ઓફ વુમન માંથી અસ્મિતાબેન કે.સાદિયા અને 130 જેટલી વિદ્યાર્થીનીઓ સહભાગી બની હતી. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## આહવા નગરની શાન એવા તળાવની મુલાકાત માટે મુખ્યમંત્રીને કોંગ્રેસનું ભાવભીનું આમંત્રણ પાઠવતા હોવાનાં પોસ્ટરો વાયરલ

સુશીલ પવાર.ડાંગ

આજરોજ ગુજરાતનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કન્યા કેળવણી મહોત્સવમાં ડાંગ જિલ્લાનાં બિલીઆંબા શાળા ખાતે હાજરી આપવાનાં હોય જેથી ડાંગ જિલ્લાની કૉંગ્રેસ સમિતિ હરકતમાં આવી હતી. ડાંગ જિલ્લા કૉંગ્રેસ સમિતિ દ્વારા કન્યા કેળવણી મહોત્સવની સાથે આહવા નગરની શાન એવા તળાવની પણ મુખ્યમંત્રીને મુલાકાત લેવા માટે ભાવભીનુ આમંત્રણ પાઠવતા પોસ્ટરોને સોશિયલ મીડિયામાં વાયરલ કરતા તંત્રની પોલ ખુલી જવા પામી છે.ડાંગ જિલ્લાનાં આહવા નગરનું એકમાત્ર તળાવની દશા દયનીય હાલતમાં જોવા મળે છે.આ તળાવમાં ચારે બાજુ જળકુંભીએ ભરડો લીધો છે.આહવાનાં નગરજનો સામાજીક કાર્યક્રમોમાં આ તળાવનાં પાણીનો ઉપયોગ કરે છે.પરંતુ છેલ્લા ઘણા સમયથી વહીવટી તંત્રની ટીમ દ્વારા આ તળાવની વ્યવસ્થા ન જાળવતા તળાવની હાલત દયનિય બની જવા પામી છે.

## રણવિજય સિંઘાએ કોકોકાર્ટ કાફે અને બોન વોયેજ સાથે વ્હિસ્કર્સ ઈન્ડિયાની ભાગીદારી/સહયોગની ઉજવણી કરવા માટે બ્રાન્ડના હોમ ગ્રાઉન્ડ, અમદાવાદની મુલાકાત લીધી

અમદાવાદ

વ્હિસ્કર્સ ઈન્ડિયાના ભાગીદારો અને સેલિબ્રિટી પૈકીના એક, રણવિજય સિંઘાએ 22મી જૂન, 2024ના રોજ કોકોકાર્ટ કાફે અને બોન વોયેજ સાથે વ્હિસ્કર્સ ઈન્ડિયાની ભાગીદારી/સહયોગની ઉજવણી કરવા માટે બ્રાન્ડના હોમ ગ્રાઉન્ડ, અમદાવાદની મુલાકાત લીધી હતી. આ ઘટના અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ T1 ખાતે સ્ટોરના આઉટલેટ પર બની હતી. વ્હિસ્કર્સ ઈન્ડિયાના સીઈઓ, નીજા શાહ ગોસ્વામી અને સહ-સ્થાપક, આકાશ ગોસ્વામી પણ આ કાર્યક્રમનો એક ભાગ હતા. ઈવેન્ટ દરમિયાન, રણવિજય સિંઘાએ સ્થળ પર હાજર ચાહકો સાથે વાતચીત કરવામાં ખૂબ જ રસ દાખવ્યો. તેમણે સહયોગની પ્રશંસા કરી અને વ્હિસ્કર્સ ઈન્ડિયામાંથી તેમની ઓલ-સીઝન મનપસંદ પ્રોડક્ટનું પ્રદર્શન કર્યું જે તેનું બોડી લોશન છે. સિંઘાએ શેર કર્યું હતું કે તેઓ તેમની ત્વચા હાઈડ્રેટેડ રહે તેની ખાતરી કરવા માટે તેમની મુસાફરી દરમિયાન પણ વ્હિસ્કર્સ ઈન્ડિયાના એલોવેરા આધારિત બોડી લોશનનો ઉપયોગ કરે છે. આ સિવાય વ્હિસ્કર્સ ઈન્ડિયાના



અન્ય પ્રીમિયમ ગ્રૂમિંગ પ્રોડક્ટ્સ જેમ કે ફેસ વોશ, ફેસ સ્ક્રબ, મડ પેક, શેમ્પૂ, હેર સીરમ, બોડી વોશ, પરફ્યુમ્સ, ડીઓડરન્ટ્સ, બીર્ડ વોશ, બીર્ડ ઓઈલ, ટેટૂ આફ્ટરકેર પ્રોડક્ટ્સ વગેરે પણ તમામમાં મળી શકે છે. એરપોર્ટની અંદર સ્વતંત્ર બોન વોયેજ આઉટલેટ્સ.

રણવિજયે તેની મનપસંદ ગ્રૂમિંગ પ્રોડક્ટ જાહેર કરી, જે વ્હિસ્કર્સ ઈન્ડિયાનું એલોવેરા આધારિત ઓલ સીઝન બોડી લોશન છે. નીજા શાહ ગોસ્વામી, સીઈઓ, વ્હિસ્કર્સ ઈન્ડિયા કહે છે, 'રણવિજયને વ્હિસ્કર્સ ઈન્ડિયાના નવા માર્કેટિંગ અને પ્રોડક્ટ લોન્ચ કરવામાં ખૂબ રસ છે. તે એક આદર્શ ભાગીદાર છે અને માત્ર બ્રાન્ડ એમ્બેસેડર નથી.'

તેણીએ ઉમેર્યું, "તે એક શિસ્તબદ્ધ સૈન્ય બાળક છે. શિસ્ત પણ તેની ગ્રૂમિંગ રૂટીનનો એક ભાગ છે. તે વ્હિસ્કર્સ ઈન્ડિયા તરફથી ચહેરા અને દાઢીની સંભાળની નિયમિતતાનો નિયમિત ઉપયોગ કરે છે. તેમની ઓલ ટાઈમ ફેવરિટ પ્રોડક્ટ છે વ્હિસ્કર્સ ઈન્ડિયાનું એલોવેરા આધારિત ઓલ સીઝન બોડી લોશન," વ્હિસ્કર્સ ઈન્ડિયા અને બોન વોયેજના બ્રાન્ડ સહયોગ પર રણવિજય જણાવે છે.

## NEWS TRACK

### દાહોદ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-2024 યોજાશે

દિપક રાવલ દાહોદ : વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩ થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનો નામાંકન વધારવા માટે શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાઈ હતી. જે પરંપરાને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગળ વધારતા ચાલુ શૈક્ષણિક વર્ષ-૨૦૨૪ના શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૬ જૂન થી ૨૮ જૂન ૨૦૨૪ દરમિયાન યોજવાનું આયોજન કર્યું છે. દાહોદ જિલ્લાના બાળકો માટે શાળાઓ, આંગણવાડીઓમાં પ્રવેશનો દિવસ યાદગાર અને એક અનેરો ઉત્સવ બની રહે તે માટે શાળા પ્રવેશોત્સવને મહાઉત્સવ બનાવવા પદાધિકારી-અધિકારીઓને સમગ્ર જિલ્લાની વિવિધ શાળાઓ ફાળવવામાં આવી છે.

### જામનગર જિલ્લામાં તા.26 થી 28 જૂન સુધી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરાશે

વિશાલ જે હરવરા જામનગર : જામનગર તા.૨૫ જૂન, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ત્યારે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ સમગ્ર રાજ્યમાં ઉલ્લાસમય શિક્ષણની થીમ સાથે તા.૨૬ થી ૨૮ જૂન દરમિયાન ૨૧મો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ૨૦૨૪-૨૫ની ઉજવણી કરાશે. ગુજરાતનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શરૂ કરવામાં આવેલા શાળાપ્રવેશોસત્વ કાર્યક્રમની ઉજવણી જામનગર જિલ્લામાં તા.૨૬થી ૨૮ જૂન દરમિયાન કરવામાં આવશે.

### પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડનોં પ્રવાસ કાર્યક્રમ

દાહોદ :- સમગ્ર રાજ્ય સહિત દાહોદ જિલ્લામાં તા.૨૬,૨૭ અને ૨૮ જૂન-૨૦૨૪ દરમિયાન ૨૧ મા તબક્કાનો શાળા પ્રનાવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાનાર છે. જેમાં ગુજરાત સરકારના પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ ખાસ ઉપસ્થિત રહેનાર છે. તા. ૨૬મી જૂન ૨૦૨૪ને બુધવારના રોજ મંત્રીશ્રી દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા સ્થિત ઝાબીયા પ્રાથમિક શાળા, રેબારી પ્રાથમિક શાળા તેમજ ભથવાડા પ્રાથમિક શાળા ખાતે ભૂલકાઓ અને વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે. પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ તા.૨૭મી જૂન, ૨૦૨૪ને ગુરૂવારના રોજ ધાનપુર તાલુકાની માળ ફળિયા વર્ગ,સીમામોઈ, સજોઈ પ્રાથમિક શાળા તેમજ એસ. એફ. શાહ હાઈસ્કૂલ ખાતે ઉપરાંત તારીખ ૨૮ મી જૂન ૨૦૨૪ ના રોજ લીમખેડા તાલુકાની ઘુટિયા પ્રાથમિક શાળા, જાદા ખેરીયા પ્રાથમિક શાળા તેમજ મોટી બાંડીબાર પ્રાથમિક શાળા ખાતે બાળકોને શાળા પ્રવેશ કરાવશે.

### જામનગરના પોલીસ તંત્ર દ્વારા તેરા તુજકો અર્પણના પ્રોજેક્ટ હેઠળ એક આસામીનો 6 લાખનો મુદ્દા માલ પરત અપાવ્યો

વિશાલ જે હરવરા જામનગર : જામનગર તા ૨૫, જામનગર જિલ્લા ના પોલીસ તંત્ર દ્વારા શહેરના ગરીબ અને જરૂરિયાતમંદ નાગરિકો માટેના લોન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, સાથો સાથ 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત જે કોઈ આસામી જે જેની મિલકત અથવા મુદ્દા માલ પોલીસ તંત્ર પાસે જમા પડેલો હોય, તેને પરત અપાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે પૈકી ૨૦૧૨ ની સાલથી એક આસામીનો રૂપિયા ૬ લાખનો મુદ્દા માલ પોલીસ દ્વારા કબ્જે કરાયો હતો, જે ચોરીનો મુદ્દામલ અદાલત મારફતે પરત અપાવવા માટેની કાર્યવાહી કરી હતી, અને ગઈકાલે એક આસામી મુદ્દામાલ અદાલતની કાર્યવાહીના અંતે 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ હેઠળ પોલીસે પરત અપાવ્યો છે. જામનગરના કોઈ નાગરિકો કે જેઓ વ્યાજખોરોની ચુંગાલમાં ફસાઈ ગયા હોય, તેમ જ ઓનલાઈન એપ્લિકેશન મારફતે લોન મેળવવાના બહાને કોઈ ચિટર ટોળકીના શિકાર બન્યા હોય, તે પ્રકારની ફરિયાદ કરવા માટેનું લોન મેળાના સ્થળ પર એક વિશેષ ટેબલ રાખવામાં આવ્યું હતું.


### બાલાની વાવ મહુવા ઉના નેશનલ હાઇવે રોડની બાવળની ઝાડીમાંથી પ્રૌઢની લાશ મળી આવી

કિશોર આર. સોલંકી-જાફરાબાદ : જાફરાબાદ તાલુકાના બાલાની વાવ ગામની સામે મહુવા ઉના નેશનલ હાઈવે દક્ષિણ દિશા તરફ બાવળની ઝાડીમાં તા/૦૧/૦૬/થી તા/૨૩/૦૬/ દરમિયાન દિલુભાઈ દડુભાઈ વરૂ (ઉ.વ.૩૯) બાલાની વાવ ગામથી ભાવનગર જવા નિકળેલ હતા પરંતુ ત્યાં પહોંચેલ નહીં અને તેમની (હાડપિંજર) તા-૨૩-૬-ના બાલાની વાવ ગમની સામે હાઈવે રોડથી દક્ષિણ તરફ બાવળની ઝાડીઓમાં થી મળી આવેલ હોય અને તેમને કોઈ પણ કારણોસર મોત થયેલ હોય અને તેમનાં શરીરે જંગલી પશુઓએ ફાડી ખાધેલ હોય જે અંગે રવિરાજ બાલાભાઈ વરૂ એ નાગેશ્રી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

### જાફરાબાદના રોહિશાની મહિલા પોતાની બિમારીથી કંટાળી જતા ગળાફાંસો ખાવાની કોશિશ કરતા સારવાર માટે દવાખાને ખસેડાઇ


કિશોર આર. સોલંકી-જાફરાબાદ : જાફરાબાદ મરીન પોલીસ વિસ્તારમાં રોહિશા ગામે રહેતી રૂપાબેન મોહનભાઈ બાંભણિયા ની દિકરી સાનુબેન નિલેશભાઈ સાંખટ (ઉ.વ.૨૩) ને આંચકી ની બિમારી હોય આ બિમારીના લીધે પોતે કંટાળી જઈ તા/૨૨/૦૬/૨૦૨૪ ના રોજ બોપરના પોતાના ઘરે પંખા સાથે ચુંદડી બાંધી પોતે ગળાફાંસો ખાવાની કોશિશ કરતા સારવાર માટે દવાખાને ખસેડાઈ.

### મુખ્ય શિક્ષક સંઘ પાટણની સાધારણ સભા અને નિવૃત મુખ્ય શિક્ષક સન્માન સમારોહ 2024



નીતિન ઠાકર-ચાણસ્મા : આજરોજ તારીખ 23 જૂન 2024 ને રવિવારના રોજ સચ્ચિદાનંદ આશ્રમ ચાણસ્મા મુકામે મુખ્ય શિક્ષક સંઘ ના આયોજન હેઠળ મુખ્ય શિક્ષક સંઘ પાટણની વર્ષ 2023-24 ની સાધારણ સભા અને નિવૃત મુખ્ય શિક્ષક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું.જેમાં પાટણ જિલ્લાના તમામ તાલુકાઓમાંથી મુખ્ય શિક્ષક મિત્રો હાજર રહ્યા . સૌપ્રથમ તમામ મિત્રોનું રજિસ્ટ્રેશન કરી સરસ્વતી માતાની પ્રાર્થના કરવામાં આવી. શરૂઆત માં શિક્ષણક્ષેત્રમાં કામકરતા હોય અને અકાળે અવસાન પામેલ કાર્યકર્તામિત્રો માટે મૌન પ્રાર્થના કરવામાં આવી. આજના કાર્યક્રમમાં ૬ નિવૃત્ત મુખ્ય શિક્ષક મિત્રોનું મોમેન્ટો અને સાલ આપી સ્વાગત કરવામાં આવ્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654



# પોલીસ એલર્ટ : ધરમપુરના વિલ્સન હિલ પર જોખમી સ્ટંટ કર્યા તો ખેર નથી, પોલીસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે...

વલસાડ | વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા વિસ્તાર ચોમાસા ની સીઝનમાં સોળે કળાએ ખીલી ઉઠે છે. ધરમપુરના વિલ્સન હિલ ખાતે ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત આજુબાજુના વિસ્તારમાં રહેતા સહેલાણીઓ મોટી સંખ્યામાં વિલ્સન હિલ અને આજુબાજુના વિસ્તારની મુલાકાતે આવતા હોય છે. જેમાં બાઇક રાઈડર્સ મોટી સંખ્યામાં આવતા હોય છે. ગત વર્ષોમાં બાઇક રાઈડર્સ બાઇક ઉપર સ્ટંટ કરતા હોવાના ઘણા વિડીયો વાયરલ થયા હતા. જેને લઈને ધરમપુર પોલીસે કાર્યવાહી કરવી પડી હતો. જેથી ચાલુ વર્ષે ચેકપોસ્ટ અને ચેકીંગ પોઈન્ટ બનાવી આવા સહેલાણીઓ સામે કાયદેસર કાર્યવાહી કરશે. ચોમાસાની શરૂઆત થતા વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાઓમાં આવેલ હિલ સ્ટેશન અને કુદરતી સૌંદર્ય સહેલાણીઓને ખેંચી લાવે છે. ગુજરાત રાજ્ય અને મહારાષ્ટ્ર સહિત આજુબાજુના રાજ્યોમાંથી મોટી સંખ્યામાં સહેલાણીઓ વિલ્સન હિલની મુલાકાત લેતા હોય છે. મહારાષ્ટ્ર અબે અન્ય રાજ્યોમાંથી આવતા સહેલાણીઓ વિલ્સન હિલ ખાતે દારૂની મહેફિલ માણતા હોવાનું અને બાઈકર્સ જાહેરમાં સહેલાણીઓને જીવ જોખમાય તે રીતે સ્ટંટ કરતા હોવાની ઘટનાઓ બનતી હોય છે.ગત વર્ષોમાં વિલ્સન હિલ અને અન્ય પર્યટક સ્થળો ખાતે બાઇક રાઈડર્સ દ્વારા અન્ય લોકોના જીવને જોખમમાં મુકાય તેવા જોખમી સ્ટંટ કરતા હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં ઘણા વાયરલ થયા હતા. જેને લઈન ઘણા બાઇક રાઈડર્સ સામે ધરમપુર પોલીસે કાયદેસર કાર્યવાહી પણ કરી બાઇક રાઈડર્સને ટ્રાફિકના નિયમોના પાઠ ભણાવ્યા હતા. જેથી ચાલુ વર્ષે વલસાડ જિલ્લા પોલીસ દ્વારા વિલ્સન હિલ રોડ ઉપર ચેકપોસ્ટ અને પોલીસ પેટ્રોલિંગ ગોઠવી જાહેરમાં સ્ટંટ કરતા બાઇક રાઈડર્સ અને દારૂની મહેફિલ માણતા સહેલાણીઓ સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. જેથી અન્ય રાજ્યોમાંથી તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવતા સહેલાણીઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને નશાબંધીનાં કાયદાનું ચુસ્ત પણે પાલન કરવા અનુરોધ કર્યો હતો.

## ન્યૂઝ કોર્નર

### અમરેલીમાં I-20માં આગ લાગતા કાર ભડકે બળી, ચાલકનો બચાવ થયો...

અમરેલી | અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ વચ્ચે દામનગર શહેરમાં રાફડા ચોકડી ઉપર કારમાં આગ લાગવાનો બનાવ સામે આવ્યો છે. દામનગરનો યુવક કાર લઈને પસાર થતો તે દરમ્યાન અંદર કોઈ કારણોસર આગ લાગી હતી. જોકે, યુવક નીચે ઉતરી જતા આબાદ બચાવ થયો હતો. જ્યારે કારમાં જોતજોતામાં આગ વધુ વકરી જતા માર્ગ ઉપર અફડા તફડી મચી હતી. સીએનજી કાર હોવાને કારણે સ્થાનિકો વાહન ચાલકોમાં વધુ ચિંતા પ્રસરી ગઈ હતી. ઘટનાની જાણ થતાં નગરપાલિકા ફાયર વિભાગની ટીમ પહોંચી પાણીનો મારો ચલાવ્યો હતો. જોકે તે પહેલાં મોટાભાગે આગ વધુ વકરી ગઈ હોવાને કારણે કાર બળીને ખાખ થઈ હતી. ઘટનાની જાણ થતાં દામનગર પોલીસની ટીમ પણ દોડી ગઈ હતી અને ટ્રાફિક દૂર કરી આગ કેવી રીતે લાગી તેને લઈ તપાસ હાથ ધરી.
અમરેલી જિલ્લામાં કાર ટ્રકમાં આગ લાગવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે, હાઈવે અને ચાલુ કાર વાહનોમાં આગ લાગવાના બનાવો સામે આવી રહ્યા છે.

### ટામેટા ભરેલ પિકઅપ ડાલું 40 ફૂટ નીચે ખાબક્યું

સાબરકાંઠા | સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે પર આજે સવારે રાજસ્થાનથી અમદાવાદ ટામેટા ભરીને જતું પિકઅપ ડાલું રેલવે ઓવરબ્રિજ પરથી ખાબકતા ટામેટા વેર-વિખેર થઈ ગયા હતા. અકસ્માતમાં ચાલક અને માલિકનો આબાદ બચાવ થયો હતો.
આ અંગેની વિગત એવી છે કે, રાજસ્થાનના કોટાના બુંદીથી પિકઅપ ડાલામાં ટામેટા ભરીને વેચાણ માટે અમદાવાદ શાકમાર્કેટમાં જઈ રહ્યું હતું. દરમિયાન મંગળવારે સવારે પ્રાંતિજના રેલવે ઓવરબ્રિજ પરથી આકસ્મિક પિકઅપ ડાલું 40 ફૂટ ખાબકીને ખેતરમાં પડ્યું હતું. જેને લઈને ટામેટા વેરવિખેર થઈ ગયા હતા.આ અકસ્માતની ઘટનામાં ચાલક અને માલિક બંનેનો આબાદ બચાવ થયો હતો.

## દેવગઢ બારીયાની પાનમ નદીમાં ટ્રેક્ટર તણાયું, ચૂડાનો વાંસલ ડેમ ઓવરફલો, ચાર દિવસ પાંચ જિલ્લામાં રેડ એલર્ટ...

# રાજ્યમાં મેઘરાજાની ધબધબાટી : રેડ એલર્ટ...



સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધી પડેલા વરસાદના આંકડા

| તાલુકો | વરસાદ |
|---|---|
| વિસાવદર | 48 |
| ડેસર | 48 |
| કાલોલ | 32 |
| સાવલી | 27 |
| જાંબુઘોડા | 24 |
| વડિયા | 16 |
| ગળતેશ્વર | 16 |
| હાલોલ | 15 |
| ઘોઘંબા | 14 |
| આણંદ | 11 |
| ગારીયાધાર | 10 |
| મહેમદાવાદ | 10 |

### નદીમાં ટ્રેક્ટર તણાયું

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના બૈણા ગામે પાનમ નદીમાં ટ્રેક્ટર તણાયાની ઘટના સામે આવી છે. ઉપરવાસમાં વધુ વરસાદના કારણે પાનમ નદીમાં અચાનક આવ્યું પુર આવ્યું છે. જેના કારણે નદીમાં રેતી ભરવા ગયેલા ટ્રેક્ટર ચાલક સહિત અન્ય એક નદીમાં ફસાયા છે.
સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડામાં એક જ રાત્રીમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના લીધે વાંસલ ડેમ ઓવરફ્લો થયો હતો. ચૂડામાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.
જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં પણ રાત્રી દરમિયાન દોઢ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે વઢવાણ, લીંબડી, થાન અને ધ્રાંગધ્રામાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. અને સારા વરસાદના પગલે ખેડૂતોમાં ખુશીની લહેર દોડી જવા પામી હતી. જ્યારે સુરેન્દ્રનગર શહેરમાં અડધા ઈંચ વરસાદમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા.

નડિયાદ | દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ ચોમાસુ મધ્ય-ઉત્તર ગુજરાતમાં પ્રવેશ્યું છે. ગતરોજ સૌરાષ્ટ્રને ધમરોળ્યા બાદ મોડી રાતથી મધ્ય-ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર સહિત રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા સુધી રાજ્યના 153 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ખેડા જિલ્લના માતરમાં પાંચ ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. તો આજે સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધી રાજ્યના 59 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં મોડી રાતથી મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. મધ્ય ગુજરાતના ખેડા, આણંદ સહિત અમદાવાદમાં મોડી રાત્રે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. અમદાવાદ શહેરમાં બે કલાકમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી દેતાં અનેક જગ્યાએ પાણી ભરાવા સાથે જાડ ધરાશાયી થયા હતા.

### ચૂડાનો વાંસલ ડેમ ઓવરફલો

સુરેન્દ્રનગર જિલ્લામાં મેઘરાજા મનમૂકીને વરસી રહ્યા છે. ચૂડા તેમજ ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને પગલે વાંસલ ડેમ ઓવરફ્લો થયો છે. જેના લીધે તંત્ર દ્વારા નીચાણ વાળા ગામોને એલર્ટ કરાયા છે.
યાત્રાધામ ડાકોરમાં આજે પડેલા વરસાદના કારણે બજારને જોડતા મુખ્ય માર્ગો અને બજાર વિસ્તારમાં વરસાદી પાણી ભરાયા હતા. જેના કારણે લોકોને કપડા ઊંચા કરી ચાલવાની નોબત આવી હતી. તો આ વરસાદી પાણી ભરાઈ જતાં સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રથમ વરસાદ અને એ પણ સામાન્ય વરસાદે ડાકોર વાસીઓની સ્થિતિ કફોડી બનાવી છે.
વલસાડ તાલુકામાં 25 જુનના રોજ સવારે 6 કલાકે પુરા થતા 24 કલાકમાં માં વલસાડ તાલુકામાં 37 mm વરસાદ નોંધાયો હતો. વલસાડ તાલુકામાં બપોરે પડેલા વરસાદમાં છીપવાડ દાણા બજાર, હનુમાનજી મંદિર, રેલવે અંડર પાસ, મોગરાવાડી રેલવે અંડર પાસ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જેને લઈને વાહન ચાલકોએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

### વિસાવદરમાં બે ઈંચ ખાબક્યો:

વિસાવદરમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ શરૂ થયો છે. સવારના 6 વાગ્યાથી 10 વાગ્યા સુધીમાં બે ઈંચથી વધુ વરસાદ ખાબકતાં ચારે તરફ પાણી જ પાણી જોવા મળી રહ્યા છે.
છોટા ઉદેપુર જિલ્લામાં સતત ત્રણ દિવસથી મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. આજે વહેલી સવારથી જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. પાવી-જેતપુરના ખાતે ઝરમર વરસાદ વરસ્યો હતો. જ્યારે જિલ્લાના બાકીના વિસ્તારમાં વરસાદી છાંટા જોવા મળ્યા હતા. છોટા ઉદેપુર જિલ્લામાં બે દિવસથી સારો વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે સતત ત્રીજા દિવસે વહેલી સવારથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. બે દિવસથી પડી રહેલા વાવણી લાયક વારસાદને લઈને ખેડૂતોમાં ખુશી હોવા મળી રહી છે.

### સાબરકાંઠામાં સાત તાલુકામાં વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં આઠમાંથી સાત તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ ખેડબ્રહ્મા અને સૌથી ઓછો વરસાદ તલોદમાં નોંધાયો હતો. જ્યારે વિજયનગર, ઈડર, હિંમતનગર અને વડાલીમાં અડધો ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. પ્રાંતિજ અને તલોદમાં વરસાદી ઝાપટા પડ્યા હતા.
હિંમતનગર, વડાલી, ઈડર, વિજયનગર, પ્રાંતિજ અને તલોદમાં રાત્રી દરમિયાન ભારે ગાજવીજ અને પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેને લઈને રોડ પર પાણી વહેતું જોવા મળ્યું હતું. મોડી રાત્રે મહીસાગર જિલ્લામાં વિરપુર પંથકમાં પવન અને વીજળીના ચમકરા સાથે કેટલાક સ્થળે છુટાછવાયા હળવા વરસાદની શરૂઆત થઈ હતી. જેમાં વિરપુર આસપાસના ગામો ડેભારી, ધોળી, દાંતલા સહિતના ગામોમાં મેઘરાજાનું આગમન થયું હતું.

## હળવદમાં ધરાર પ્રેમીએ યુવતીને આપી ફોન ઉપર ધમકી અપાવી

(એજન્સી) મોરબી | તા.24

હળવદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતીની સગાઈ થઈ ગયેલ હોવા છતાં ધરાર એક તરફી પ્રેમીએ તેને ફોન કરીને સગાઈ નહીં તોડે તો તેને જાનથી મારી નાખશે તેવી ધમકી આપી હતી. તે ધરાર પ્રેમી યુવતીનો પીછો કરતો હતો જેથી ભોગ બનેલ યુવતીની માતાએ હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે. તેના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી છે.
હળવદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતીનો પીછો કરીને ધરાર પ્રેમી તેને હેરાન કરતો હતો. જેથી કરીને હાલમાં ભોગ બનેલી યુવતીની માતા દ્વારા હળવદ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અતુલ પરસોત્તમભાઈ તારબુંદીયા રહે.કૃષ્ણનગર તાલુકો હળવદવાળાની સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, તેની દીકરીની સગાઈ થઈ ગયેલી છે અને એક તરફી પ્રેમમાં આરોપી અતુલભાઈ તારબુંદીયા તેની દીકરી સગાઈ નહીં તોડે તો જાનથી મારી નાખશે તેવી ધમકી આપે છે અને તેનો પીછો કરે છે. જેથી કરીને હાલમાં ભોગ બનેલી યુવતીની માતાએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે આઈપીસી કલમ 354 (ડી), 506 (2), (BNS કલમ 78, 351 (2) મુજબ ગુનો નોંધીને આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ‘હાયરે...GEB હાય...હાય’ : સુરતમાં વીજળી જતા લોકોના ગાદલાં-ગોદડાં સાથે GEBની મુખ્ય ઓફિસમાં ધામા નાખ્યાં

સુરત | સુરતમાં ચોમાસામાં પાવરકટની સમસ્યાથી શહેરના ઘણા વિસ્તારના લોકો હેરાન થાય છે. આવી જ ઘટના સોમવારે મોડીરાત્રે શહેરના પુણાગામ વિસ્તારમાં આવેલી સમ્રાટ સોસાયટીમાં બની હતી. સમસ્યાથી કંટાળી સમ્રાટ સોસાયટીના રહીશો અનોખો વિરોધ કરવા જીઈબીની મુખ્ય કચેરી પર ગાદલાં અને ગોદડાં લઈને પહોંચી ગયા હતા. ઘરેથી થાળી-ચમચી લઈને પહોંચેલા રહીશોએ થાળી વગાડીને રામધૂન પણ બોલાવી વિરોધ વ્યક્ત કર્યો. તેમજ હાય રે જીઈબી હાય હાયના સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. સુરત શહેરમાં જીઈબી સ્માર્ટ મીટર અને વીજળી બિલને લઈ વિવાદમાં છે તો બીજી બાજુ પાવરકટની સમસ્યાથી પણ લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. જ્યારે પણ હળવો વરસાદ થાય ત્યારે વીજળી કટ થવાની સમસ્યાથી લોકો મુશ્કેલમાં મુકાય છે. ત્યારે સુરત શહેરના પુના ગામ વિસ્તાર ખાતે આવેલી સમ્રાટ સોસાયટીમાં મોડીરાત્રે



જ્યારે પાવરકટની સમસ્યા ઊભી થતા સોસાયટીના રહીશો ગાદલાં-ગોદડાં સાથે દક્ષિણ ગુજરાત વીજ કંપની, યોગીચોકના પેટા વિભાગીય કચેરી ખાતે પહોંચ્યા હતા. જીઈબીની કચેરી બહાર થાળી વગાડીને અનોખો વિરોધ કર્યો હતો. તેઓએ રામધૂન કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. સ્થાનિકોએ જણાવ્યું હતું કે, રોજે પાવર કટ થાય છે.
સોસાયટીના પ્રમુખ સંજયભાઈ લુણાગરિયાએ જણાવ્યું હતું કે, અમારી સોસાયટીમાં માત્ર ત્રણ દિવસ જ પાવર આપે છે. રોજ રાત્રે 9થી 10 વાગ્યા સુધીમાં પાવર કટ કરે છે. ત્યારપછી મેસેજ મોકલી આપે છે કે, પાવર રાત્રે બે વાગ્યે અથવા તો ત્રણ વાગ્યે આવશે. ઓફિસમાં લોકો ફોન પર કોઈ રિસ્પોન્સ આપતા નથી. જ્યારે અધિકારીને ફોન કરીએ છીએ ત્યારે તેઓ કહે છે કે, અમે કામમાં છીએ. કોઈ સંતોષપૂર્વક જવાબ આપતા નથી. વધુમાં જણાવ્યું હતું કે, આ લોકો પ્રાઈવેટ કંપની કરતાં પણ વધારે ભાવ લે છે. પરંતુ સુવિધા કોઈપણ પ્રકારની આપતા નથી. હજી તો આ લોકો મીટરમાં સીમકાર્ડ લાવવાના છે. પહેલાં ક્યાં પાવર કટ થઈ જાય તેવી ટેક્નોલોજી લાવવાના છે. લોકોને ઉલ્લુ બનાવવા અને ગુમરાહ કરવાની વાતો કરે છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### તંત્રએ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ દૂર કરવામાં આવ્યું...

પંચમહાલ | પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ઉજડા ગામે સરકારી જમીનમાં પાકા દબાણોને દૂર કરવાની નોટીસ આપ્યા બાદ આખરે તાલુકા વહીવટી તંત્રની હાજરીમાં જેસીબી મશીન વડે 26 જેટલા રહેણાંક દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. પંચમહાલ જિલ્લા શહેરા તાલુકાના ઉજડા ગામે સરકારી જમીનમાં પાકા રહેણાંક પાકા દબાણો હોવાની જાણ પંચાયત તંત્રને થતા સમગ્ર મામલાની જાણ તાલુકા તંત્રને કરવામા આવી હતી.

### તારો પતિ મરી ગયો છે મને તારા પતિની જેમ રાખ...!! સસરાની ખરાબ માગ

વડોદરા | વડોદરાની એક પરિણીતાએ ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગત તારીખ 10 માર્ચે હું મારા ઘરે સવારે વાસણ ગોઠવતી હતી. તે દરમિયાન મારા સસરા અચાનક પાછળથી આવ્યા હતા અને મને પકડી લઈ મારી સાથે સારી અડપલા કરી ગળાના ભાગે કિસ કરી હતી. મારા સસરાએ મને જણાવ્યું હતું કે તારો પતિ મરી ગયો છે. જેથી મને તારા પતિની જેમ રાખ.. તારા પતિનો જેવા તમામ સુખ તને આપીશ. સસરાનું આવું વર્તન જોઈને પરિણીતા સ્તબ્ધ થઈ ગઈ હતી.

## ડબલ સવારી બાઇક સ્લીપ થતાં બે યુવકો રોડ પર પટકાયા : 1નું ટ્રક નીચે આવતા મોત થયું

(એજન્સી) મોરબી | તા.24

માળીયા-કચ્છ હાઈવે રોડ ઉપર આવેલ હોનેસ્ટ હોટલની સામે પેટ્રોલ પંપની બાજુમાંથી કચ્છ તરફથી ડબલ સવારી બાઈકમાં બે મિત્રો મોરબી બાજુ આવી રહ્યા હતા. ત્યારે રસ્તા ઉપર તેમનું બાઇક સ્લીપ થઈ ગયું હતું અને ત્યાર બાદ પાછળથી આવી રહેલા ટ્રકચાલકે ટ્રકના તોતિંગ ટાયર એક યુવાન ઉપર ફેરવી દેતા તેનું ઈજાઓ થવાના કારણે મોત નીપજ્યું હતું. હાલમાં અકસ્માતના આ બનાવ સંદર્ભે પોલીસે ફરિયાદ લઈને ટ્રકચાલક સામે ગુનો નોંધી આરોપીને પકડવા માટે તજવીજ શરૂ કરી હતી.
મોરબી તાલુકાના જુના જાંબુડીયા ગામે ધર્મભૂમિ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ વાલજીભાઈ પડાયા જાતે વણકર (36)એ હાલમાં ટ્રક નંબર જીજે-12-એઝેડ-5956ના ચાલક સામે માળિયા મીયાણા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, કચ્છ-મોરબી નેશનલ હાઈવે રોડ ઉપર આવેલા હોનેસ્ટ હોટલની સામે પેટ્રોલ પંપની બાજુમાંથી તેઓ કચ્છ તરફથી મોરબી બાજુ આવી રહ્યા હતા અને ત્યારે તેનો મિત્ર સંજય અંબારામભાઈ સોલંકી (37) રહે. નીચી માંડલ ગામ તાલુકો મોરબી વાળો બાઈક નંબર જીજે-36-એજી-1138 ચલાવતો હતો.
સંજયભાઈએ બાઈકના સ્ટીયરિંગ ઉપરથી કાબૂ ગુમાવતા રસ્તા ઉપર બાઈક સ્લીપ થઈ ગયું હતું અને ત્યારે પાછળના ભાગમાં આવી રહેલા ટ્રક નંબર જીજે-12-એઝેડ-5956ના ચાલકે સંજયભાઈના શરીર ઉપરથી ટ્રકના ટાયર ફેરવી દેતા સંજયભાઈને ગંભીર ઈજા થવાથી તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત મૃત્યુના બનાવ સંદર્ભે હાલમાં સુરેશભાઈએ નોંધાવેલી ફરિયાદ આધારે પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વધુમાં ફરિયાદી સુરેશભાઈ સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, કચ્છના આડેસર પાસે આવેલા ખાંડેલ ગામે રહેતા તેના મિત્રના માતા-પિતાનું થોડા સમય પહેલા અવસાન થયું હતું. તે બંને ત્યાં લૌકિકે ગયા હતા અને ત્યાંથી તે બંને પરત આવી રહ્યા હતા.

## વરસાદની આગાહીને પગલે તંત્ર સજ્જ : વડોદરા NDRFની વધુ 4 ટીમ ગીર સોમનાથ, દ્વારકા, ભાવનગર-નર્મદા જવા રવાના

(એજન્સી) વડોદરા | તા.25

રાજ્યમાં ભારે વરસાદની આગાહીને પગલે વડોદરાના જરોદ સ્થિત NDRFના હેડક્વાટર્સ ખાતેથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ટીમો મોકલવામાં આવી રહી છે. આજે વધુ 4 ટીમોને ગીર સોમનાથ, દ્વારકા, ભાવનગર અને નર્મદા જિલ્લામાં મોકલવામાં આવી છે. આ પહેલા વલસાડ, રાજકોટ અને કચ્છ જિલ્લામાં 3 ટીમો મોકલવામાં આવી હતી.
રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે અને આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને વરસે તેવી શક્યતા છે. જેને લઈને તંત્ર એલર્ટ થઈ ગયું છે અને ભારે વરસાદની સ્થિતિમાં પૂરની સ્થિતિને પહોંચી વળવા માટે તંત્ર સજ્જ બની ગયું છે અને વડોદરાના જરોદ NDRFની ટીમોને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં તહેનાત કરવામાં આવી રહી છે. વડોદરાના જરોદ NDRFની 4 ટીમોને ગીર સોમનાથ, દ્વારકા, ભાવનગર અને નર્મદા જિલ્લામાં મોકલવામાં આવી છે. આ પહેલા વલસાડ, રાજકોટ અને કચ્છ જિલ્લામાં 3 ટીમો મોકલવામાં આવી હતી. આમ અત્યારસુધીમાં કુલ NDRFની 7 ટીમને વિવિધ જિલ્લાઓમાં તહેનાત કરી દેવામાં આવી છે. ભારે વરસાદ અને પૂરની સ્થિતિ માટે તૈયાર છે.
દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ ચોમાસુ મધ્ય-ઉત્તર ગુજરાતમાં પ્રવેશ્યું છે. ગતરોજ સૌરાષ્ટ્રને ધમરોળ્યા બાદ મોડીરાતથી મધ્ય-ઉત્તર ગુજરાતમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર સહિત રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે.
ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારે 6 વાગ્યા સુધી રાજ્યના 153 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ખેડા જિલ્લના માતરમાં પાંચ ઈંચથી વધારે વરસાદ નોંધાયો હતો. તો આજે સવારે 6 વાગ્યાથી 10 વાગ્યા સુધી રાજ્યના 59 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે.



# મહુવામાં પ્રિ-મોન્સુનની કામગીરી અંગે નગરપાલિકાની પોલ ખુલી ગઇ

(એજન્સી) મહુવા | તા.25

મહુવામાં પ્રથમ વરસાદે જ ખાડે ગયેલી નગરપાલિકાની પોલ ખુલી ગઈ છે. આ સાથે તંત્ર દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી માત્ર કાગળ પર થઈ હોવાનુ જણાતા લોકોમાં તંત્ર સામે સખ્ત નારાજગી જન્મી છે.શહેરના જાહેર માર્ગો પર રવિવારે મામુલી વરસાદથી જ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. માર્ગો પર અને સોસાયટી વિસ્તારમાં ખુલ્લી ગટરો જોવા મળી રહેલ છે.

છેલ્લા ઘણા સમયથી મહુવા નગરપાલિકામાં રામરાજ્ય અને પ્રજા દુઃખી જેવો ઘાટ ઘડાયો છે.લોકમુખે થતી ચર્ચા મુજબ ભ્રષ્ટાચારથી ખદબદતી મહુવા પાલિકામાં ભાજપનું શાસન હોવા છતાં એકબીજા કાઉન્સિલરો વચ્ચે જાણે કે, મતભેદની નીતિ અપનાવાતા તેનો ભોગ જનતા ભોગવી રહી છે એવી પણ ચર્ચાઓ જાગી છે કે સત્તા પર બેઠેલા નેતાઓ જે કાઉન્સિલરોને પસંદ કરે તેના જ કામો આગળ ચાલવા દેવા અને બાકીના કાઉન્સિલરોમાં આડો પગ કરવો તેવું પાલિકામાં સત્તાધીશો કરી રહ્યા છે તેના કારણે અમુક વોર્ડમાં નગરપાલિકા દ્વારા કામ કરાતા નથી. તો વળી અમુક વિસ્તારોમાં દુષિત ગટર ગંગા વહી રહી હતી અને પાલિકા દ્વારા પ્રી મોન્સૂન કામગીરીના નામે માત્ર ચોપડે કરી બિલ બનાવ્યા હોય તેવી પણ ચર્ચા જાગી છે જો કે, આ કહેવું શક્ય જ છે. કારણ કે, જાહેર માર્ગો પર હાલમાં પણ અનેક જગ્યાએ ખુલ્લી ગટરો જોવા મળી રહી છે તો અગાઉ પાણીની લીકેજ લાઈનો નાખવા માટે ખોદાયેલા ખાડાઓ હજુ માત્ર કપચી નાખીને બુરી નખાયા છે તેમના પર આર.સી.સી.નું લેવલીંગ પણ કરાયુ નથી.

## ન્યુઝ ફ્લેશ

### ભાવનગર મહાપાલિકામાં 12 પોસ્ટમાં ઓર્ડર આપવામાં વિલંબ

ભાવનગર | ભાવનગર મહાપાલિકામાં કેટલાક માસ પૂર્વે ખાલી જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી હતી અને ઉમેદવારોની પરીક્ષા પણ લેવામાં આવી હતી, જેના કેટલાક વિભાગમાં કર્મચારીઓની પરીક્ષા લઈ નોકરી માટેના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે, જ્યારે ૧૨ ખાલી જગ્યા માટે પાસ થયેલ ઉમેદવારોને હજુ નોકરી માટેના ઓર્ડર આપવામાં નહીં આવતા ઉમેદવારોની ચિંતા વધી છે. ગત ફેબ્રુઆરી માસમાં પરીક્ષા લીધી હતી. આ પરીક્ષામાં કેટલાક ઉમેદવારો પાસ થયા છે પરંતુ કોઈ કારણસર હજુ ઉમેદવારોને ઓર્ડર આપવામાં આવ્યા નથી તેથી ઉમેદવારો કચવાટ કરી રહ્યા છે. મહાપાલિકાએ કયાં કારણોસર ઓર્ડર નથી.

### ભાવનગર-અલંગ યાર્ડ-મહુવાને જોડતી રેલવે યોજના અમલમાં મૂકવા રજૂઆત

ભાવનગર | કેન્દ્રએ વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટમાં રૂા. ૫૦૦૦ કરોડની જાહેરાત કરી છે ત્યારે સાગળમાળા અંતર્ગત ભાવનગર, ઘોઘા, અલંગ શિપ યાર્ડ, ગોપનાથ, તળાજા અને મહુવાને જોડતી રેલવે યોજના અમલમાં મૂકવાની રજૂઆત કરવામાં આવેલ છે. ભાવનગરના વિકાસ માટે જરૂરી જુદીજુદી માગણી અંગે વડાપ્રધાન, રાજ્યના મુખ્યમંત્રી, કેન્દ્રિય ગૃહમંત્રી અને રેલવે મંત્રીને વિસ્તૃત રજૂઆત કરતા જિલ્લા ભાજપ અગ્રણી અને વંદે માતરમ્ સેવા સંઘના પ્રમુખ કિશોરભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, ડીએમઆઈસી સાગરમાળાનો ૨૦૧૮ના રેલવે બજેટમાં ભાવનગર, અધેલાઈ, ધોલેરા, ખંભાત, ભરૂચનો સમાવેશ હોય તે ઝડપી અમલી થાય તેવું ભાવનગર મહારાજાનું સ્વપ્ન હતું.

### યુનિવર્સિટીના હિતમાં કાયમી કુલપતિની નિમણૂક કરવી જરૂરી : સરકારમાં રજૂઆત થશે

ભાવનગર | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની ગણીગાંઠી જગ્યાને બાદ કરતા તમામ હોદ્દાઓ ઈન્ચાર્જથી ચાલી રહ્યા છે. જે તંત્રની મોટી નબળાઇ જણાય છે. કાયમી અધિકારીઓની નિમણૂક કરવાથી નિર્ણયો પરિણામલક્ષી બને છે. પરંતુ અહિ ઈન્ચાર્જથી ચાલતી યુનિવર્સિટીના અનેક વિકાસ કામો લાંબા સમયથી અટકી પડયા છે. ખુદ વાઈસ ચાન્સેલરની સીટ પણ ઈન્ચાર્જથી ભરાયેલ છે ત્યારે પ્રથમ મુખ્ય સુકાની એવા વાઈસ ચાન્સેલરની કાયમી નિમણૂક કરવા કોંગ્રેસ કારોબારી સભ્ય રાજુ બેરડીયાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને રજૂઆત કરી છે.મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં વિવિધ વિભાગના હેડ હાલ નથી. ફેકલ્ટી ડીન અને એસી, ઈસી સભ્યો પણ હાલ નથી. કુલસચિવનું પદ ઈન્ચાર્જમાં છે. લીગલમાં પણ સક્ષમ અધિકારી નથી ખુદ કુલપતિનું પદ પણ લાંબા સમયથી ઈન્ચાર્જથી ચાલી રહ્યું છે.

### છેલ્લા લાંબા સમયથી મિલ્કતોને સીલ મારવાની કામગીરી સ્થગિત હતી

# તંત્રની ઉંઘ ઉડી: ફાયર સેફ્ટી ન હોવાથી 3 રેસ્ટોરન્ટ, 1 જીમ અને કોમ્પ્લેક્ષના 45 યુનિટ સીલ

(એજન્સી) ભાવનગર | તા.25



રાજકોટ અગ્નિકાંડના પગલે ભાવનગર મહાનગરપાલિકા તંત્રએ શહેરમાં શરૂ કરેલી ફાયર એનઓસી વગરની મિલ્કતો, એકમને સીલ મારવાની કાર્યવાહીને વેપારી વર્ગમાંથી ઉઠેલાં વ્યાપક વિરોધના પગલે બ્રેક માર્યા બાદ ફરી સીલિંગ કાર્યવાહી હાથ ધરી છે. જેમાં આજે મ્યુનિ. ફાયર વિભાગે ફાયર એનઓસી ન હોવાના કારણે ત્રણ રેસ્ટોરન્ટ, એક જીમ અને શહેરના વાઘાવાડી રોડ પર આવેલાં રેસ્ટોરન્ટ સહિતના 45 યુનિટવાળા કોમ્પ્લેક્ષને સીલ મારી દિધા હતા. તંત્રની અચાનક કામગીરીના પગલે વેપારીઓમાં દોડધામ મચી હતી. આગામી દિવસોમાં પણ આ કાર્યવાહી શરૂ રહેશે.

રાજકોટના ગેમઝોનની દુર્ઘટના બાદ ભાવનગર મહાપાલિકાએ શહેરભરમાં ફાયર સેફ્ટી સહિતના મામલે મિલ્કત, યુનિટોને સીલ મારવાની અને નોટિસ આપવાની કામગીરી હાથ ધરી હતી.તંત્રએ આડેધડ અને સમયમર્યાદ આપ્યા વગર મિલ્કતો અને યુનિટ સીલ મારતાં સ્થાનિક વેપારીઓએ ભારે વિરોધ કર્યો હતો. જેના પગલે મ્યુનિ.તંત્રને આ કામગીરીમાં સીલ મારવાની ફરજ પડી હતી. તો, કેટલાક કિસ્સામાં ફાયર સેફ્ટીની કામગીરી માટે પણ તંત્રએ મિલ્કતો અને યુનિટના સીલ ખોલી વિવાદને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો.ફાયર સુવિધા ન ધરાવતી મિલ્કતોને સીલ મારવાની કાર્યાવહીને હાલ બ્રેક હતી. તેવામાં આજે અચાનક એકાએક મ્યુનિ. તંત્રના ફાયર વિભાગે ફરી સીલ મારવાની કામગીરી હાથ ધરતાં વેપારીઓની દોડધામ મચી હતી.

ભાવનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વીસીઝ વિભાગે આજે ભાવનગર મહાનગરપાલિકા તથા બાડા વિસ્તારમાં આવેલ કુલ 5 બિલ્ડીંગ (એકમ) ને ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (ફાયર એન.ઓ.સી) ન હોવાના કારણે સીલ કરી હતી. જેમાં બુધેલ રોડ પર આવેલ ગ્રેવિટી રેસ્ટોરન્ટ, સની પાજી દા ધાબા, જગાભાઈ ગોપનાથવાળા ગાર્ડન રેસ્ટોરન્ટ એમ કુલ ત્રણ રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરના વાઘાવાડી રોડ પર આવેલ ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સ (ઓનેસ્ટ રેસ્ટોરન્ટ સહિત કુલ ૪૫ યુનિટ) તથા સરદારનગરમાં આવેલ રવી ફિટનેસ (જીમ)ને પણ ફાયર એનઓસી ન હોવાના કારણે સીલ માર્યા હતાં.

ઉલ્લેખનિય છે કે,આ બિલ્ડીંગ અને એકમોને ફાયર સેફ્ટી ન હોવાથી તેમને સુવિધા ઉપલબ્ધ કરાવવા મામલે મ્યુનિ. ફાયર વિભાગે નોટિસ આપી હતી તેમ છતા કામગીરી ન થતાં આજે સીલિંગ કાર્યાવાહી કરવામાં આવી હોવાનું સતાવાર સૂત્રોએ વિગત આપતાં જણાવ્યું હતું. મહત્વપૂર્ણ છે કે, સીલિંગ પર બ્રેક મારવાની વચ્ચે મ્યુનિ.તંત્રના ફાયર વિભાગે ફાયર સેફ્ટી સહિતના મામલે જે બિલ્ડીંગ-એકમને નોટિસ આપી છે અને તેમાં 15 દિવસનો સમય પૂર્ણ થયો છે તેમાં તપાસ કરવામાં આવી રહી છે પરંતુ ફાયર સેફ્ટીની કામગીરી શરૂ ન થઈ હોય તેવા બિલ્ડીંગ-એકમને સીલ મારવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ ફાયર સેફ્ટીના મામલે વધુ બિલ્ડીંગ-એકમને સીલ મારવામાં આવશે તેમ ફાયર વિભાગના સૂત્રોએ માહિતી આપતાં અતમાં જણાવ્યું હતું.

## પ્રભુદાસ તળાવમાં નજીવી બાબતે બે યુવાનને છરીના ઘા ઝીંકી દેવાયા

(એજન્સી) ભાવનગર | તા.25

શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં સામાન્ય બાબતે બોલાચાલી થયા બાદ ઘર નજીક છરી વડે કરાયેલ સામસામી હુમલામાં બે વ્યક્તિને ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના રૂખડિયા હનુમાન, કોળી જ્ઞાતિની વાડી, ટોલકીનગર, વીમાના દવાખાના નં.૪ની સામે રહેતા જીગરભાઈ માવજીભાઈ બારૈયા (ઉ.વ.૨૬) ગઈકાલે સાંજના સમયે તેમના ભાઈના સાસરે પાટા પાસે બહુચર માતાજીના મંદિર પાસે જતા હતા. ત્યારે સિંહ સર્કલથી આગળ પ્રભુદાસ તળાવ થઈ રવિ ઉર્ફે બાવો ખોડીદાસ દાણીધારિયા અને જતી નામનો શખ્સ ઝઘડો કરતા હોય, જેથી બન્નેને છોડાવવા વચ્ચે પડતા રવિ ઉર્ફે બાવો નામના શખ્સે ઉશ્કેરાઈ જઈ પેન્ટના નેફામાંથી છરી કાઢી માથા, હાથના બાવડા અને પડખાના ભાગે એક-એક તેમજ માથાના આગળના ભાગે અને હાથની આંગળીને છરીના ઘા ઝીંકી લોહિયાળ ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે જીગરભાઈ બારૈયાએ રવિ ઉર્ફે બાવો નામના શખ્સ સામે ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### અત્યાર સુધી ઝાડા-ઉલટીના 66 કેસ નોંધાયા

# આણંદ શહેરમાં પીવાના પાણીના 336 ક્લોરીન ટેસ્ટ કરાયાં



(એજન્સી) આણંદ | તા.25

આણંદ શહેરી વિસ્તારમાં અત્યારસુધીમાં ઝાડા-ઉલટીના કુલ ૬૬ કેસો નોંધાયા છે. જે પૈકી ચાર કેસ કોલેરા પોઝીટીવ આવ્યા છે. પીવાના પાણીના કુલ-૩૩૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૧૮ ટેસ્ટ પોઝીટીવ આવ્યા છે અને ૨૧૮ ટેસ્ટ નેગેટીવ આવ્યા છે.આણંદ જિલ્લા આરોગ્ય વિભાગની ટીમો દ્વારા આણંદ શહેર વિસ્તારમાં ઝાડા-ઉલટીના દર્દીઓની તપાસ સારવાર અને ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના જણાવ્યા મુજબ, આણંદ શહેરમાં અત્યાર સુધીમાં ઝાડા-ઉલટીના કુલ-૬૬ કેસ નોંધાયા છે. તે પૈકી ચાર કેસ કોલેરા પોઝીટીવ માલૂમ પડયા છે. આરોગ્ય વિભાગની ૨૫ ટીમો બનાવવામાં આવી છે, જેમાં ૪ મેડિકલ ઓફીસર અને ૫૦ પેરામેડિકલ સ્ટાફ કામ કરી રહ્યાં છે. આણંદ શહેરી વિસ્તારમાં અત્યાર સુધીમાં કુલ ૩,૧૬૮ ક્લોરીન ટેબ્લેટ અને ૨૪૦ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. પીવાના પાણીના કુલ-૩૩૬ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૧૮ ટેસ્ટ પોઝીટીવ આવ્યા છે અને ૨૧૮ ટેસ્ટ નેગેટીવ આવ્યા છે. પાણીના પાંચ સેમ્પલ લઈને ટેસ્ટ કરાવતા ૩ ટેસ્ટમાં પીવા લાયક જ્યારે બે ટેસ્ટમાં બીનપીવાલાયક માલૂમ પડયું છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વિવિધ વિસ્તારમાં ફરી ઝાડા-ઉલ્ટીના કેસની તપાસ કરવામાં આવી રહી છે.



## મહુડી ઘંટાકર્ણ મહાવીર મંદિરમાં કરોડોની ઉચાપતનો મામલો, હાઇકોર્ટે જાહેર હિતની અરજી ફગાવી

(એજન્સી) ગાંધીનગર | તા.25

સુપ્રસિધ્ધ યાત્રાધામ મહુડી સ્થિત ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી 130 કિલો સોનું ગાયબ થવા ઉપરાંત, કરોડો રૂપિયાની ખુદ કાર્યકારી ટ્રસ્ટીઓ સહિતના લોકો દ્વારા ઉચાપતના ગંભીર આક્ષેપો કરતી જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટે આજે ફગાવી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે અરજદારપક્ષને આ કેસમાં કોઈપણ પ્રકારની રાહત આપવાનો કે કેસની સુનાવણી કે દરમ્યાનગીરી કરવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. હાઈકોર્ટે અરજદારપક્ષને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'આ ચેરિટી કમિશનરની મેટર છે, એટલે તમે ત્યાં જાઓ.' એમ કહી અરજદારને આ મુદ્દાઓ ચેરિટી કમિશનર સમક્ષ જ ઉઠાવવા અને રજૂઆત કરવા નિર્દેશ કરી પીઆઈએલનો નિકાલ કર્યો હતો.અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, ચેરિટી કમિશનર સમક્ષ આ જ મુદ્દાઓ પર અલગ-અલગ ત્રણ અરજીઓ (કેસ) પેન્ડીંગ છે પરંતુ ત્યાં કોઈ નિર્ણય નહી આવતાં અરજદાર હાઈકોર્ટમાં આવ્યા છે.



## ચાની લારીની આડમાં ગાંજાનું વેચાણ કરતો શખ્સ પકડાયો

(એજન્સી) ગાંધીનગર | તા.25

ચાની લારીની આડમાં ગાંજાનું વેચાણ થતું હોવાનું બાતમીના પગલે ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ દરોડો પાડયો હતો અને ઈસનપુરના શખ્સને ઝડપી લઈને ગાંજો તેમજ મોબાઈલ કબજે કરીને ચિલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવ્યો હતો. હાલમાં નશામુક્ત ભારત અભિયાન હેઠળ પોલીસ દ્વારા નશીલા પદાર્થોનું વેચાણ કરતા તત્વોને શોધવામાં આવી રહ્યા છે અને આ પ્રકારની હેરાફેરી કરતી ટોળકીઓ ઉપર પણ નજર રાખવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી વાળા દ્વારા પણ સ્ટાફના માણસોને આ પ્રકારના ગુનાઓ અટકાવવા માટે તાકિદ કરવામાં આવી હતી. જેના પગલે એસ.ઓ.જીની પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, મગોડીના મોટા ઈસનપુર ખાતે રહેતો બાબુજી છબાજી ઠાકોર તેની ચાની લારીની દુકાનમાં ગાંજાનું પણ વેચાણ કરી રહ્યો છે.



## વણોતી ગામમાં ઓવરબ્રિજનું કામ ખોરંભે પડતા 12 ગામોને હાલાકી

(એજન્સી) ડાકોર | તા.25

ડાકોર પાસે આવેલા વણોતી ગામે ઓવરબ્રિજનું કામ ખોરંભે પડતા ગ્રામજનોને ચોમાસા દરમ્યાન હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી વણોતી ડાકોર ઓવરબ્રિજનું કામ બંધ રહેતા ૧૦થી ૧૨ ગામના રહીશોને ૩થી ૪ કિલોમીટર ફરીને ડાકોર જવું પડશે. ચોમાસા દરમ્યાન શેઢી નદીમાં પાણી આવતા ૧૦થી ૧૨ ગામાના રહીશોને ડાકોર જવા માટે ૩ કિલોમીટર ફરીને ડાકોર જવું પડશે. આ બાબતે વણોતીના ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ઘણા વર્ષોથી ડાકોર વણોતી ગામ વચ્ચે શેઢી નદી ઉપર પુલ આવેલો છે, જે નદીમાં ચોમાસા દરમ્યાન પાણી પુલ નિચાણવાળો હોવાથી તેમણે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સહિત ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી. જે માંગણીને ધ્યાને રાખી જિલ્લા માર્ગ મકાન વિભાગની ટેન્ડર પ્રક્રિયા બાદ જ્યોતિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમદાવાદની એજન્સીને આશરે સવા બે કરોડ ઉપરની રકમનું ટેન્ડર લાગ્યું હતું.



## ખેડા જિલ્લામાં બોર્ડની પૂરક પરીક્ષામાં 204 વિદ્યાર્થી ગેરહાજર રહ્યા

(એજન્સી) નડિયાદ | તા.25

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૨૪મીથી ધો.-૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષા શરૂ થઈ છે. ખેડા જિલ્લામાં બોર્ડની પૂરક પરીક્ષામાં આજે પ્રથમ દિવસે ધો.-૧૦માં ૧૪૮ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. જ્યારે ધો.-૧૨માં ૫૬ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.સમગ્ર રાજ્યની સાથે ખેડા જિલ્લામાં પણ આજથી એસએસસી (ધો. ૧૦) અને એચએસસી (ધો.૧૨) બોર્ડની પૂરક પરીક્ષાનો આરંભ થયો છે. આજે ધોરણ ૧૦માં ગુજરાતીના પ્રશ્નપત્ર માટે નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૩૬૫ હાજર રહ્યા હતા, જ્યારે ૧૪૮ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. જ્યારે અંગ્રેજીના પ્રશ્નપત્રમાં તમામ ચાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે ધોરણ ૧૨ની પૂરક પરીક્ષા માટે આંકડાશા વિષયમાં ૩૧૦ વિદ્યાર્થી હાજર જ્યારે ૫૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. આમ બોર્ડની પૂરક પરીક્ષામાં પ્રથમ દિવસે કુલ ૨૦૪ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા.

## ઉંદરા ગામના વેપારીએ લેણદારોના અસહ્ય ત્રાસથી ઝેરી દવા ગટગટાવી

(એજન્સી) નડિયાદ | તા.25

મહુધા તાલુકાના ઉંદરા ગામના વેપારીએ મહુધા, ભાનેર અને અલારસા ગામના ત્રણ શખ્સો પાસેથી વ્યાજે નાણાં ઉછીના લીધા હતા. જે અંગે વ્યાજ સહિત નાણાં ચૂકવી દીધા હોવા છતાં લેણદારો વધુ રકમની માંગ કરતા હતા. લેણદારોના ત્રાસથી કંટાળી વેપારીએ ઝેરી દવા પી લેતા નડિયાદની હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉંદરા ગામે રહેતા વેપારી અમિતકુમાર મુકુંદભાઈ પટેલે વર્ષ ૨૦૧૪માં નરેશ મણીભાઈ ઠક્કર (રહે. મહુધા) પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂ.૧૦ લાખ ઉછીના લીધા હતા. તેમણે રૂ. ૬૦થી ૭૦ લાખ પરત આપ્યા હોવા છતાં નરેશભાઈ એક કરોડ રૂપિયા લેવાના બાકી નીકળે છે કરી વધુ પૈસાની માંગણી કરતા હતા. જેથી તેમણે સંયુક્ત માલિકીની નવ વીઘા જમીનનો કબજા વગરનો બાનાખત કરી આપ્યો હતો. તથા કોરા ચેક નરેશભાઈને આપ્યા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૬માં નિકેશ સુરેશભાઈ પટેલ (રહે. ભાનેર) પાસેથી ૧૦ ટકા વ્યાજે રૂ.૧૦ લાખ લીધા હતા. જે પેટે વાર્ષિક રૂ.૧.૨૦ લાખ આપતા હોવા છતાં હજૂ રૂ.૮૦ લાખ બાકી નીકળતા હોવાનું જણાવી વધુ પૈસાની માંગણી કરતા હતા. જેથી નિકેશભાઈના ઓળખીતાને આઠ વીઘા જમીનનો દસ્તાવેજ કરી આપ્યો હોવા છતાં વધુ પૈસાની માંગણી કરતા હતા. જેથી વર્ષ ૨૦૧૮માં વિરલ ભીખાભાઈ પટેલ (રહે. અલારસા) પાસેથી ૧૦ ટકા વ્યાદે રૂ. ૨૫ લાખ વ્યાજે લીધા હતા. તેમને ગેરંટી પેટે કોરા ચેક અને જમીનનો બાનાખત કરી આપ્યો હતો. તેને રૂ.૬૦ લાખથી વધુની રકમ ચુકવ્યા છતાં વધુ નાણાની માંગણી કરતા હતા. જેથી જમીનમાં થયેલો તમાકુનો ભાગ પણ વિરલને આપી દીધો હતો.

### શહેરની ટૂંકી ગલી અને જૂના બસ સ્ટેન્ડ આસપાસ તંત્રની કાર્યવાહી

# આણંદ શહેરમાં 125 કાચા-પાકા દબાણો દૂર કરાયા : 40 ફૂટનો માર્ગ ખુલ્લો કરાયો

(એજન્સી) આણંદ | તા.25

આણંદ શહેરની ટૂંકી ગલી તથા જુના બસ મથકની આસપાસના વિસ્તારમાં સોમવારે પાલિકા દ્વારા દબાણ હટાવ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૨૫ જેટલા વધુ કાચા-પાકા દબાણો દૂર કરાયા હતા.

આણંદ પાલિકાની ટીમ દ્વારા સોમવારે ટૂંકી ગલી, સુપર માર્કેટ તથા જુના બસ મથકની આસપાસના વિસ્તારમાં દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાચા પાકા દબાણો પર બુલડોઝર ફેરવી દઈ ટૂંકી ગલી સહિત આસપાસના વિસ્તારમાં ખડકાયેલ ગેરકાયદેસર દબાણો દૂર કરી આશરે ૪૦ ફૂટનો માર્ગ ખુલ્લો કર્યો હતો. તેમજ જુના બસ મથકની આસપાસમાં ખડકાયેલા દબાણો દૂર કરવાની કામગીરી દિવસ દરમિયાન ચાલુ રહી હતી.

ઉલ્લેખનીય છે કે, અગાઉ શહેરની ટૂંકી ગલી તથા જુના બસ મથકની આસપાસ અનેકવાર તંત્ર દ્વારા દબાણો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે ગણતરીના દિવસોમાં જ પરિસ્થિતિ યથાવત્ થઈ જાય છે. આ અંગે આણંદ નગરપાલિકાના




ચીફ ઓફિસર એસ.કે. ગરવાલે જણાવ્યું હતું કે, સોમવારે ટૂંકી ગલી સહિત આસપાસમાંથી ૧૨૫ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા છે અને આ કામગીરી આગામી દિવસોમાં પણ જારી રહેશે. ટૂંકી ગલીમાં પુનઃ દબાણો ન ખડકાય તે માટે જરૂર પડયે પોલીસ બંદોબસ્ત મુકવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## ચિખોદરા ગામના ચકચારી હત્યા કેસમાં 7 શખ્સોની ધરપકડ

(એજન્સી) આણંદ | તા.25

ચિખોદરા ગામની સીમમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નજીક આવેલ મેદાનમાં ગત શનિવાર રાત્રિના સુમારે સામાન્ય બાબતે થયેલ તકરારમાં આણંદના એક યુવકની ચપ્પાના ઘા મારી કરાયેલ હત્યાના બનાવમાં આણંદ ગ્રામ્ય પોલીસે સાત શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ અર્થે રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. ચિખોદરા ગામની સીમમાં બુલેટ ટ્રેન બ્રીજ નજીક આવેલી મેદાનમાં પ્લાસ્ટીક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. ગત શનિવારના રોજ આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ હોવાથી આણંદથી ઈમરોઝ અબ્દુલરહીમ વ્હોરા પોતાના મિત્ર સલમાન મહંમદહનીફ વ્હોરા સાથે મેચ જોવા ગયા હતા. આ બનાવ અંગે ફરીયાદી ઈમરોઝ વ્હોરા સહિતના મુસ્લીમ અગ્રણીઓએ સોમવારે જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે પહોંચી કેટલીક કલમોનો ઉમેરો કરવા આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પહેલા જ્યારે ઝઘડો થયો ત્યારે ફક્ત બે જ યુવકો હતા. ત્યારબાદ આયોજીત કાવતરું રચી હુમલો કરી હત્યાને અંજામ આપવામાં આવ્યો છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.



**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.




**મિથુન (ક,છ,ઘ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.



**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.



**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.



**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.



**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.



**ધન (ભ,ધ,ફ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરૂણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

# સોનામાં વધુ ઘટાડો: વિશ્વ બજારમાં આંચકા પચાવી વધ્યું

(એજન્સી) મુંબઇ | તા.25



મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો ધીમી ગતિએ આગળ વધ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની પીછેહટની અસર ઝવેરી બજાર પર વર્તાઈ રહી હતી. વિશ્વ બજારમાં જો કે સોનાના ભાવ આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા.વૈશ્વિક સોનાના ભાવ ઔંશના ૨૩૨૧થી ૨૩૨૨ વાળા વધી ૨૩૩૨ થઈ ૨૩૨૬થી ૨૩૨૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સમાં પીછેહટ વચ્ચે વિશ્વ બજારમાં આજે સોનામાં ઘટાડે ફંડોનું બાઈંગ ફરી વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૭૩૯૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૧૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૨૯.૫૫થી ૨૯.૫૬ વાળા ઉંચામાં ૨૯.૭૨ તથા નીચામાં ૨૯.૩૪ થઈ ૨૯.૫૪થી ૨૯.૫૫ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૨૧ ટકા માઈનસમાં હતા. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ જો કે વધી આવ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૮૫.૨૪ વાળા ઉંચામાં ૮૫.૭૦ થઈ ૮૫.૩૩ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૮૦.૭૩ વાળા વધી ૮૧.૧૭ થઈ ૮૦.૮૨ ડોલર રહ્યા હતા. ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક ક્રૂડતેલમાં પણ માગ ફરી વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, વૈશ્વિક પ્લેટીનમના ભાવ આજે ઔંશના ૯૯૪થી ૯૯૫ વાળા ઉંચામાં ૧૦૦૮થી ૧૦૦૯ થઈ ૧૦૦૧થી ૧૦૦૨ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૯૫૪થી ૯૫૫ વાળા ઉંચામાં ૧૦૦૨થી ૧૦૦૩ થઈ ૯૯૪થી ૯૯૫ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૧૩૭૫ વાળા રૂ.૭૧૩૨૮ જ્યારે ૯૯.૯૦ના રૂ.૭૧૬૭૫ વાળા રૂ.૭૧૬૧૫ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૮૮૭૦૦ વાળા રૂ.૮૮૬૭૧ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, સિંગાપોરમાં ગોલ્ડમાં વેપાર વધી રહ્યાના વાવડ મળ્યા હતા. ભારતની રિઝર્વ બેન્કના દરિયાપારના ગોલ્ડ ર્ઝવમાં તાજેતરમાં ઘટાડો થતાં આવું રિઘર્વ ઘટી ૬ વર્ષના તળિયે ઉતર્યું છે. સામે ઘરઆંગણે આમાં ૫૩ ટકાની વૃદ્ધી થયાનું જાણકારોએ જણાવ્યું હતું.

## GSTને કારણે ઘર વપરાશની અનેક વસ્તુઓ સસ્તી, સામાન્ય લોકોને થઈ બચત: PM

મુંબઇ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ને લઈને કહ્યું છે કે, અમારા માટે રિફોર્મ એ 140 કરોડ ભારતીયોનું જીવન સુધારવાનું માધ્યમ છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ થયા બાદ ઘરની વસ્તુઓ ઘણી સસ્તી થઈ ગઈ છે. અમારી સરકાર લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે સુધારાની આ યાત્રા ચાલુ રાખશે. એક સરકારી ડેટા અનુસાર, GST લાગુ થયા પછી, લોટ અને સૌંદર્ય પ્રસાધનો તેમજ ટેલિવિઝન અને રેફ્રિજરેટર જેવી ઘણી ઘરગથ્થુ વસ્તુઓ સસ્તી થઈ ગઈ છે. PM નરેન્દ્ર મોદીએ સોમવારે સોશિયલ મીડિયા પર પોતાના એક ટ્વીટમાં GST લાગુ થયા બાદ ઘર વપરાશની ઘણી વસ્તુઓની કિંમતોમાં થયેલા ઘટાડાનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમારા માટે આ સુધારા 140 લોકોનું જીવન સુધારવાનો એક માર્ગ છે. કરોડ ભારતીયોનું સાધન છે. તેમણે વધુમાં કહ્યું કે દેશમાં GST લાગુ થયા બાદ ઘર વપરાશની ઘણી વસ્તુઓ સસ્તી થઈ ગઈ છે. જેના કારણે ગરીબો અને સામાન્ય માણસો માટે ઘણી બચત થઈ છે. PM એ કહ્યું કે અમે સામાન્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવા માટે સુધારાની આ યાત્રા ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છીએ. PM મોદીના પ્રથમ કાર્યકાળ દરમિયાન, મોદી સરકારે આર્થિક વિશ્વમાં મોટો ફેરફાર કર્યો અને 1 જુલાઈ, 2017 ના રોજ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) લાગુ કર્યો, જ્યારે તેમાં 17 સ્થાનિક કર અને ફરજોનો સમાવેશ કરવામાં આવ્યો.

## સમયસર, પૂરતી અને ઓછા વ્યાજે લોન આપવા MSME માટે અલગથી બેંક સ્થપાશે

મુંબઇ | પૂરતા પ્રમાણમાં, સમયસર અને ઓછા વ્યાજે ફાયનાન્સ બિગ એન્ટરપ્રાઈઝ બનવા આડે મુખ્ય અડચણ હોવાથી માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ (એમએસએમઈ)ને સીધા ધિરાણ માટે સરકારે ટૂંક સમયમાં અલગથી બેંક સ્થાપવાના પ્રસ્તાવ પર વિચારણા હાથ ધરી છે. આ પગલાંથી ઓછા સ્પાર્ધાત્મક એવા આ ક્ષેત્રમાં ક્રેડિટ ફ્લોને વ્યાપક બનાવવામાં મદદ મળશે, સાથે આર્થિક ગતિવિધિઓને પણ વેગ મળશે અને આ સેક્ટરમાં રોજગારીની તકોને પણ વધારી શકાશે. ઈવાયનો રિપોર્ટ મુજબ ભારતમાં એમએસએમઈ ક્રેડિટ પેનેટ્રેશન (ચૂકવણી પહેલાં ખરીદદારને માલ અથવા સેવાઓ પ્રાપ્ત કરવાની પરવાનગી આપવાની પ્રથા) નો રેશિયો અમેરિકાના 50 ટકા અને ચીનના 37 ટકાની સરખામણીએ માત્ર 14 ટકા જ છે. ભારતમાં એમએસએમઈ સેક્ટર માટે રૂ. 25 લાખ કરોડનું ક્રેડિટ અંતર છે.

## અગ્રણી ઉદ્યોગપતિઓમાં ગૌતમ અદાણીનું રૂપિયા 9.26 કરોડનું પેકેજ સૌથી ઓછું

મુંબઇ | જાણીને નવાઈ લાગશે પણ આ વાત સત્ય છે કે, ભારતના બીજા નંબરના સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણીને નાણાંકીય વર્ષ 2023-24 માટે રૂ.9.26 કરોડનું મહેનતાણું ચૂકવવામાં આવ્યું હતું, જે તેમના મુખ્ય ઔદ્યોગિક સમકક્ષો અને પોતાના જ એક્ઝિક્યુટિવ્સ કરતાં ઓછું છે. 61 વર્ષીય અદાણી બંદરોથી માંડી એનર્જી સુધીના ક્ષેત્રમાં દસ કંપનીઓની શ્રૃંખલા ધરાવે છે પણ તેઓ આ દસ કંપનીઓ પૈકી માત્ર બે કંપની માટે જ પગાર લે છે, અદાણી જૂથની દસ લિસ્ટેડ કંપનીઓના વાર્ષિક અહેવાલમાં આ વાત જણાવવામાં આવી હતી. ફ્લેગશિપ ફર્મ અદાણી એન્ટરપ્રાઈઝ (એઈએલ) તરફથી ગૌતમ અદાણીને ચૂકવાયેલા મહેનતાણામાં રૂ.2.19 કરોડનો પગાર, સવલતો, ભથ્થાં અને રૂ.27 લાખના અન્ય લાભોનો સમાવેશ થાય છે. કુલ રૂ.2.46 કરોડનું મહેનતાણું ગત નાણાંકીય વર્ષ 2023-24 કરતાં ત્રણ ટકા વધુ છે, એમ એઈએલના વર્ષ 2023-24ના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. ઉપરાંત ગૌતમ અદાણીને અદાણી પોર્ટસ તરફથી રૂ.6.8 કરોડનું મહેનતાણું ચૂકવાયું હતું. ગૌતમ અદાણીને મળેલું મહેનતાણું ભારતની તમામ પારિવારિક માલિકીની કંપનીઓના સમૂહ કરતાં ઓછો છે. ભારતની સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણી કોવિડ-19 બાદથી પોતાનો પગાર છોડી રહી છે.

## આ વખતે બજેટમાં શું હશે ખાસ, નાણામંત્રી બનાવશે રેકોર્ડ!

(એજન્સી) મુંબઇ | તા.25

થઈ ગઈ છે અને આ પછી સૌના મનમાં એક જ સવાલ છે કે આખરે દેશનું પૂર્ણ બજેટ ક્યારે રજૂ થશે. દેશનું પૂર્ણ બજેટ જલ્દી રજૂ કરવા માટે નાણા મંત્રાલય તેની તૈયારીઓમાં જોડાઈ ગયું છે. આમ તો બજેટ 2024 રજૂ કરવા માટે કોઈ જાહેરાત કરાઈ નથી પરંતુ રિપોર્ટના અનુસાર આવતા મહિનાના બીજા અઠવાડિયામાં તે રજૂ થઈ શકે છે. તો જાણો મોદી સરકારના આ બજેટમાં શું ખાસ હશે. સરકારી સૂત્રોના આધારે નાણામંત્રી નિર્મલા સીતારમણ જુલાઈ મહિનાની 18 તારીખે તેને રજૂ કરી શકે છે. સંસદીય કાર્ય મંત્રાલયે જાહેરાત કરી છે કે 18મી લોકસભાનું પહેલું સત્ર 24 જૂનથી શરૂ થશે અને 3 જુલાઈ સુધી ચાલશે. આ સંસદનું મોનસૂન સત્ર જુલાઈ મહિનાના ત્રીજા અઠવાડિયામાં શરૂ થવાનું છે અને 9 ઓગસ્ટ સુધી ચાલે તેવી શક્યતાઓ છે. આ સમયે લોકસભાની ચૂંટણીમાં ભાજપને પૂર્ણ બહુમત મળ્યો નથી અને એનડીએ ગઠબંધનની સરકાર બની છે. એવામાં સરકારના પૂર્ણ બજેટમાં સામાન્યથી લઈને ટેક્સપેયર્સ અને નોકરિયાત લોકો માટે મોટી જાહેરાતો થવાની શક્યતાઓ છે. આ વખતે મિડલ ક્લાસ પર સરકારનું ફોક્સ રહી શકે છે. આ માટે ઈનકમ ટેક્સમાં રાહતની જાહેરાત સંભવ છે. રિપોર્ટસનું માનીએ તો નાણામંત્રી નિર્મલા સીતારમણ જુલાઈમાં આવનારા બજેટમાં ટેક્સના નિયમોમાં ફેરફાર કરી શકે છે.

## દેશમાં ઘંઉનું પર્યાપ્ત ઉત્પાદન, વધતા ભાવોને અંકુશમાં લેવાં સ્ટોક લિમિટ મૂકાઇ

(એજન્સી) મુંબઇ | તા.25

સરકારે ઘઉં પર સ્ટોક લિમિટ લાદવાની જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે ઘઉં અને લોટની વધતી કિંમતો પર અંકુશ લાદવા લોટ મિલ માલિકો, પ્રોસેસિંગ યુનિટ્સ અને મોટા ટ્રેડર્સ માટે સ્ટોક લિમિટ મૂકી છે. સરકારે ઘઉં પર સ્ટોક લિમિટ વધારી છે. હોલસેલર્સ માટે 3000 ટનની સ્ટોક લિમિટ લાદી છે, રિટેલર્સ માટે 10 ટનની સ્ટોક લિમિટ લાદી છે. ઘઉં પર સ્ટોક લિમિટ 31 માર્ચ, 2025 સુધી લાગૂ રહેશે. સરકારે દેશમાં ઘઉંની કોઈ અછત ન હોવાનું જણાવ્યું છે. ખાણી-પીણીની ચીજોની કિંમતો સ્થિર રાખવા પર સરકાર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તમામ રાજ્યોની સાથે કઠોળ મામલે બેઠક કરી છે. કેન્દ્ર સરકારે ચોમાસુ સારૂ રહેવાની શક્યતાઓ વચ્ચે ખરીફ પાકનું ઉત્પાદન વધવાનો આશાવાદ વ્યક્ત કર્યો છે. હાલ દેશમાં ઘઉંની પૂરતી આવક છે. જરૂર પડવા પર વિદેશમાંથી ઘઉં મગાવવામાં આવશે. ખાદ્ય સચિવે જણાવ્યું કે, ઘઉં પર આયાત ડ્યુટી ઘટાડવાનો વિકલ્પ પણ ખુલ્લો છે. કેન્દ્ર સરકાર ઘઉંની કિંમતો પર અંકુશ લાદવા બજારમાં ઘઉંના વેચાણ પણ કરી રહી છે. સરકારે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (FCI) દ્વારા ઈ-ઓક્શન દ્વારા 101.5 લાખ ટન ઘઉં ખુલ્લા બજારમાં વેચાણ માટે 2,150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના રાહત દરે રજૂ કર્યા હતા.

## સિંગતેલમાં સૌરાષ્ટ્ર પાછળ તેજીનો ચમકારો: આયાતી ખાધતેલોમાં પીછેહટ

(એજન્સી) મુંબઇ | તા.25



મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સિંગતેલના ભાવ સૌરાષ્ટ્ર પાછળ વધુ ઉંચકાયા હતા જ્યારે કપાસિયા તેલ શાંત હતું. આયાતી ખાદ્યતેલોના ભાવ સૂસ્ત હતા. નવી માગ ધીમી હતી. વિશ્વ બજારમાં આજે મલેશિયા ખાતે પામતેલનો વાયદો નજીકની ડિલીવરીમાં ૨થી ૮ પોઈન્ટ પ્લસમાં રહ્યો હતો. જોકે ત્યાં પામ પ્રોડકટના ભાવ અઢીથી પાંચ ડોલર ઘટયા હતા. દરમિયાન, ઘરઆંગણે સૌરાષ્ટ્ર સિંગતેલના ભાવ વધી રૂ.૧૪૭૫ તથા ૧૫ કિલોના રૂ.૨૩૫૫ રહ્યા હતા. જ્યારે સૌરાષ્ટ્ર કોટન વોશ્ડના ભાવ ઘટી રૂ.૯૧૫ થી ૯૨૦ રહ્યા હતા. મુંબઈ હાજર બજારમાં ૧૦ કિલોના ભાવ સિંગતેલના વધી રૂ.૧૫૨૦ રહ્યા હતા. જ્યારે કપાસિયા તેલના ભાવ રૂ.૯૭૦ના મથાળે શાંત હતા. દરમિયાન, મુંબઈ આયાતી પામતેલના ભાવ રૂ.૯૧૫ વાળા રૂ.૯૧૩ રહ્યા હતા. નવા વેપારો ધીમા હતા. ક્રૂડ પામ ઓઈલ સીપીઓ કંડલાના ભાવ રૂ.૮૬૮ વાળા રૂ.૮૬૨ રહ્યા હતા. મુંબઈ સોયાતેલના ભાવ ડિગમના ઘટી રૂ.૯૨૦ તથા રિફાઈન્ડના રૂ.૯૭૫ રહ્યા હતા સનફલાવરના ભાવ ઘટી રૂ.૯૨૦ તથા રિફાઈન્ડના રૂ.૯૭૦ રહ્યા હતા. મસ્ટર્ડ સરસવ તેલ શાંત હતું. મુંબઈ દિવેલના હાજર ભાવ આજે ધીમો સુધારો બતાવતા હતા. આ સાથે હાજર એરંડા પણ નજીવા વધ્યા હતા. એરંડા વાયદાના ભાવ નીચામાં રૂ.૫૭૬૬ તથા ઉંચામાં રૂ.૫૮૦૬ થઈ રૂ.૫૭૭૦થી ૫૭૮૦ આસપાસ રહ્યા હતા. દરમિયાન, મુંબઈ ખોળ બજારમાં આજે ટનના ભાવ એરંડા ખોળના રૂ.૫૦ વધ્યા હતા. જ્યારે સોયાખોળના ભાવ ટનના રૂ.૧૦૦૦થી ૧૧૦૦ વધી આવ્યા હતા. સનફલાવર ખોળના ભાવ જો કે ટનના રૂ.૫૦૦ નરમ બોલાઈ રહ્યા હતા. જ્યારે અન્ય ખોળો શાંત હતા. નવી મુંબઈ બંદરે ફોરવર્ડ ભાવ સન ફલાવરના રૂ.૯૫૦ રહ્યા હતા. મલેશિયાથી પામતેલની નિકાસ ૨૫ દિવસમાં આશરે ૧૭થી ૧૮ ટકા ઘટી હોવાના વાવડ હતા. મસ્ટર્ડ સરસવની આવકો આજે રાજસ્થાનમાં ૨ લાખ ૭૫ હજાર ગુણી તથા ઓલ ઈન્ડિયા ૪ લાખ ૫૦ હજાર ગુણી આવી હતી. રાજસ્થાનમાં ભાવ કિવ.ના રૂ.૬૦૫૦થી ૬૦૭૫ રહ્યા હતા.

## આઈટીઆર ફાઈલ કરતી વખતે યોગ્ય ફોર્મની પસંદગી કરવી આવશ્યક

(એજન્સી) મુંબઇ | તા.25

ITR-1 Form Filling: નાણાકીય વર્ષ 2023-24 (એસેસમેન્ટ યર 2024-25) માટે ઈનકમ ટેક્સ રિટર્ન ભરવાની અંતિમ તારીખ નજીક આવી ચૂકી છે. 31 જુલાઈ પહેલાં આ કામ પતાવી દેજો, નહિં તો તેના થકી મળનારા લાભોથી વંચિત રહી શકો છો. કેપિટલ ગેઈન ટેક્સ સ્ટેટમેન્ટ, ફોર્મ 16, ફોર્મ 26 એએસ, એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS), સેલેરી સ્લિપ, ગતવર્ષનું આઈટીઆર વગેરે ડોક્યુમેન્ટ એકત્રિત કરી રિટર્ન ભરવુ જોઈએ, જેથી રિટર્ન ભરતી વખતે કોઈ મુશ્કેલી ન આવે. જો તમે પગારદાર કે પેન્શનર છો, અથવા તમે કોઈ વ્યવસાય મારફત આવક મેળવી રહ્યા નથી. તો તમારે ITR-1 તથા ITR-2 ફોર્મ ભરવુ પડશે. જેની નોંધ લેવી જરૂરી છે, કારણકે, ખોટા ફોર્મનો ઉપયોગ કરવાથી તમારા રિટર્ન અને રિફંડમાં મુશ્કેલી આવી શકે છે.

## એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે એક્સિસ નિફ્ટી 500 ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

મુંબઈ | તા.25

ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ફંડ હાઉસમાંના એક એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ તેની નવી ફંડ ઓફર - એક્સિસ નિફ્ટી 500 ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરતાં આનંદ અનુભવે છે. આ ઓપન-એન્ડેડ ઈન્ડેક્સ ફંડનો ઉદ્દેશ્ય નિફ્ટી 500 ટોટલ રિટર્ન ઈન્ડેક્સ (ટીઆરઆઈ)ની કામગીરીને અનુસરવાનો છે, જે રોકાણકારોને નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર લિસ્ટેડ ભારતની ટોચની 500 કંપનીઓમાં વ્યાપક એક્સપોઝર ઓફર કરે છે.

ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 26 જૂન, 2024ના રોજ ખૂલશે અને 09 જુલાઈ, 2024ના રોજ બંધ થશે. ફંડનું સંચાલન શ્રી કાર્તિક કુમાર અને શ્રી સચિન રેલેકર દ્વારા કરવામાં આવશે. ભારત વૈશ્વિક સ્તરે સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રો પૈકીનું એક છે અને 2027 સુધીમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. નિફ્ટી 500 ઈન્ડેક્સનો ઉદ્દેશ્ય વિવિધ કંપનીઓના પર્ફોર્મન્સ દ્વારા આ ગ્રોથ સ્ટોરીનો લાભ લેવાનો છે, જે રોકાણકારોને ભારતીય ઈક્વિટી માર્કેટમાં વૈવિધ્યસભર એક્સપોઝર પ્રદાન કરે છે.

આ મુજબ એક્સિસ નિફ્ટી 500 ઈન્ડેક્સ ફંડનો ઉદ્દેશ્ય ખર્ચ પહેલાં વળતર આપવાનો છે જે ટ્રેકિંગ ભૂલોને આધીન રહીને નિફ્ટી 500 ઈન્ડેક્સના કુલ વળતરને નજીકથી અનુરૂપ હોય. જે રોકાણકારો આ વૃદ્ધિની તકનો લાભ લેવા ઈચ્છે છે તેઓ આ ફંડમાં એક્સપોઝર અંગે વિચાર કરી શકે છે.

# સાત વર્ષમાં 18 લાખ અસંગઠિત એકમો બંધ થયા

(એજન્સી) નવી દિલ્હી | તા. 25



ભારતમાં, જુલાઈ ૨૦૧૫ થી જૂન ૨૦૧૬ અને ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ઉત્પાદન ક્ષેત્રના ૧૮ લાખ અસંગઠિત એકમો બંધ થયા છે. આ સમયગાળા દરમિયાન આ અસંગઠિત સાહસોમાં કામ કરતા ૫૪ લાખ લોકોએ તેમની નોકરી ગુમાવી છે. 'અસંગઠિત સેક્ટર એન્ટરપ્રાઈઝિસના વાર્ષિક સર્વે'ની તાજેતરમાં બહાર પાડવામાં આવેલા રીપોર્ટ અને ૨૦૧૫-૧૬માં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઑફિસ (એનએસઓ) દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેના ૭૩મા રાઉન્ડના તુલનાત્મક પૃથ્થકરણથી આ વાત સામે આવી છે. ઓક્ટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ઉત્પાદન ક્ષેત્રમાં લગભગ ૧૭૮.૨ લાખ અસંગઠિત એકમો કાર્યરત હતા, જે જુલાઈ ૨૦૧૫ થી જૂન ૨૦૧૬ વચ્ચે કાર્યરત ૧૯૭ લાખ અસંગઠિત એકમોની તુલનામાં લગભગ ૯.૩ ટકા ઓછા છે. તેવી જ રીતે, આ સંસ્થાઓમાં કામ કરતા લોકોની સંખ્યા પણ આ સમયગાળા દરમિયાન લગભગ ૧૫ ટકા ઘટીને ૩.૦૬ કરોડ થઈ છે, જે અગાઉ ૩.૬૦૪ કરોડ હતી.

અસંગઠિત એકમો માં એવી વ્યવસાયિક સંસ્થાઓનો સમાવેશ થાય છે જે અલગ કાનૂની સંસ્થાઓ તરીકે સમાવિષ્ટ નથી. આ સાહસોમાં સામાન્ય રીતે નાના વ્યવસાયો, એકમાત્ર માલિકી, ભાગીદારી અને અનૌપચારિક ક્ષેત્રના વ્યવસાયોનો સમાવેશ થાય છે.

અસંગઠિત ક્ષેત્ર, જેમાં વ્યાપક અનૌપચારિક ક્ષેત્રનો સમાવેશ થાય છે, સતત આર્થિક આંચકાથી ગંભીર રીતે પ્રભાવિત થયા છે. આવા આંચકાઓમાં, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને કોવિડ મહામારી અગ્રણી છે.

લોકડાઉનને કારણે અનૌપચારિક રીતે આ ક્ષેત્ર ખરાબ રીતે પ્રભાવિત થયું છે. આ ક્ષેત્રની સંસ્થાઓ સામાન્ય રીતે લગભગ ૨.૫ થી ૩ લોકોને રોજગારી આપે છે. મોટા ભાગના લોકોનો પોતાનો ધંધો હોય છે અથવા પરિવારના સભ્યો તેમાં કામ કરે છે. તેથી, તે તાર્કિક છે કે તેના કારણે ઉત્પાદન ક્ષેત્રમાં લગભગ ૫૪ લાખ નોકરીઓ જતી રહી છે. ડેટાનું વિશ્લેષણ એ પણ દર્શાવે છે કે ઓક્ટોબર ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન ટ્રેડિંગ સેક્ટરમાં અસંગઠિત સંસ્થાઓની સંખ્યા ૨ ટકા ઘટીને ૨.૨૫ કરોડ થઈ છે, જે જુલાઈ ૨૦૧૫ થી જૂન ૨૦૧૬ દરમિયાન ૨.૩૦૫ કરોડ હતી. જો કે, આ સમયગાળા દરમિયાન, આ ક્ષેત્રમાં કામદારોની સંખ્યા ૩.૮૭ કરોડથી વધીને ૩.૯૦ કરોડ થઈ છે.

## વર્તમાન નાણાં વર્ષ માટે 6.80 ટકા વિકાસ દર અંદાજને S&Pએ જાળવ્યો




(એજન્સી) મુંબઈ | તા.25

વર્તમાન નાણાં વર્ષ માટે ભારતના આર્થિક વિકાસ દરના અંદાજને એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ૬.૮૦ ટકાના સ્તરે જાળવી રાખ્યો છે. ઊંચા વ્યાજ દરો અને નીચા રાજકોષિય પ્રોત્સાહનાને પરિણામે માગ રૂંધાશે તેવી પણ એજન્સીએ ચિંતા વ્યકત કરી છે. બીજી બાજુ ૨૦૨૪ માટે ચીનના જીડીપી અંદાજમાં વધારો કરાયો છે. એશિયા પેસિફિક માટેના આર્થિક આઉટલુકમાં એજન્સીએ જણાવ્યું હતું કે, નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૮.૨૦ ટકા આર્થિક વિકાસ દર સાથે ભારતના અર્થતંત્રએ આશ્ચર્ય પૂરું પાડવાનું ચાલુ રાખ્યું છે. વર્તમાન નાણાં વર્ષમાં વિકાસ દર ધીમો પડી ૬.૮૦ ટકા રહેવા અમારી ધારણાં છે. ઊંચા વ્યાજ દરો અને નીચા રાજકોષિય પ્રોત્સાહનો બિન-કૃષિ ક્ષેત્રમાં માગ પર અસર કરશે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ તથા ૨૦૨૬-૨૭ માટે એસએન્ડપીએ વિકાસ દરનો અંદાજ અનુક્રમે ૬.૯૦ ટકા તથા ૭ ટકા મૂક્યો છે. એસએન્ડપીનો અંદાજ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ની ૭.૨૦ ટકાની ધારણાં કરતા નીચો છે. ગ્રામ્ય માગમાં વધારા અને ધીમા પડી રહેલા ફુગાવાની ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્કે વર્તમાન વર્ષના પ્રારંભમાં દેશનો આર્થિક વિકાસ દરનો અંદાજ ૭.૨૦ ટકા મૂકયો હતો. ચીન માટે એસએન્ડપીએ ૨૦૨૪ માટેનો જીડીપી અંદાજ ૪.૬૦ ટકા પરથી વધારી ૪.૮૦ ટકા કર્યો છે.

## નોર્ધર્ન આર્ક કેપિટલે સિનિયર સિક્યોર્ડ ડિબેન્ચર્સ દ્વારા એફએમઓથી 75 મિલિયન ડોલર્સ એકત્રિત કર્યા

ચેન્નાઈ | તા.25

ભારતમાં અગ્રણી ડાયવર્સિફાઈડ નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) પૈકીની એક નોર્ધર્ન આર્ક કેપિટલ લિમિટેડે 75 મિલિયન ડોલર (રૂ. 620 કરોડની સમકક્ષ) સુધીની રકમના સિનિયર સિક્યોર્ડ, લિસ્ટેડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) ઈશ્યૂ કરવાની જાહેરાત કરી છે જેના પગલે તેમનું એકંદરે એક્સપોઝર 125 મિલિયન યુએસ ડોલર સુધી પહોંચ્યું છે. આ મહત્વપૂર્ણ સોદાને ડચ આંત્રપ્રિન્યોરિયલ ડેવલપમેન્ટ બેંક એફએમઓ દ્વારા સબ્સ્ક્રાઈબ કરવામાં આવ્યો છે. એનસીડીને બીએસઈ લિમિટેડ (બીએસઈ) પર લિસ્ટ કરવામાં આવશે અને તેની મુદત પાંચ વર્ષની રહેશે. આ ઈશ્યૂ દ્વારા એકત્રિત કરાયેલા ફંડ્સને રિટેલ માઈક્રોલોન્સ, એમએસએમઈ લોન્સ અને ગ્રીન લોન્સમાં વ્યૂહાત્મક રીતે ફાળવવામાં આવશે જે સમાવેશક વિકાસ અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપવામાં નોર્ધર્ન આર્કની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નોર્ધર્ન આર્ક કેપિટલના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ આશિષ મેહરોત્રાએ જણાવ્યું હતું કે "એફએમઓ તરફથી નોંધપાત્ર રોકાણ એ ભારતમાં વંચિત લોકો અને વયવસાયો માટે નાણાંકીય ક્ષેત્રમાં પરિવર્તન લાવવા માટેની અમારી અડગ પ્રતિબદ્ધતા દર્શાવે છે.




આ ફંડ્સને માઈક્રોલોન્સ, એસએમઈ અને ગ્રીન પ્રોજેક્ટ્સ તરફ વાળીને અમે ટકાઉ આર્થિક વિકાસ તથા નાણાંકીય સમાવેશને પ્રોત્સાહન આપે તેવી મહત્વપૂર્ણ અસર ઊભી કરવાનું લક્ષ્ય ધરાવીએ છીએ. nPOS અને નિમ્બસ જેવા અમારા નવીનતમ પ્લેટફોર્મ્સ સરળ લોન પ્રોસેસિંગ અને અસરકારક ડેટ મેનેજમેન્ટ સુનિશ્ચિત કરીને આ મિશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે." નોર્ધર્ન આર્ક કેપિટલના ટેક્નોલોજીનો લાભ લેવા માટેના સમર્પણનું ઉદાહરણ તેના માલિકીના પ્લેટફોર્મ્સ, nPOS અને નિમ્બસમાં જોવા મળે છે. ક્લાઉડ-આધારિત એપીઆઈ-સક્ષમ પ્લેટફોર્મ nPOS ભાગીદારી અને સહ-ધિરાણ વ્યવસાયો માટે લોન પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરે છે, જ્યારે નિમ્બસ વ્યાપક એન્ડ-ટુ-એન્ડ ડેટ ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટ પ્રદાન કરે છે. આ નવીનતાઓ કાર્યક્ષમ લોન પ્રોસેસિંગ અને ડેટ મેનેજમેન્ટને સમર્થન આપે છે. તે સુનિશ્ચિત કરે છે કે નોર્ધર્ન આર્ક ડેટા અને ટેક્નોલોજી સાથે તેના ગ્રાહકોની વિવિધ જરૂરિયાતો પૂરી કરી શકે છે. એફએમઓના ચીફ ઈન્વેસ્ટમેન્ટ ઓફિસર હુઈબ-જાન દ રુઈત્સરે જણાવ્યું હતું કે, "ભારતમાં એમએફઆઈ અને એનબીએફસી માટે લાંબા ગાળાનું ફંડ પૂરું પાડવામાં સક્ષમ થવાથી અમને ખૂબ આનંદ થાય છે, જેમની પાસે મૂડી બજારોમાંથી ટર્મ ફંડિંગની મર્યાદિત પહોંચ છે. આ સ્થાનિક ચલણ સુવિધા નોર્ધર્ન આર્ક માટે, ઉદ્યોગસાહસિકતા અને નવીનતાને સમર્થન આપે છે અને એસએમઈ તથા માઈક્રોએન્ટરપ્રાઈઝિસના ફોર્મલાઈઝેશન અને વૃદ્ધિને પ્રોત્સાહિત કરે છે. અમે સમગ્ર ભારતમાં નાણાંકીય સર્વસમાવેશકતા વધારવા માટે અમારી ભાગીદારી માટે નોર્ધર્ન આર્કનો આભાર માનીએ છીએ."

## એચડીએફસી સિક્યોરિટીઝે InstaOptions ઇન્ટિગ્રેશન અને બીએસઇ એફએન્ડઓ લોન્ચ સાથે InvestRight એપને ફીચર્સથી સમૃદ્ધ બનાવી

મુંબઈ | તા.25

એચડીએફસી બેંકની પેટાકંપની અને અગ્રણી સ્ટોક બ્રોકિંગ કંપની એચડીએફસી સિક્યોરિટીઝ લિમિટેડે તેની સુધારેલી InvestRight એપના લોન્ચિંગ, બીએસઈ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફએન્ડઓ) ટ્રેડિંગની રજૂઆત તથા એડવાન્સ્ડ ટ્રેડિંગ ક્ષમતાઓ માટે InstaOptions સાથે સરળ ઈન્ટિગ્રેશનની ગર્વભેર જાહેરાત કરી છે. આ નવા ફીચર્સ યુઝર્સને વ્યાપક અને આધુનિક ઈન્વેસ્ટમેન્ટ ટૂલ્સ પૂરા પાડવામાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન દર્શાવે છે. આ નવી પહેલ શક્તિશાળી ઈન્વેસ્ટમેન્ટ ટૂલ્સની અવિરત એક્સેસ તથા સરળ ટ્રાન્ઝિશન સુનિશ્ચિત કરે છે. MEAP એપ્લિકેશનને ટૂંક સમયમાં જ તબક્કાવાર રીતે બહાર પાડવામાં આવશે, જે વપરાશકર્તાઓને InvestRightની અદ્યતન કાર્યક્ષમતાઓને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરશે. એચડીએફસી સિક્યોરિટીઝના એમડી અને સીઈઓ શ્રી ધીરજ રેલ્લી જણાવ્યું હતું કે "અમે રોકાણકારોને અત્યાધુનિક સોલ્યુશન્સ અને અદ્યતન ટ્રેડિંગ સુવિધાઓ સાથે સશક્ત કરવા માટે સમર્પિત છીએ, જે તેમના વપરાશકર્તા અનુભવમાં વધારો કરે તેવી અપેક્ષા છે. InstaOptions અને બીએસઈ એફએન્ડઓ સાથે મળીને InvestRight એપમાં ટ્રાન્ઝિશન ગ્રાહક-કેન્દ્રિત અભિગમ અને નવીન ટેક્નોલોજી દ્વારા શ્રેષ્ઠતા પૂરી પાડવા માટેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે." એચડીએફસી સિક્યોરિટીઝ દ્વારા InvestRight એપ્લિકેશન રોકાણકારોને જાણકાર નિર્ણય લેવા માટે અદ્યતન સાધનોથી સજ્જ કરે છે. તે દૈનિક રોકાણ ભલામણો, સરળ ટ્રેડિંગ માટે સ્વાઈપ ઓર્ડર અને રિઝલ્ટ ડેશબોર્ડ, SWOT એનાલિસીસ અને વિગતવાર તકનીકી ડેટા પોઈન્ટ દ્વારા રીઅલ-ટાઈમ માર્કેટ ઈનસાઈટ્સ દર્શાવે છે. એપ્લિકેશનમાં ક્વોટ્સ માટે આઈપીઓ પેજ, વન-ક્લિક ઓપ્શન ચેઈન્સ અને ઝડપી અમલ માટે Zapp ઓર્ડરનો પણ સમાવેશ થાય છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, જેઠ વદ-04

# પરિયોજનાઓમાં વિલંબ અને ભ્રષ્ટાચાર

વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર અને વિલંબ બંને અક્ષમ્ય છે. બિહારમાં ક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રણ નિર્માણાધીન પુલ ધસી પડ્યા છે, થોડા જ મહિનામાં ત્યાં સાત પુલ તૂટી ગયા છે. આ દર્શાવે છે કે નિર્માણમાં ઉતરતી કક્ષાની સામગ્રીનો ઉપયોગ થયો અને જવાબદાર લોકો આંખો મીંચી રહ્યા. બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં રવિવારે એક નિર્માણાધીન નાનો પુલ તૂટી પડ્યો, જે રાજ્યમાં એક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રીજી એવી ઘટના છે. એના પહેલાં મંગળવારે અરરિયા જિલ્લામાં લગભગ ૧૮૦ મીટર લાંબો નવનિર્મિત પુલ ધસી પડ્યો હતો. કમાલ છે કે કરોડોના એસ્ટીમેટથી પુલ નિર્માણનાં કામ થાય છે, ત્યારબાદ પણ જો પુલ તૂડી પડે તો પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની ગંધ આવે છે. ક્યારેક કોઈ પુલનું તૂટવું દુર્ઘટના હોઈ શકે છે, પરંતુ નિર્માણ દરમ્યાન જ કે નિર્માણના તરત બાદ પુલ તૂટી જવો ભ્રષ્ટાચારનો જ સંકેત કરે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર કદાચ કડક પ્રશાસન આપવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, તેમની સરકારમાં સતત પુલોનું આ રીતે તૂટી પડવું, તેમના નાક નીચે ચાલી રહેલા ભ્રષ્ટાચારની ચાડી ખાય છે. બિહાર સરકારે પુલ સહિત તમામ વિકાસ કાર્યોની ગહન સમીક્ષા કરવી જોઈએ, નિર્માણની ગુણવત્તા માટે ઉચ્ચ સ્તરના પેરામીટર બનાવવા જોઈએ, ભ્રષ્ટાચારમાં લિપ્ત દોષીઓ વિરુદ્ધ સજા સુનિશ્ચિત કરવી જોઈએ. આ રીતે પુલ ધસતા રહ્યા તો નીતિશ સરકારની છબિ ભ્રષ્ટ સરકારની બની જશે. ખાસ વાત એ છે કે બિહારમાં કેન્દ્ર સરકારની પણ કેટલીય મોટી પરિયોજનાઓ ચાલી રહી છે, જો સ્થાનિક સ્તરે તેમાં પણ ભ્રષ્ટાચાર થશે તો તેનાથી સરકારી રાજસ્વનું નુક્સાન તો થશે જ, સાથે જ સડક, પુલ જેવી જાહેર ઉપયોગ કરનારા લોકોને જાનમાલનું નુક્સાન પણ થશે. સડક પુલ જેવા વિકાસ કાર્યોમાં દેશભરમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે. આ એક ગંભીર બાબત છે, તેને સરકારે, નિર્માણ કરાવનારી સરકારી એજન્સીઓએ ગંભીરતાથી લેવી જોઈએ. એવા જ બુનિયાદી માળખા ક્ષેત્રની ૧૫૦ કરોડ રૂપિયા કે તેનાથી વધુના ખર્ચવાળી ૪૫૮ પરિયોજનાઓનો ખર્ચ આ વર્ષે મે સુધી નક્કી અનુમાનથી ૫.૭૧ લાખ કરોડ રૂપિયાથી વધી ગઈ છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબ અને અન્ય કારણોસર આ પરિયોજનાઓમાં ખર્ચ વધ્યો છે. મંત્રાલયના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારની ૧૮૧૭ પરિયોજનાઓમાંથી ૪૫૮નો ખર્ચ વધી ગયો છે, જ્યારે ૮૩૧ અન્ય પરિયોજનાઓ વિલંબથી ચાલી રહી છે. વિલંબને કારણે પરિયોજનાઓનો ખર્ચ ૨૦.૭૦ ટકાનો એટલે કે આશરે ૫૭૧૦૮૦ કરોડ રૂપિયા વધી ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબથી ચાલી રહેલી ૮૩૧ પરિયોજનાઓમાંથી ૨૪૫ પરિયોજનાઓ એક મહિનાથી ૧૨ મહિના, ૧૮૮ પરિયોજનાઓ ૧૩ થી ૨૪ મહિલનાની, ૨૭૧ પરિયોજનાઓ ૨૫ થી ૬૦ મહિના અને ૧૨૭ પરિયોજનાઓ ૬૦ મહિનાથી વધુ વિલંબથી ચાલી રહી છે. આ ૮૩૧ પરિયોજનાઓમાં વિલંબની સરેરાશ ૩૫.૧ મહિનો છે! વિકાસ પરિયોજનાઓ સમયસર પૂરી થાય તે જરૂરી છે, તેનાથઈ ખર્ચ વધવા રૂપે સરકાર પર વધારાનો બોજ નહીં વધે. પરિયોજનાઓમાં વિલંબ પાછળ પણ ભ્રષ્ટાચાર એક કારણ છે. વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કઠોર નિયમ બનાવવા અને લાગુ કરવા પડશે.

# સરકારી શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ પુરી કરવા ધારાસભ્ય ચૈતર વસાવાની મુખ્યમંત્રીને રજૂઆત

- » રાજપીપળા સર્કિટ હાઉસ ખાતે ચૈતર વસાવા એ યોજેલી પત્રકાર પરિષદ માં મુખ્યમંત્રી ને કરેલી રજૂઆત ની માહિતી આપી
- » ગુજરાતમાં, 1657 સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. 1363 શાળાઓ તો માત્ર આદિવાસી ગ્રામ્ય વિસ્તારો ની જ છે.
- » રાજ્યમાં શિક્ષણ નું બજેટ 45 હજાર કરોડ થી પણ વધુ હોવા છતા, 76 હજાર શિક્ષકોની ઘટ છે. શું આવી રીતે ભણશે ગુજરાત ?





ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા સહિત રાજ્યમાં સરકારી શાળાઓ માં શિક્ષકો અને અન્ય સુવિધા ના અભાવ બાબતે ધારાસભ્ય ચૈતર વસાવા એ મુખ્યમંત્રી ને રજૂઆત કરી હોય જે સંદર્ભે આજરોજ રાજપીપળા સર્કિટ હાઉસ માં એક પત્રકાર પરિષદ યોજી હતી. સીએમ ને કરેલી રજૂઆત માં જણાવ્યા મુજબ સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ તા.૨૬-૨૭-૨૮ જુન ના રોજ રાજ્યની સરકારી શાળાઓ માં, શાળા પ્રવેશોત્સવ ના કાર્યક્રમો આયોજિત કરવામાં આવેલ છે. જેમાં મંત્રી મંડળ સહીતના પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાય એ સારો અભિગમ છે. પરંતુ આવા કાર્યક્રમો અને ઉત્સવોની આડમાં સરકાર અને અધિકારીઓ વરવી વાસ્તવિકતા છુપાવવાનો પ્રયાસ કરતા હોય એવું અમને લાગી રહ્યું છે. બીજેપી ની સંવેદનશીલ સરકાર અને રોલ મોડેલ ગુજરાતમાં, ૧૬૫૭ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક છે. ૧૩૬૩ શાળાઓ તો માત્ર આદિવાસી ગ્રામ્ય વિસ્તારો ની જ છે. જ્યાં ગરીબ અને માધ્યમ વર્ગ ના આદિવાસી બાળકો અભ્યાસ કરતા હોય છે. આ બાળકો પાસે શિક્ષણ માટે અન્ય કોઈ વિકલ્પ નથી. એક શિક્ષક ધોરણ ૧ થી ૫ ના બાળકોને કઈ રીતે ભણાવશે ? વહીવટી કાર્ય કોણ કરશે ? કોઈ તાલુકા-જિલ્લા કક્ષા ની મિટિંગ કે કાર્યક્રમ હશે તો બાળકોનું શું થશે ?

ગુજરાતમાં ૨૫૭૪ સરકારી શાળાઓમાં ઓરડાઓ જર્જરીત હાલતમાં છે. એક હજારથી વધુ સરકારી શાળાઓના ઓરડાઓ ન હોવાથી બાળકો ખુલ્લામાં, ઝાડ નીચે કે ભાડાના ઘરે ભણવા મજબુર છે. વરસાદ આવે તો રજા આપી દેવી પડે છે. શાળાઓમાં ૧ થી ૫ ધોરણ માટે એકજ વર્ગખંડ ની વ્યવસ્થા છે. ગુજરાતમાં ૪૩૩૫ સ્માર્ટ ક્લારૂમ બનાવવામાં આવ્યા તે પણ કાર્યરત નથી. ઘણી શાળાઓમાં ઈન્ટરનેટ કે વીજળી વ્યવસ્થા નથી. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં હજારો કરોડ નો ખર્ચો કરવામાં આવે છે. છતા ડ્રોપ આઉટ રેટ ઘણો ઉંચો છે. રમશે ગુજરાત ની વાતો થાય છે. પણ ૧૬% શાળાઓમાં રમત-ગમત ના મેદાન નથી. પી.ટી. ના શિક્ષકો નથી.

ગુજરાત રાજ્યમાં શિક્ષણ નું બજેટ ૪૫ હજાર કરોડ થી પણ વધુ હોવા છતા, ૭૬ હજાર શિક્ષકોની ઘટ છે. શું આવી રીતે ભણશે ગુજરાત ? વાત વિશ્વ ગુરુ બનવાની થાય છે. અહિ શાળાઓમાં ગુરુ જ નથી, ટેટ-ટાટ પાસ ઉમેદવારોને કાયમી શિક્ષકો ની ભરતી કરવામાં આવતી નથી. પોલીસ દ્વારા બળ પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. નજીક ફરજીયાત અને મફત શિક્ષણ આપવાની જવાબદારી સરકારની છે. જે નિભાવવામાં સરકાર નિષ્ફળ નિવડેલ છે. જેથી બાળકોને શાળા પ્રવેશોત્સવ ના કાર્યક્રમ પહેલા શિક્ષકોની ભરતી કરવી જરૂરી હોવાનું ચૈતર વસાવા એ સીએમ ને કરેલી રજુઆત માં જણાવ્યું છે.

## રાજપીપળા : રિક્ષા ચાલકે પગપાળા જતાં વ્યક્તિને ટક્કર મારતા ગંભીર ઇજા

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા વડીયા જકાતનાકા પાસેથી પગપાળા જઈ રહેલા એક વ્યક્તિ ને પૂરપાટ આવી રહેલી રિક્ષા એ અડફટ માં લેતા રાહદારી ને ગંભીર ઈજાઓ બાદ સારવાર માટે દાખલ કર્યા છે મળતી માહિતી અનુસાર પુષ્પાબેન સુનિલભાઈ મેઘનાથભાઈ મોરે, રહે-વડીયા તુલસીધામ સોસાયટી મકાન નંબર-૧૬ તા-નાંદોદ જી-નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ રીક્ષા નં-GJ-22-V-1017 ના ચાલકે તેના કબ્જાની રીક્ષા પુરઝડપે હંકારી લાવી પુષ્પાબેન ના પતિ કે જેઓ પગપાળા જઈ રહ્યા હતા તેમને રિક્ષા અથાડી પતિ સુનિલભાઈ મેઘનાથ મોરેને બન્ને હાથના કોણીના ભાગે તથા પીઠના પાછળના ભાગે તથા જમણા ખભાના ભાગે તથા માથાના પાછળના ભાગે ગેબી ઈજા પહોચાડી હોય તેઓને રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે.

## રાજપીપળા એસટી ડેપોના ભૂગર્ભ ગટર કનેક્શનમાં વધુ એક વેઠ

### રાજપીપળા શહેરમાં ભૂગર્ભ ગટરની કામગીરીમાં વેઠ ઉતારતી એજન્સીને પાલિકા નોટિસ આપે તેવી માંગ



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા નગરપાલિકા હસ્તક નંખાયેલા કરોડો ના ખર્ચની ભૂગર્ભ ગટર લાઈનો ની કરાયેલી કામગીરી માં વેઠ ઉતારી હોય તેવું સ્પષ્ટ નજરે પડે છે જેમાં અનેક ઠેકાણે લીકેજ સહિત યોગ્ય પુરાણ પણ નહિ કરતા ચોમાસા માં લોકો અકસ્માત નો ભોગ બની રહ્યા છે. તાજેતર માં રાજપીપળા એસટી ડેપો ની ગટર લાઈન ને ભૂગર્ભ ગટર માં જોડી પરંતુ ડેપોની સામે આવેલી વન વિભાગ ની કચેરી સુધી જતી લાઈન માટે ખોદેલો ખાડો પુરાણ નહિ કરતા આ ખાડા માં વાહન ચાલકો પટકાઈ રહ્યા છે જેમાં ખાસ કરીને કેટલીક મહિલાઓ પોતાના બાળકો ને સ્કૂલે મૂકવા જતા હોય તેમની એક્ટિવા ગાડી આ ખાડા માં ઉછળી પડતાં બાળક સાથે મહિલા નીચે પટકાતા ઈજાગ્રસ્ત થવાની ઘટના દરરોજ બની રહી છે માટે રાજપીપળા શહેર માં જ્યાં જ્યાં યોગ્ય પુરાણ નથી થયું ત્યાં ત્યાં યોગ્ય કામગીરી કરે અને એ માટે પાલિકા ભૂગર્ભ ગટર નું કામ કરતી એજન્સી ને નોટિસ આપી યોગ્ય કામગીરી કરાવે તેવી લોકમાંગ છે.

## જય ભીમ, લડેંગે જીતેંગે...



કચ્છ કલેકટરશ્રી ની કચેરીએ રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ તેમજ દેશલપર ગામના નાના ધંધાર્થીઓ જે નાની ગાડીઓ માલવાહક રીતે ચલાવે છે, જેમાં છોટાહાથી, છકડા વગેરે નાના વાહનો માલવાહક રહેલા હોય છે. જેમાં ભુજ નખત્રાણા હાઈવે ઉપર સામત્રા ખાતે જે ટોલનાકો આવેલો છે તેનામાં આજ દિવસ પહેલા ક્યારે પણ ટોલલેવામાં આવતું ન હતું પણ હમણાં જે નવી એજન્સી આવેલી છે તેના દ્વારા ટોલ વસૂલવામાં આવે છે, જેથી આ ધંધાર્થીઓ ઉપર આર્થિક રીતે મોટી અસર પડે છે, કારણ કે દિવસમાં વારંવાર એ ટોલ પાસેથી અવર-જવર કરવાની રહેતી હોય છે, અને ભાડા નિમ્ન હોય છે જેમાં ડીઝલ અને ટોલ ટેક્સ કાઢવાથી એમના હાથમાં નિમ્ન રકમ બચે છે, જેથી તેમની આજીવિકા ઉપર અસર પડે છે માટે આજે કલેક્ટર સાહેબને રજૂઆત કરી અને જણાવવામાં આવ્યું કે આ સામત્રા ટોલનાકામાં દેશલપર ગામના નાના વાહનચાલક ધંધાર્થીઓ ને ટોલટેક્સ મા મુક્તિ આપવા મા આવે તેવી ઉગ્ર રજુઆત કરવા મા આવી હતી, આ રજૂઆતમાં રાષ્ટ્રીય દલિત અધિકાર પંચના હોદ્દેદારો સાથે દેશલપર ગામના નાની માલવાહક ગાડીઓના ધંધાર્થીઓ બાહોળી સઁખ્યા સાથે જોડાયા હતા.

# રાજપીપળા જકાતનાકા પાસે દસ્તાવેજનો જથ્થો ખેતરના છેડે મળી આવતા પોલીસ દોડતી થઈ

### પાકીટ ચોરોએ રૂપિયા લઇ પાકીટ ફેંક્યા કે કોઈ બીજું કારણ એ તપાસ નો વિષય : ખેડૂત માલિકે પોલીસ ને જાણ કરી



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા જકાતનાકા પાસે ખેતરના છેડે ઝાડી માં ફેંકી દીધેલ હાલતમાં પાકીટ તેમજ અલગ અલગ લોકોના આધારકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ સહિત પાસપોર્ટ સાઈઝના ફોટા નો જથ્થો જોવા મળતા ખેતર માલિકે પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. રાજપીપળા જકાતનાકા થી થોડે આગળ કેનલ પાસે ખેતરના છેડે જરૂરી ડોક્યુમેન્ટ સહિત પાકીટ અને ફોટાનો જથ્થો મળી આવ્યો હતો, ખેતી કામ કરવા ગયેલ ખેતરના માલિકની નજર પડતા જંગલ ઝાડીમાં અલગ અલગ વ્યક્તિના આધારકાર્ડ તેમજ પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ સહિત પાકીટ નો જથ્થો જોતાજ પોલીસને જાણ કરવામાં આવી હતી, પોલીસ તરતજ ઘટના સ્થળે પહોંચી હતી અને પાકીટ સહિત ડોક્યુમેન્ટ કબ્જે લીધા હતા, જોકે ચોરોએ વિવિધ જગ્યા પરથી ચોરી કર્યા બાદ ડોક્યુમેન્ટ સહિતનો સામાન તેમને કામનો નહી હોય અને ખેતરના છેડે અવાવરું જગ્યા જોઈ ફેંકી દીધો હશે તેવુ પ્રાથમિક તબક્કે લાગી રહ્યું હતું, પરંતુ વરસતા વરસાદમાં ડોક્યુમેન્ટ સહિતનો સમાન પલળીને ખરાબ થઈ જાય તે પહેલાં પોલીસે તમામ સામાનને કબ્જે લઈ આગળ ની તપાસ હાથ ધરી હતી. રાજપીપળા માં આવેલ વિવિધ નાની મોટી સોસાયટીઓમાં છાસવારે ચોરીની ઘટના બનતી હોય છે, જરૂરી પોલીસ પોઈન્ટ પણ વધારી દેવામાં આવ્યા છે, પરંતુ આજે મળી આવેલ જથ્થામાં લોકોના જરૂરી ડોક્યુમેન્ટ છે જે જોતા લાગી રહ્યું છે કે ચોરો એ આ કોઈ એક જગ્યા પરથી ચોરી નથી કરી અલગ અલગ જગ્યા પરથી ચોરી કર્યા બાદ બિન જરૂરી સામાન અહીં ફેંકી દીધેલ છે, પરંતુ હકિત શુ છે એતો પોલીસ તપાસ બાદ જ સામે આવશે.

## મોડાસા અક્ષર નર્સિંગ કોલેજ ખાતે કામકાજના સ્થળે જાતીય સતામણી અધિનિયમ -2013 અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

અરવલ્લીના મોડાસા ખાતે અક્ષર નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ માટે " વર્કપ્લેસ પર મહિલાઓની જાતીય સતામણી ( નિષેધ, રક્ષણ અને નિવારણ) અધિનિયમ, 2013" વિષય પર એક દિવસીય જાગૃતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને જાતીય સતામણી સામે રક્ષણ આપતા કાયદાઓ અને તેના વિશે માહિતી આપવામાં આવી.કો-ઓર્ડિનેટર ભરતભાઈ પરમાર દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે,કોઈપણ અન્યાય સામે કેવી રીતે કાયદાકીય અને મહિલા હેલ્પલાઈનની મદદ લઈ શકાય તેની સમજ અને હિંમતભેર અન્યાય સામે લડત આપવાની શિખ આજે આ જાગૃતિ સેમિનાર માથી મળશે. ક્કાર્યક્રમમા સંબોધન કરતા મહિલા અને બાળ અધિકારીશ્રી હસીના મન્સૂરીએ સંબોધનમાં જણાવ્યું કે,કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અટકાયત અધિનિયમ-2013 અંતર્ગત દરેક કચેરીઓમાં/ કાર્યસ્થળોએ આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવી ખૂબ જ અનિવાર્ય છે. આવી સમિતિઓ થકી મહિલાઓ પોતાનાં કાર્ય સ્થળ પર નિર્ભય બની કાર્ય કરી શકે છે.

## રાજપીપળાના એરોડ્રામ જવાના નવા રસ્તાનું ધોવાણ થતા ખેડૂતની ગાડી ફસાઇ



ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા શહેર માં એરોડ્રામ તરફ ના માર્ગ નું વરસાદ માં ધોવાણ થતાં એક ખેડૂતની ગાડી ફસાઈ હતી અને નવા બનેલા આ રોડ માં ગુણવત્તા વિનાનું મટીરીયલ વપરાયું હોય તેમ જણાય છે કેમ કે આ માર્ગ નવો બન્યો હોવા છતાં મામૂલી વરસાદ માં બંને સાઈડ ઉપર થી ધોવાણ થઈ રહ્યું છે જ્યારે મોટી મોટી તિરાડો પણ જોવા મળતા કામગીરી પર સવાલ ઉઠ્યા છે રાજપીપળા શહેર માં સરકાર દ્વારા કરોડો રૂપિયા વિકાસના કામો માટે ફળવાઈ છે પરંતુ જેતે ખાતાના અધિકારીઓ અને કોન્ટ્રાકટર ની મિલીભગત અને ટકાવારી ના કારણે ગુણવત્તા વાળી કામગીરી થતી નથી જેના કારણે થોડાક સમય માં નવા બનેલા રસ્તા કે મકાન સહિત ની કામગીરી માં ઉણપ જણાય આવે છે.

## ડો. આર.બી. પટેલ લાયન્સ કલબના માધ્યમથી શૈક્ષણિક કીટનું વિતરણ



જગદીશ ત્રિવેદી | લુણાવાડા

શાળાઓમાં શૈક્ષણિક કાર્યની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે જરૂરિયાત મંદ બાળકો શૈક્ષણિક સામગ્રીના અભાવે શિક્ષણમાં પાછળ ન રહે તેવા ઉમદા આશયથી મહીસાગર જિલ્લામાં છેલ્લા પંદર વર્ષથી શાળામાં અભ્યાસ કરતાં બાળકોને સેવાભાવી દાતા ડો. આર બી પટેલ લાયન્સ કલબના માધ્યમથી શૈક્ષણિક કીટનું વિતરણ કરી રહયા છે. આ વર્ષે જિલ્લાની ૧૩૦ જેટલી શાળાઓને ફૂલ સ્કેપ બુક ઉપરાંત પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવતા બાળકોને દફતર સહિતની શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ લુણાવાડા તાલુકાનાં મલેકપુર પ્રાથમિક શાળા ખાતે જિલ્લા કલેકટર નેહાકુમારીના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલ , જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અવનીબા મોરીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો. ડો આર બી પટેલ અને લાયન્સ ક્લબ આયોજિત આ કાર્યક્રમમાં શાળાઓને શૈક્ષણિક કીટ વિતરણ સાથે સાથે તેજસ્વી બાળકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું તેમજ ચોમાસાને અનુલક્ષી કાચું મકાન ધરાવતા જરૂરિયાત મંદ પરિવારને ૪૨ તાડપત્રી વિતરણ કરવામાં આવી હતી. ડો. આર બી પટેલે પોતાના અભ્યાસ કાળમાં પડેલી મુશ્કેલીને વર્ણવી હાલ અભ્યાસ કરતાં બાળકો તકલીફ વેઠયા વગર સારી રીતે ભણી શકે તે માટે તેઓ સતત પ્રયાસ કરી રહ્યા છે તેમ જણાવ્યુ હતું. જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિતના મહાનુભાવોએ ડો. આર બી પટેલની સેવાભાવનાને બિરદાવી શાળાના બાળકો માટેની ઉમદા પ્રવુત્તિ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત રાજ્યમાં એડવોકેટ પ્રોટેક્શન એક્ટ પસાર કરવા નર્મદા બાર એસસિયેશનનું કલેકટરને આવેદન

### બાર એસસિયેશનના પ્રમુખ કુ. વંદના ભટ્ટ ની આગેવાનીમાં આપેલા આવેદન માં છેલ્લા ઘણા વર્ષોમાં વકીલાતના વ્યવસાય પર થયેલા હુમલાઓ અને અન્ય વકીલ વિરોધી હિંસક પ્રવૃત્તિઓમાં વધારો થતાં આ માંગ કરાઈ



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા બાર એસોયિશન દ્વારા આજરોજ નર્મદા કલેકટર ને એક આવેદનપત્ર આપી રાજ્યમાં એડવોકેટ પ્રોટેક્શન એક્ટ પસાર કરવા રજૂઆત કરવામાં આવી નર્મદા બાર એસસિયેશનના પ્રમુખ કુ. વંદના આઈ ભટ્ટ ની આગેવાની માં આપેલા આવેદન માં જણાવ્યા મુજબ અમે, ગુજરાત રાજ્યની વિવિધ અદાલતોના એડવોકેટ એસોસિયેશનના સભ્યોનું સંગઠન રાજ્યમાં વકીલાતના વ્યવસાયકો પર થતી અવાર નવારની હિંસા અને હુમલા ઓની ઘાતક ઘટનાઓને ધ્યાનમાં રાખીને દરેક બાર એસોસીએસન માંથી આ સંયુક્ત રજૂઆત કરી રહ્યા છીએ વકીલો ન્યાયિક પ્રક્રિયા અને સત્ય માટે ની લડતમાં અગ્રેસર રહેતા આવેલા છે. અને હાલમાં ગુજરાતના ૧,૫૦,૦૦૦ કરતા પણ વધુ વકીલો વિવિધ અદાલતોમાં ન્યાયિક કાર્યવાહીમાં એડવોકેટ તરીકે કાર્યરત છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં વકીલાતના વ્યવસાય પર થયેલા હુમલાઓ અને અન્ય વકીલ વિરોધી હિંસક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. અને આ પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને, અમારી સમિતિ(ગુજરાત એડવોકેટ ફાઉન્ડેશન) નમ્રતા પૂર્વક માને છે કે ગુજરાત રાજ્યમાં એક મજબૂત વકીલ સુરક્ષા અધિનિયમ પસાર કરવાની તાત્કાલિક જરૂર છે. જો વકિલો અને તેઓના પરિવારની સુરક્ષા કાયદા દ્વારા સુનિશ્ચિત નહી હોય તો સમાજની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાશે નહિ. વકીલો સમાજના હિત માટે સત્ય અસત્ય માટે કાયદાની પ્રક્રિયા દ્વારા અદાલતોમાં નિર્ભય થઈને કાર્ય કરી શકે તે માટે રાજ્યના વકીલો અને તેમના પરિવારના હિત માટે એડવોકેટ પ્રોટેક્શન એક્ટ હાલના સમયમાં અમલમાં લાવવું જરૂરી થઈ પડ્યું છે, આથી, અમારી નમ્ર વિનંતી છે કે ગુજરાત રાજ્ય વિધાનસભા વકીલ સુરક્ષા અધિનિયમ તાત્કાલિક પસાર કરે, જે વકીલોના હિતને સુરક્ષિત કરે અને કાનૂની વ્યવસાયમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે તેવી નર્મદા બાર એસસિયેશન દ્વારા માંગ કરવામાં આવી છે. આખા ગુજરાત ના તમામ બાર એસો. એ આજે આ સરખું આવેદન પત્ર જે તે જિલ્લા માં આપી વકીલ સુરક્ષા અધિનિયમ પસાર કરવા માંગ કરી છે.




પ્રેમ એ દરેક વ્યક્તિની જરૂરિયાત છે, પ્રેમ એ હૃદયની લાગણી છે જે આપણને જન્મથી જ ભગવાન તરફથી ભેટ તરીકે મળે છે. પ્રેમમાં એકબીજા પ્રત્યે સમર્પણની લાગણી છુપાયેલી હોય છે. જે લાગણી યુવક અને યુવતીને એકબીજા તરફ આકર્ષે છે તેને પ્રેમ કહેવાય છે. આજના સમયમાં યુવાનો એ જાણવા માંગે છે કે તેમના પ્રેમ લગ્ન થશે કે નહીં. જીવનમાં પ્રેમ મેળવવા માટે વ્યક્તિની કુંડળીમાં શુક્રનો ગ્રહ સારો હોવો ખૂબ જરૂરી છે, જ્યોતિષ શાસ્ત્ર અનુસાર તેમાં શુક્ર, ચંદ્ર અને મંગળની વિશેષ ભૂમિકા હોય છે સ્ત્રીની પરિબળ એક ગ્રહ છે. શુક્ર પણ પતિ-પત્ની, પ્રેમ સંબંધ, આનંદ, આનંદ વગેરે માટે જવાબદાર ગ્રહ છે. જો શુક્ર અનુકૂળ હોય, વ્યક્તિની કુંડળીમાં શુક્ર અને મંગળનો સંયોગ હોય અથવા તેમની વચ્ચે સંબંધ હોય, તો આવી સ્થિતિમાં વ્યક્તિના જીવનમાં પ્રેમ ખીલી શકે છે. જ્યોતિષ શાસ્ત્રમાં વ્યક્તિનું લગ્ન કુંડળી પર નિર્ભર કરે છે, આ દર્શાવે છે કે તે એરેન્જડ મેરેજ હશે કે લવ મેરેજ, આ પણ સંપૂર્ણ રીતે કુંડળીમાં ગ્રહોની સ્થિતિ અને ચાલુ સ્થિતિ પર નિર્ભર કરે છે, પરંતુ તે અસમર્થ હોય છે પોતાના સંબંધને લગ્નમાં બાંધવા માટે, એવા ઘણા ઓછા લોકો છે જેમના સંબંધ લગ્ન સુધી પહોંચે છે, આ તમારી કુંડળીમાં કેટલાક વિશેષ ગ્રહો અને ઘરોની સ્થિતિ પર નિર્ભર કરે છે, જો કુંડળીમાં પાંચમા અને સાતમા ઘરનો સ્વામી આવે તો આ સ્થિતિ પ્રેમ જીવન માટે સકારાત્મક તકો પણ બનાવે છે અને તમને તમારો પ્રેમ મળવાની સંભાવના પ્રબળ છે. જો શુક્ર પાંચમા ભાવમાં છે અથવા ચંદ્ર તરફ જોઈ રહ્યો છે, તો આવી સ્થિતિમાં પ્રેમ ગુપ્ત રીતે વધે છે. પંચમેશ અને એકાદશનું એકસાથે બેસવું પણ કુંડળીમાં પ્રબળ પ્રેમ યોગ બનાવે છે. જ્યોતિષશાસ્ત્રમાં શુક્ર ગ્રહને પ્રેમનો કારક માનવામાં આવે છે. જો કુંડળીમાં શુક્રનો સંબંધ ચડતા, પાંચમા, સાતમા અને અગિયારમા ભાવ સાથે હોય તો વ્યક્તિ પ્રેમાળ સ્વભાવનો હોય છે. પ્રેમમાં પડવું એ એક વાત છે અને પ્રેમને લગ્નમાં ફેરવવો એ જુદી વાત છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર પાંચમું ઘર પ્રેમનું ઘર છે અને સાતમું ઘર લગ્નનું ઘર છે. જ્યારે પાંચમું ઘર સાતમા ઘર સાથે સંબંધિત હોય છે, ત્યારે બે પ્રેમીઓ લગ્ન કરે છે. જો પાંચમા ઘરનો નવમા ઘર સાથે શુભ સંબંધ હોય તો પણ બે પ્રેમીઓ પતિ-પત્ની બનીને દામ્પત્ય જીવનનું સુખ ભોગવે છે.

**હાલની સીઝનને ડબલ સીઝન કહી શકાય. ઉનાળાની જેમ પરસેવો પણ થાય અને સાથે વરસાદી માહોલના કારણે ભેજ વધવાના કારણે સ્કીન ચીકણી પણ બને. આ સમયે સ્કીનની વધારે કાળજી લેવાય તે જરૂરી છે. આ સમયે સ્કીનને માટે કેટલાક ખાસ અને સરળ ઉપાયો અજમાવી લેવાય તે જરૂરી છે. તો જાણો ચોમાસામાં કેવો મેકઅપ કરવો અથવા સ્કીન કેરમાં શું ધ્યાન રાખવું.**

# વરસાદી સીઝનમાં સ્કીનનું રાખો ધ્યાન, ટિપ્સ આવશે કામ



### ક્લીન્સરનો ઉપયોગ

વરસાદની ઋતુમાં લાઈટ ક્લીન્ઝરનો ઉપયોગ કરો. તેનાથી તમારા ચહેરાનું કુદરતી તેલ જળવાઈ રહેશે. હાર્ડ ક્લીનઝરનો ઉપયોગ ચહેરામાંથી ભેજ દૂર કરે છે. તેનાથી ત્વચામાં બળતરા, શુષ્કતા અને ખીલ જેવી સમસ્યાઓ થઈ શકે છે.



### લાઇટ વેટ મોઇશ્ચરાઇઝર

વરસાદની ઋતુમાં ત્વચાના છિદ્રો ખુલી જાય છે. જેના કારણે ત્વચામાં ધૂળ અને ગંદકી જામવાનું જોખમ રહે છે. આવી સ્થિતિમાં ત્વચાના છિદ્રોને બંધ કરવા માટે હળવું નોન-ગ્રીસી મોઈશ્ચરાઈઝર લગાવો. તમે ત્વચા પર એલોવેરા, લીમડો અથવા ગુલાબ ધરાવતું મોઈશ્ચરાઈઝર લગાવી શકો છો.



**વરસાદમાં વધે છે સ્કીન સંબંધી સમસ્યાઓ |** કેટલાક લોકો વરસાદ આવતા જ પલળવા લાગે છે. પરંતુ તેનાથી એલર્જી, ફોલ્લીઓ અથવા ખંજવાળ જેવી ત્વચાની સમસ્યાઓ થઈ શકે છે. ભેજ અને બેક્ટેરિયા તમારી ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે. આવી સ્થિતિમાં ચોમાસામાં ત્વચાની યોગ્ય કાળજી લેવી જરૂરી છે. આ સિઝનમાં ત્વચાની સંભાળ કેવી રીતે રાખવી તે પણ જરૂરી છે.



### સનસ્ક્રીન

માત્ર ઉનાળામાં જ નહીં પણ ચોમાસામાં પણ સનસ્ક્રીન લગાવવું જરૂરી છે. આ સિઝનમાં ચહેરા પર વધુ તેલ જોવા મળે છે. આ માટે તમે જેલ અથવા પાણી આધારિત સનસ્ક્રીન લગાવો. તેનું ટેક્સચર પણ નોનસ્ટીકી રહે છે.




### બ્લોટિંગ પેપર

મેકઅપ કર્યા પછી કેટલાક લોકોના ચહેરા પર તેલ દેખાવા લાગે છે. આવી સ્થિતિમાં તમારે બ્લોટિંગ પેપરનો ઉપયોગ કરવો જોઈએ. આ મેકઅપને દૂર કર્યા વિના ત્વચામાંથી વધારાનું તેલ દૂર કરવામાં મદદ કરે છે. ચોમાસાની ઋતુમાં ત્વચાની સંભાળને લઈને સહેજ પણ બેદરકાર ન રહો. વરસાદની મોસમમાં માત્ર હળવા ઉત્પાદનોનો ઉપયોગ કરો.

# કબજિયાતે હાલત કરી દીધી છે ખરાબ ?

## રાત્રે દૂધમાં આ વસ્તુ ઉમેરી પી લો, સવારે પેટ થઇ જશે સાફ

ઓઈલી અને મસાલેદાર ફૂડ ખાવામાં ટેસ્ટી લાગે છે પરંતુ તે શરીરને ભયંકર નુકસાન કરે છે. ખાસ કરીને જ્યારે તમે ફાસ્ટ કે ઝંક ફૂડ ખાવ છો તો તેમના પાચનમાં શરીરને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વારંવાર આ પ્રકારનું ભોજન કરવાથી પાચનમાં ગડબડ ઊભી થાય છે. જ્યારે પાચનતંત્ર ડિસ્ટર્બ થાય છે તો સૌથી પહેલા કબજિયાત થઈ જાય છે. ઘણા લોકો એવા હોય છે જેમને કબજિયાતની સમસ્યા હોય. જો તમને પણ સવારે પેટ સાફ આવવામાં તકલીફ પડતી હોય તો આજે તમને કબજિયાત મટાડવાનો અચૂક ઉપાય જણાવીએ. જ્યારે કબજિયાત થઈ જાય તો ડેઇલી લાઇફમાં નોર્મલ એક્ટિવિટી કરવી પણ મુશ્કેલ થઈ જાય છે. સવારે પેટ સાફ ના આવે તો આખો દિવસ બેચેની અનુભવાય છે. કબજિયાતને મટાડવા માટે દવા લેવાને બદલે તમે આ કામ કરી શકો છો. જો તમે રાત્રે સુતા પહેલા એક ગ્લાસ દૂધમાં એક ચમચી ઘી ઉમેરીને પીવો છો તો કબજિયાત મટે છે. દૂધ સંપૂર્ણ આહાર છે તેમાં દરેક પ્રકારના પોષક તત્વો હોય છે. જ્યારે ઘીમાં નેચરલ ફેટ હોય છે. દૂધ અને ઘી નું કોમ્બિનેશન સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે.





### દૂધમાં ઉમેરીને પીવાથી થતા ફાયદા

**તમે ઘણી વખત જોયું હશે કે ઘણા લોકોને હાડકા અને સાંધાના દુખાવાની ફરિયાદ હોય. આવા લોકો પણ જો રાત્રે એક ગ્લાસ દૂધમાં ઘી ઉમેરીને પીવે છે તો તે સાંધામાં લુબ્રિકેશનનું કામ કરે છે અને તેનાથી સોજા દૂર થાય છે.**

**દૂધમાં ઘી ઉમેરીને રાત્રે પીવાથી એવા લોકોને સૌથી વધુ ફાયદો થાય છે જેને ઊંઘ ન આવતી હોય. જમ્યાની બે કલાક પછી એક ગ્લાસ દૂધમાંથી ઉમેરીને પી લેશો તો રાત્રે સાતથી આઠ કલાકની ઊંઘ આરામથી આવશે.**

**જો દિવસ દરમિયાન તમારે ફિઝિકલી એક્ટિવ રહેવું પડતું હોય અને શરીરને એનર્જીની જરૂર હોય તો સ્ટેમિના વધારવા માટે તમે દૂધ અને ઘીનું સેવન કરી શકો છો. નિયમિત રીતે દૂધમાં એક ચમચી ઘી ઉમેરીને પીશો તો થોડા જ અઠવાડિયામાં તમારો સ્ટેમિના વધી જશે અને તમને ફિઝિકલી એક્ટિવ રહેવામાં પણ થાક નહીં લાગે.**

# નકલી કાજૂ તો નથી ખાતાને તમે?

## ફાયદો પણ નહી થાય અને પૈસા પણ વેડફાશે



ડ્રાય ફ્રૂટ્સમાં લોકો કાજુ (cashew nut) નું સૌથી વધુ સેવન કરે છે. તેનો સ્વાદ પણ ઘણો સારો છે અને તે ઘણા પોષક તત્વોથી પણ ભરપૂર છે. કેટલાક લોકો તેને ઘીમાં શેકીને ખાવાનું પણ પસંદ કરે છે. કાજુનો ઉપયોગ ઘણી બધી મીઠી વાનગીઓમાં થાય છે. તમે બજારમાંથી કાજુ ખરીદો છો. તે ખૂબ મોંઘા પણ હોય છે, તેથી જ્યારે તે સડેલા અથવા ખરાબ સ્વાદમાં નિકળે ત્યારે તે દુઃખી થાય છે.

પૈસા પણ વેડફાય છે. આજકાલ નકલી કાજુ પણ બજારમાં પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. તો તમે કેવી રીતે જાણી શકશો કે તમે જે કાજુ ખરીદી રહ્યા છો તે સારી ગુણવત્તાના છે કે નહીં? અસલી અને નકલી કાજુ વચ્ચે કેવી રીતે તફાવત કરવો? ચાલો અમે તમને કેટલીક સરળ ટિપ્સ જણાવીએ, જેના દ્વારા તમે ચકાસી શકો છો કે કાજુ શુદ્ધ છે કે નકલી. કાજુ ખરીદતી વખતે રંગો પર ધ્યાન આપો.

જો કાજુનો રંગ થોડો પીળો હોય તો તે નકલી છે, જ્યારે કાજુ સફેદ હોય તો તે શુદ્ધ અને અસલી છે. તેનો સ્વાદ પણ સારો રહેશે. સફેદ કાજુ ગુણવત્તામાં પણ સારા છે. જો તમે કાજુ ખરીદો છો, તો રંગ પર ધ્યાન આપો.

એ પણ તપાસો કે ત્યાં કોઈ ડાઘ, કાળાશ કે છિદ્રો તો નથી. આવા કાજુ અંદરથી સડેલા હોઈ શકે છે. સારી ગુણવત્તાવાળા કાજુ થોડા મોંઘા હોય છે. જો કાજુ અસલી હોય તો તે ઝડપથી બગડી શકતા નથી. તો બીજી તરફ નબળી ગુણવત્તાવાળા કાજુ ઝડપથી સડી શકે છે. તેમાં જંતુઓ અને જીવાત હોઈ શકે છે. તેનો સ્વાદ પણ ઝડપથી બગડી શકે છે. જે અસલી કાજૂ હોય છે તેને તેની સાઈઝથી ઓળખી શકો છો. જો કાજુ એક ઈંચ લાંબો અને થોડો જાડો હોય તો તે અસલી કાજુ હોઈ શકે છે.

આના કરતા મોટા અથવા અત્યંત નાના કાજુ નકલી હોઈ શકે છે. સાથે જ કાજુ બહુ જાડા ન હોવા જોઈએ. કાજુ ખરીદતી વખતે આકાર અને કદ પર ચોક્કસ ધ્યાન રાખો. કેટલીકવાર તમે કાજુની શુદ્ધતા તેની સુગંધથી ઓળખી શકો છો. તમે બે-ત્રણ કાજુ સૂંઘીને જુઓ. જો હળવી ગંધ હોય તો તે વાસ્તવિક કાજુ છે.

જો તેની ગંધ તેલ જેવી હોય, તો તે નકલી કાજુ હોઈ શકે છે. તમે કાજુને ખાઈને તેની શુદ્ધતા પણ ચકાસી શકો છો. જો તમે કાજુ ચાવવાથી તે તમારા દાંત પર ચોંટી જાય તો સમજો કે તે નકલી કાજુ છે. આવા કાજુ દાંતમાંથી જલ્દી દૂર થતા નથી. જો કાજુ ખાધા પછી તમારા દાંત પર ચોંટતા નથી, તો તે શુદ્ધ અને અસલી કાજુનો સંકેત છે.

# વર્તમાન સમયમાં પારિવારિક ટીવી સિરિયલ એ સમાજનો પડઘો માનવામાં આવે છે



**ટીવી સિરિયલનું પાત્ર**

**- રુપાલી દવે**

ડેઈલી શોપમાં નિયમિત આવતી ટી.વી સિરિયલ ની સ્ટોરી શું છે? એ વિશે સમજતા હપ્તા ના હપ્તા નીકળી જશે. પરંતુ માણસ સિરિયલ માં સયુંકત પરિવાર ની મીઠાશ માં એવો ખોવાઈ જાય છે ને કે એને કન્ટેન્ટ ની ખાસ પડી નથી."યે રિશ્તા ક્યા કહેલાતા હે" રૂઢિચુસ્ત મારવાડી પરિવાર ની જીવન શૈલી પર બનાવવી છે પરંતુ એના કન્ટેન્ટ વિશે વિચારશો તો જોવાનું મન જ થશે નહિ.. ટી.વી સિરિયલ સમજતા કમ સે પાચ વર્ષ જેટલું લાગશે.જેમકે "સાસ ભી કભી બહુ થી" સિરિયલ માં ગરીબ પરિવાર માંથી આવતી તુલસીની સાથે સયુંકત પરિવાર ના સૌથી મોટા દીકરા વારિશ મમ્મી ના લાડલા મિહિર એ લગ્ન કર્યા એમાં બધી બબાલ છે.મમ્મી ને તુલસી પસંદ નથી પણ બા ની લાડકી છે.મમ્મી એ મનોમન પ્યારા દીકરા ની વહુ માટે પસંદ કરેલી ભણેલી ગણેલી અબજોપતિ પરિવારની હાઈફાઈ વ્યક્તિ છે.સાસુ ને પરિવાર ના સ્ટેટ્સ અનુસાર વહુ ની પસંદગી જરૂરી લાગતી હતી.પરંતુ સાસુ ની ઉમ્મીદ પર એના લાડલા એ રીતસરનું પાણી ફેરવી મૂક્યું. પરિવાર માં નાના મોટા કામ કરતા નોકર ની દીકરી "તુલસી" મનમાં વસી ગઈ હતી.સાસુ ને દીકરા એ એની પસંદ કરેલ છોકરી સાથે લગન ના કર્યા એનો રંજ હદય માં ઊંડે ઊંડે હોય છે..આ પરિસ્થિતિ માં મમ્મીઓની ફાઈટ કોની સાથે હોવી જોઈએ? દીકરા કે વહુ. સામન્ય રીતે પ્રશ્ન નો જવાબ દીકરા સાથે. પરંતુ ભારતીય લોકોની પ્રથમ પસંદ એ ટી.વી સિરિયલ માં છોલોછલ પીરસેલું પારિવારિક સ જીવન હોય છે.વર્તમાન સમયમાં સયુંકત કુટુંબો તૂટવા લાગ્યા છે ને વિભક્ત કુટુંબ નું અસ્તિત્વ વધ્યું છે. પરંતુ જે યુવક યુવતીઓ એ સયુંકત પરિવાર ની મજા માણી નથી એને ટીવી સીરીયલ માં દર્શાવેલ પરિવાર પસંદ આવે છે એટલે તો ટીવી સીરીયલ પાચ છ વર્ષ બમપર હિટ કમાણી કરતી હોય છે.

પરંતુ સિરિયલ માં રિયલ લાઈફ માં સાસુ વહુ,નણંદ ભોજાઈ, દેરાણી જેઠાણી નું ગઠબંધન ખાસ હોતુ નથી.ઘણા પરિવાર માં તો વડીલો "ભાગલા પાડી રાજ કરો" ની નીતિ અનુસાર બધાને સાથે થવા જ દેતા નથી.આમપણ ભાઈના ગૃહસ્થ જીવનમાં નણંદ દ્વારા લાલ મરચા નો તડકો પડે તોજ પબ્લિક ને સિરિયલ ને બેત્રણ વાર રીપિટ જોવી ગમે છે.

પરંતુ "કહાની ઘર ઘર કી" સિરિયલ થી વિરૂદ્ધ "સાથ નિભાના સાથીયા" સિરિયલ માં સાસુ વહુ નો સબંધ તદન અલગ છે. દીકરા ને પળેપળે ખુશ રાખવા માંગતી સાસુ એવી વહુ એટલે "રોબોટ" ની શોધમાં હોય છે ને અંતે એને ગુણિયલ રોબોટ ના ગુણધર્મ ધરાવતી ગોપીવહુ મળી પણ જાય છે સામન્ય પરિવાર ની અનાથ છોકરી "ગોપી" પર સાસુ ની તનમન ની પસંદગી ઉતરી જાય છે.શું કામ? પૂછશો તો આખું વર્ષ પૂર્ણ થતાં સિરિયલ નું રહસ્ય ખબર પડશે. ગોપી વહુ એ અનાથ થઈ ગયા બાદ બાળપણ થી જ એના મામા ને ઘરે આશ્રય લીધો હોય છે. મામા તો ભગવાનનું માણસ છે પણ મામી પાક્કા કાટલાં જેવી છે એણે સમજણ આવતા જ ગોપી પર ઘરના કામકાજ જવાબદારીઓ મૂકી દીધી. પાંચ ચોપડી થી આગળ ભણવા પણ ના દીધી. ગોપી અનાથ અને અભણ હતી એટલે સાસુ કોકિલા માનતી હતી કે આંખ ના ઈશારે ગોપી વહુ ને નચાવિશ.ને સિરિયલ જેટલા વર્ષ ચાલી એટલા વર્ષ સાસુ કોકિલા એ ગોપી વહુ ને "બડે કામ કા બંદર" ના ગીત માં નાચ નચાવી હતી. લગ્ન પહેલા મામી ના ઈશારે કામ કરતી હતી લગન બાદ સાસુ ના ઈશારે એટલે ગોપીના જીવનમાં ખાસ ફર્ક ના પડ્યો પણ સાસુ નો મેકઅપ અને રોફ પર વ્યૂઅર ઓળઘોળ થઈ ગયા.એટલે તો સાથ નિભાના સાથિયા સિરિયલ એ વખતની તમામ સિરિયલ પછાડી ને વરસોના વરસ કબજો જમાવી રાખ્યો હતો.



વર્તમાન સમયમાં સિરિયલ તો ક્યારની પૂરી થઈ ગઈ છતાંય સાસુ કોકિલા અને ગોપી વહુના મીમ્સ,જોક્સ વગેરે સોશિયલ મીડિયામાં દયા જેઠા ની જોડી માફક મજા પડે એવા હોય છે. "સાથ નિભાના સાથિયા" ના રીપીટ એપિસોડ લોકો ને નિહાળવા પસંદ છે કેમ? કેમકે સિરિયલ નું કન્ટેન્ટ લોક ભોગ્ય છે. થાળીમાં મીઠાઈ ની સાથે ફરસાણ મૂકવા નો રિવાજ "સાથ નિભાના સાથિયા" સિરિયલ માં જળવાયો છે. મનોરંજન ટી.વી ચેનલ ની મુખ્ય શરત કન્ટેન્ટ લોક ભોગ્ય ને પરિવાર સાથે જોઈ શકાય એવું હોવું જરૂરી છે. બધા થી અલગ બાલિકા વધુ સિરિયલ માં સાસુ સુમિત્રા અને વહુ આનંદી ની જોડી માં એકબીજા પ્રત્યે પ્રેમ અને લાગણી વધારે છે પરંતુ પરિવાર ના વડીલ દાદી સા નું પાત્ર માય નેમ ઈઝ પ્રેમ ચોપરા,નાચ બસંતી નાચ ગબ્બર, શાકાલ, હા હા હા ખુશ હુવા વગેરે વિલન પાત્રો કરતાંય ખોફનાક બનાવ્યું છે.નાનકડી આનંદી ની ગુડા ગુડી રમવાની ઉંમરે દાદી સા એની પાસે નોકરો જેવું કામ કરાવતા હતા.નાનકડી વહુ ને કામ કરતા નિહાળી ને સાસુમા સુમિત્રા ની આંખ માંથી આંસુઓ નું ઘોડાપૂર વહેતુ ને સાથે દર્શકો પણ નિયમિત રડતા હતા.સાસુ પણ દાદી સા ખોફ માં જીવતા હતા એ ના હુકમ આગળ દીકરાઓને પણ ડાન્સ કરવો પડતો હતો.ટૂંકીવાર્તા માંથી બનેલ મૂવી એ લેખક ની મૂળ કૃતિ ને મળતી આવે છે. ટી વી સિરિયલ "બાલિકા વધુ" નું કન્ટેટન લોક ભોગ્ય લેખક રામ મોરી એ બનાવ્યું છે.

સાચું તો એ છે કે ભારતીય સંસ્કૃતિ માં સયુંકત પરિવાર નું નિર્માણ અને વહુ બન્ને નું ખાસ કનેકશન છે. આમ પણ સયુંકત પરિવાર ની વેલ્યુ વિભક્ત પરિવાર કરતા વધારે છે એક છત્ર નીચે સયુંકત પરિવાર ત્યારે જ જીવી શકે જ્યારે પરિવારની લગામ એક કડક વ્યક્તિ એ હાથમાં મજબૂતી થી પકડી રાખી હોય. બેત્રણ દીકરાઓનો પરિવાર સાથે રાખવો ખૂબ મુશ્કેલ છે. સયુંકત મિલકત ના ઝગડાઓ કે નાની મોટી જવાબદારીઓમાં નાની મોટી તકરાર થવી સામન્ય છે. મોટાભાગે તકરાર એ કિચન પોલીટિક્સ માંથી ધીમે ધીમે શરૂઆત થઈ ને બેડરૂમ મા મંત્રણા ના સ્તરે પોહચી જાય છે. પરિવાર ના બે કે ચાર દીકરાઓ લગન પહેલા તો માબાપ સાથે ખુશખુશાલ જીવન જીવતા હોય છે ત્યારે પણ માબાપ નો ઝુકાવ પરિવાર ના નાના મેમ્બર પર વધારે હતો તોય ઝગડા નહતા થતાં તો લગન બાદ એવું તે શું બદલાયું? લગન બાદ પરિવારમાં નવી વ્યક્તિનું આગમન થતાં દીકરાઓ ની લાઈફ સ્ટાઈલ માં ધરખમ ફેરફાર આવે છે.નવી વ્યક્તિ ના આગમન બાદ સયુંકત પરિવાર નો મોભી કડક વલણ ધરવતો હોય તો એ જ્યાં સુધી જીવિત છે ત્યાં સુધી પરિવાર એક છત્ર નીચે જીવશે.

વર્તમાન સમયમાં પારિવારિક ટી.વી સિરિયલ એ સમાજ નો પડઘો માનવામાં આવે છે.આ મોટાભાગની સિરિયલ માં "વહુ" નું પાત્ર સેન્ટર સ્થાન માં છે.વહુ ના પાત્ર ની ફરતે પરિવાર વિટલાયેલો સમજો.મનુષ્ય ની માનસિક સમજ એ છે કે એ જેનું ધ્યાન ધરે છે એ ધીરે ધીરે એ વિષય માં ઓળઘોળ બની જાય છે. આ વહુ સાસુ નું પાત્ર ખૂબ ફેવરિટ સમજો, વહુ નણંદ નું પાત્ર બીજા નંબરે અને ભાભી દિયર ના પાત્ર ની વિશેષતા એ છે કે બન્ને ના સબંધ માં એન્ડ સુધી બદલાવ થતો નથી. ઉંમર ના અમુક પડાવ બાદ વહુ નું સાસુ અને નણંદ સાથે ખટરાગ સંભવ છે.ટી.વી સિરિયલ ની જેમજ ગૃહિણીઓ દિવસભર પરિવાર માટે દોડભાગ કરીને ભોજન થી લઈને ઘરકામ બધું જ કરતી હોય છે છતાંય પરિવાર ને એનું ખાસ મૂલ્ય નથી હોતું.આ જ કારણોસર સિરિયલ ની નાયિકા ની અંદર ખુદ મનોભાવ ને શોધવા મથતતી હોય છે.કહેવાય છે કે સાસરિયે સ્ત્રીનું અસ્તિત્વ પતિ સાચવતા હોત તો સાસ વહુ ની સિરિયલ ને કાયમી તાળા લાગી ગયા હોત.

# આખરે 'ઇમર્જન્સી' રિલીઝ થશે




## કંગનાનો પોસ્ટરમાં ધુંઆધાર લુક, 6 સપ્ટેમ્બરે સિનેમાઘરમાં ધૂમ મચાવશે

(એજન્સી) મુંબઇ | કંગના રનૌતની આગામી ફિલ્મ 'ઈમર્જન્સી' છે. જેમાં કંગના પોતે પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા નિભાવશે. આ સિવાય ફિલ્મનું નિર્દેશન પણ કંગનાએ પોતે જ કર્યું છે. અગાઉ ત્રણ-ત્રણ વાર ફિલ્મની રિલીઝ ડેટ મોકૂફ રાખ્યા આબાદ આખરે રિલીઝ ડેટ જાહેર કરી છે. આ ફિલ્મ 6 સપ્ટેમ્બર 2024એ રિલીઝ થશે. કંગનાના પ્રોડક્શન હાઉસ મણિકર્ણિકાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ફિલ્મની રિલીઝની માહિતી આપવામાં આવી છે. મણિકર્ણિકા ફિલ્મ્સે ઈન્સ્ટાગ્રામ હેન્ડલ દ્વારા ફિલ્મની રિલીઝ ડેટ વિશે માહિતી આપતાં જણાવ્યું છે કે, 'સ્વતંત્ર ભારતના સૌથી કાળા અધ્યાયના 50મા વર્ષની શરૂઆત, 6 સપ્ટેમ્બર 2024ના રોજ કંગના રનૌતની 'ઈમર્જન્સી' સિનેમાઘરોમાં આવશે. ભારતીય લોકશાહીના ઈતિહાસના સૌથી વિવાદાસ્પદ પ્રકરણની ગાથા 'ઈમર્જન્સી' 6 સપ્ટેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં....'
ફિલ્મની રિલીઝ ડેટ પરથી પડદો ઉંચકાયા બાદ ફેન્સની પ્રતિક્રિયાઓ સામે આવવા લાગી છે. મોટાભાગના લોકો આ પોસ્ટના કમેન્ટ બોક્સમાં ફાયર અને હાર્ટ ઈમોજી દ્વારા પોતાની લાગણીઓ વ્યક્ત કરી રહ્યા છે. લોકોની આ પ્રકારની કમેન્ટ્સ પરથી અંદાજ લગાવી શકાય છે કે લોકો આ ફિલ્મની કેટલી આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.
ઈમરજન્સીની સ્ટાર કાસ્ટની વાત કરીએ તો કંગના સિવાય અનુપમ ખેર, દિવંગત એક્ટર સતીશ કૌશિક, શ્રેયસ તલપડે, મહિમા ચૌધરી અને મિલિંદ સોમન જેવા સ્ટાર્સ આ ફિલ્મમાં જોવા મળશે. આ ફિલ્મનું દિગ્દર્શન કંગનાએ પોતે કર્યું છે. આ પહેલાં પણ તેમણે 'મણિકર્ણિકા' ફિલ્મ ડિરેક્ટ કરી હતી.
વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કંગના છેલ્લે 'તેજસ' ફિલ્મમાં મોટા પડદા પર જોવા મળી હતી. ગયા વર્ષે રિલીઝ થયેલી ઘણી ચર્ચા છતાં તે બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી. ટિકિટ બારી પર ફિલ્મને '12th ફેલ' સામનો કરવો પડ્યો હતો. બોક્સ ઓફિસની આ લડાઈમાં કંગનાની ફિલ્મ ઘણી પાછળ રહી ગઈ હતી.
ફિલ્મ 'ઈમર્જન્સી' એક પોલિટિકલ ડ્રામા કંગના રનૌતે કહ્યું કે, આ ફિલ્મ એક પોલિટિકલ ડ્રામા છે. આ ફિલ્મ પૂર્વ વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીની બાયોપિક નથી .તે એક ભવ્ય પીરિયડ ફિલ્મ છે. આ ફિલ્મ મારી પેઢીને વર્તમાન ભારતના સામાજિક-રાજકીય પરિદ્રશ્યને સમજવામાં મદદ કરશે. આ પહેલાં પણ કંગના રનૌત ફિલ્મ 'થલાઈવી'માં તમિલનાડુનાં દિવંગત સીએમ જયલલિતાનો રોલ કરી ચૂકી છે. આ ફિલ્મમાં તેના પાત્રની ખૂબ પ્રશંસા

# 'મિસ્ટર ઈન્ડિયા'ના શૂટિંગનો કિસ્સો

## શ્રીદેવી બાળ કલાકારોને આઈસ્ક્રીમની લાલચ આપીને ડાન્સ શીખવા માગતાં હતાં

(એજન્સી) મુંબઇ | 'મિસ્ટર ઈન્ડિયા' દિવંગત એક્ટ્રેસ શ્રીદેવીની આઈકોનિક ફિલ્મો પૈકી એક છે. આ ફિલ્મમાં કોરિયોગ્રાફર અને ડિરેક્ટર અહેમદ ખાને બાળકલાકાર તરીકે કામ કર્યું હતું. હાલમાં જ ઈન્ટરવ્યૂમાં અહેમદ ખાને ખુલાસો કર્યો હતો કે શૂટિંગ દરમિયાન શ્રીદેવીએ ફિલ્મમાં કામ કરતા બાળકોને આઈસ્ક્રીમની લાલચ આપી હતી અને બદલામાં તેમની પાસેથી બ્રેક ડાન્સ શીખ્યો હતો.




અત્રે ઉલ્લેખનીય છે કે, 1987ની આ ફિલ્મમાં શ્રીદેવી અને અનિલ કપૂરની જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. આ ફિલ્મમાં અમરીશ પુરી અને સતીશ કૌશિક જેવા કલાકારો પણ હતા. ફિલ્મના ગીત 'હવા હવાઈ'માં શ્રીદેવીના ડાન્સ સ્ટેપને લોકો આજે પણ પસંદ કરે છે. અહેમદ ખાને સિદ્ધાર્થ કાનનને આપેલા ઈન્ટરવ્યૂમાં શ્રીદેવી સાથે ફિલ્મ 'મિસ્ટર ઈન્ડિયા'માં કામ કરવાનો અનુભવ શેર કર્યો હતો. તેમણે કહ્યું કે તે અને અન્ય બાળકો એક દિવસ સિરિયસ સીનનું શૂટિંગ કરી રહ્યા હતા. ત્યારબાદ શ્રીદેવી આવી અને તમામ બાળકોને આઈસ્ક્રીમ ઓફર કરી પરંતુ એક શરત પણ મૂકી હતી.' અહેમદ ખાને આગળ કહ્યું, 'તે (શ્રીદેવી) અમને એક રૂમમાં લઈ ગયા અને આઈસ્ક્રીમ આપ્યો. પછી તેઓએ કહ્યું, 'હું તમને આઈસ્ક્રીમ એટલે નથી આપતી કે તમે લોકો મને પસંદ છો, પરંતુ એટલે આપું છું કે હું તમારી પાસેથી બ્રેક ડાન્સ શીખવા માગું છું. આ પછી અમે તેમને કેટલાક ડાન્સ સ્ટેપ શીખવ્યા અને આ રીતે અમે મિત્રો બની ગયા.' અહેમદ ખાને શ્રીદેવીના વખાણ પણ કર્યા હતા. તેમણે કહ્યું, 'તેઓ રિઝર્વ રહેતાં હતાં, લોકો સાથે વધારે વાત નહોતાં કરતાં. પરંતુ એકવાર કેમેરા ચાલુ થઈ જાય પછી તે તેમના રોલમાં સંપૂર્ણ રીતે આવી જતાં હતાં. બિલકુલ માઈકલ જેક્સન જેવા જ હતા, જે વાસ્તવિક જીવનમાં સંપૂર્ણપણે શાંત અને સ્ટેજ પર હંગામો મચાવતા હતાં.' અહેમદ ખાનના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે હાલમાં ફિલ્મ 'વેલકમ 3'ની તૈયારીમાં વ્યસ્ત છે. તેમણે પોતે જ આ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, પરેશ રાવલ, દિશા પટણી, જેકલીન ફર્નાન્ડીઝ, અરશદ વારસી, સુનીલ શેટ્ટી, જોનીલીવર છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થશે. અગાઉ, અહેમદે 'બાગી 2', 'બાગી 3' અને 'હીરોપંતી 2' જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું હતું.

# હસવાની બીમારીથી કંટાળી ગઇ અનુષ્કા શેટ્ટી



(એજન્સી) મુંબઇ | ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા સ્ટાર્સ છે જે વિચિત્ર બીમારીઓના શિકાર બન્યા છે. ફિલ્મ બાહુબલીથી લોકપ્રયિતા મેળવનારી અનુષ્કા શેટ્ટી પણ એક રેર ડિસીઝનો સામનો કરી રહી છે.
એક ઈન્ટરવ્યુમાં અનુષ્કા શેટ્ટીએ જણાવ્યું હતું કે, મને હસવાની બીમારી છે.એક વખત હસવાનું શરૂ કર્યા પછી હું ૧૫-૨૦ મિનીટ સુધી હસતી રહુ છું. શૂટિંગ દરમિયાન પણ હું ઘણીવખત હસતા-હસતા જમીન પર લોટ-પોટ થઇ ગઇ હતી. આ બીમારીના કારણે શૂટિંગ પણ ઘણી વખત કેટલાય રી-ટેક લેવા પડયા છે. હસવું એ મારા માટે હવે સમસ્યા બની ગઈ છે. અનુષ્કા શેટ્ટી જે બીમારીના ભરડામાં આવી છે તેને સ્યૂડોબુલબાર અફેક્ટ અથવા તોપીબીએ તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વ્યક્તિ ખડખડાટ હસતો જ અથવા તો રડતો રડે છે. આ બીમારી મગજમાં ઈજા અથવા ન્યૂરોલોજિકલ સ્થિતિને ડેવપ કરી શકે છે.



# 49 વર્ષની અમિષા પટેલે લગ્ન કેમ ન કર્યા...?

## એક્ટ્રેસે કહ્યું, 'હું ઘણા સમયથી તૈયાર છું, પણ છોકરો નથી મળતો', ફેન્સે કહ્યું : 'સલમાન અપરિણીત છે, તેની સાથે કરો'


(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ અમિષા પટેલે હાલમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ફેન્સ સાથે 'આસ્ક મી એનિથિંગ' સેશન કર્યું હતું. આ દરમિયાન તેમણે ફેન્સના અનેક સવાલોના રસપ્રદ જવાબો આપ્યા.
જ્યારે એક ચાહકે અમિષાને પૂછ્યું કે તેણે હજુ સુધી લગ્ન કેમ નથી કર્યા તો તેમણે કહ્યું, 'હું ઘણા સમયથી તૈયાર છું, મને કોઈ છોકરો નથી મળી રહ્યો.'
એક સેશન દરમિયાન એક ફેને 49 વર્ષની અમિષાને પૂછ્યું કે શું તેના સલમાન ખાન સાથે લગ્ન કરવાની કોઈ શક્યતા છે કારણ કે સલમાન પણ અપરિણીત છે, તો અમિષાએ કહ્યું, 'સલમાન અને હું અપરિણીત છીએ, તો શું તમને લાગે છે કે અમારે લગ્ન કરી લેવા જોઈએ? આમાં વાંધો શું છે? શું તેઓ ફિલ્મ વિશે વાત કરી રહ્યા છે કે અસલી લગ્નની? આસ્ક મી એનિથિંગ સેશનમાં અમિષાએ ફિલ્મ 'હમરાઝ'ની સિક્વલ વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું, 'અબ્બાસ મસ્તાન જીના કહેવા પ્રમાણે, 'હમરાઝ 2'ની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. સુપરકૂલ બોબીએ ફિલ્મ 'એનિમલ' સાથે કરેલા ધડાકા પછી અમને તે લેવલની સ્ક્રિપ્ટની જરૂર પડશે જેના પર ડિરેક્ટર અને નિર્માતા હાલમાં કામ કરી રહ્યા છે. આ વિશે હું હમણાં જ જાણું છું. જો મને બીજું કાંઈ ખબર હશે, તો હું ચોક્કસ તમારી સાથે શેર કરીશ.



વર્ક ફ્રન્ટની વાત કરીએ તો,અમિષાની અગાઉની ફિલ્મ 'ગદર-2' હતી જેમણે ગ્લોબલ બોક્સ ઓફિસ પર 691 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ ફિલ્મમાં સ્ક્રીનનો ઓછો સમય હોવા છતાં, જ્યારે એક ફેન્સે એક્ટ્રેસને 'આસ્ક મી એનિથિંગ' સેશનમાં પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેમને કહ્યું, 'ગદર 2' એક શાનદાર ફિલ્મ હતી અને પટકથા સ્ક્રિપ્ટ મુજબ ચલાવવામાં આવી હતી. એક એક્ટર હોવાને કારણે આપણે સ્વાર્થી બનીને પહેલા ફિલ્મ વિશે વિચારવું પડશે. મને સકીનાનો રોલ ગમે છે અને તેના કારણે તેમને મળેલી લોકપ્રિયતાની પણ મને કદર છે. હા, જો મને 'ગદર 3'ની ઑફર મળશે, તો મને સ્ક્રિપ્ટ ગમશે તો જ કરીશ.
અમિષાએ વર્ષ 2000માં ફિલ્મ 'કહો ના પ્યાર હૈ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ પછી તેણે 'હમરાઝ', 'ગદર એક પ્રેમ કથા', 'મંગલ પાંડે', 'યે હૈ જલવા' સહિત ઘણી ફિલ્મોમાં કામ કર્યું.

## 'જવાન' ડિરેક્ટર એટલી સાથે વાતચીત કરી, 'સિકંદર'ના શૂટિંગ બાદ આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે

# સાઉથના સુપરસ્ટાર થલાઈવા સાથે ભાઈજાન જોવા મળશે



(એજન્સી) મુંબઇ | 2023ની સૌથી સફળ અને સૌથી વધુ કમાણી કરનાર બ્લોકબસ્ટર ફિલ્મ 'જવાન'નું દિગ્દર્શન કરનાર એટલીએ આગામી ફિલ્મની તૈયારીઓ શરૂ કરી દીધી છે. એટલીની આ ફિલ્મમાં સુપરસ્ટાર સલમાન ખાન લીડ રોલમાં છે. હવે સાઉથના સુપરસ્ટાર થલાઈવા રજનીકાંત પણ આ પાન ઈન્ડિયા પ્રોજેક્ટમાં જોડાઈ રહ્યા છે. આ પહેલીવાર છે જ્યારે સલમાન ખાન અને રજનીકાંત કોઈ ફિલ્મમાં સાથે કામ કરશે.
હાલમાં બોલિવૂડ હંગામાના રિપોર્ટ અનુસાર, આ ફિલ્મના સિલસિલામાં સલમાન ખાન અને રજનીકાંત ટૂંક સમયમાં મુલાકાત કરશે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, આ ફિલ્મ સન પિક્ચર્સ દ્વારા બનાવવામાં આવશે અને તેઓ સુપરસ્ટાર રજનીકાંત સાથે પારિવારિક સંબંધો ધરાવે છે. બીજી તરફ એટલી છેલ્લાં 2 વર્ષથી સલમાન ખાનના સંપર્કમાં છે. તેઓ સલમાન ખાન અને રજનીકાંતને ઓનબોર્ડ લાવવાનો વિશ્વાસ ધરાવે છે. રજનીકાંત અને સલમાન આવતા મહિને આ ફિલ્મના સંબંધમાં મુલાકાત કરશે.
રિપોર્ટ અનુસાર, સલમાન ખાન આગામી ફિલ્મ 'સિકંદર'નું શૂટિંગ પૂરું કર્યા પછી એટલીની ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. બીજી તરફ રજનીકાંત પણ 'કુલી' ફિલ્મમાં વ્યસ્ત છે. તેઓ 'કુલી' પછી તેમની તારીખો આપશે. ઘણી પેઢીઓ આ કોમ્બીનેશનને યાદ કરશે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. એવો અંદાજ છે કે વર્ષના અંત સુધીમાં ટાઈટલ જાહેર થશે.
અત્રે ઉલ્લેખનીય છે કે, 'ટાઈગર 3' પછી સલમાન ખાન ફિલ્મ 'સિકંદર'નો ભાગ છે. હાલમાં આ ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. બીજી તરફ રજનીકાંત 'જેલર' બાદ 'કુલી'ની તૈયારીમાં વ્યસ્ત છે. એટલી કુમારની વાત કરીએ તો તેમણે 2023માં આવેલી ફિલ્મ 'જવાન'થી ડિરેક્ટર તરીકે બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. તેમણે 2013માં આવેલી તમિળ ફિલ્મ 'રાજા રાની'થી દિગ્દર્શક અને લેખક તરીકેની કરિયરની શરૂઆત કરી હતી. આ પછી તેમણે બિગિલ, થેરી, મરસલ જેવી બેસ્ટ ફિલ્મોનું નિર્દેશન કર્યું છે.

# સોનાક્ષીના લગ્નમાં ભાઈઓની ગેરહાજરી ઉડીને આંખે વળગી

## સાકિબ સલીમે કરી વિધિ ; લવ સિંહાએ કહ્યું, 'આ બાબતે થોડા દિવસ પછી વાત કરીશ'

(એજન્સી) મુંબઇ |સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલે 23 જૂને મુંબઈમાં લગ્ન કર્યા હતા. રજિસ્ટર્ડ મેરેજ પછી બંનેએ ગ્રાન્ડ વેડિંગ રિસેપ્શન આપ્યું હતું જેમાં પરિવારના સભ્યો અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોએ હાજરી આપી હતી. જોકે, સોનાક્ષીના ભાઈઓ લવ સિંહા અને કુશ સિંહા લગ્નમાં હાજર રહ્યા ન હતા જેનાથી બધાને આશ્ચર્ય થયું હતું.
એકમાત્ર બહેન સોનાક્ષીના લગ્નમાં ભાઈઓની ગેરહાજરી એ સમાચારનેવધુ વેગ આપ્યો છે કે એક્ટ્રેસના ભાઈઓ આ લગ્નથી ખુશ નથી અને તેઓ નથી ઈચ્છતા કે સોનાક્ષી ઝહીર સાથે લગ્ન કરે.
લગ્નમાં હાજર સુત્રોના જણાવ્યા અનુસાર સોનાક્ષીના માતા-પિતા લગ્નમાં હાજર રહ્યા હતા અને ખૂબ જ ખુશ હતા. પરંતુ બંને ભાઈઓ ન તો લગ્નમાં જોવા મળ્યા ન તો રિસેપ્શનમાં. ફોટોગ્રાફર્સે પણ બંનેને સ્થળમાં પ્રવેશતા અને બહાર નીકળતા જોયા ન હતા. દરેકને બંનેની ગેરહાજરી એકદમ વિચિત્ર લાગી.
સોનાક્ષીના લગ્નમાં ન આવવાના સમાચાર પર લવ સિંહાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. એક મીડિયા સાથે વાત કરતાં તેણે કહ્યું, 'પ્લીઝ મને એક-બે દિવસનો સમય આપો. જો મને યોગ્ય લાગે, તો હું ચોક્કસપણે તમારા પ્રશ્નોના જવાબ આપીશ.

# 70ના દાયકાની એક્ટ્રેસો કાશ્મીરની વાદીઓમાં

## આશા પારેખ, હેલન અને વહીદાએ શ્રીનગરમાં હાઉસબોટનો આનંદ લીધો, એકબીજાને ગણાવ્યા ફ્રેન્ડ્સ ફોરએવર



મુંબઇ | દિગ્ગજ એક્ટ્રેસ આશા પારેખ, વહીદા રહેમાન અને હેલન હાલમાં શ્રીનગરમાં વેકેશનની મજા લઈ રહી છે. એક્ટ્રેસ આશા પારેખે આ સફરની કેટલીક તસવીરો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કરી છે. 70ના દાયકાની આ પ્રખ્યાત એક્ટ્રેસના વેકેશનના ફોટા સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ ફેન્સ પણ લાઈક કમેન્ટનો વરસાદ કરી રહ્યા છે. જ્યારે એક તસવીરમાં ત્રણેય એક્ટ્રેસો હાઉસબોટની અંદર એન્જોય કરતી જોવા મળે છે, તો બીજી તસવીરમાં ત્રણેય શ્રીનગરના દાલ લેકની સામે સ્થિત 'ધ લલિતા ગ્રાન્ડ પેલેસ' હોટેલના લૉનમાં નાસ્તો કરતી જોવા મળે છે. આ તસવીરો શેર કરતાં આશા પારેખે લખ્યું, 'મારા પ્રિય મિત્રો સાથે શ્રીનગરમાં હાઉસબોટનો આનંદ માણી રહી છું.'
આ સાથે આશાએ ફ્રેન્ડ્સ ફોરએવર અને ફન ટાઈમ જેવા હેશટેગનો પણ ઉપયોગ કર્યો હતો. ત્રણેય એક્ટ્રેસોનું કાશ્મીર સાથે જૂનું કનેક્શન છે. ત્રણેય એક્ટ્રેસોએ પોતાની ફિલ્મોનું શૂટિંગ કાશ્મીરમાં કોઈને કોઈ વાર કર્યું છે. જ્યાં આશા પારેખે 1959માં સુપરહિટ ફિલ્મ 'દિલ દેકે દેખો' અને 1963માં 'ફિર વહી દિલ લાયા હૂં' કાશ્મીરમાં શૂટ કરી હતી. વહીદા રહેમાનની ફિલ્મ 'કભી કભી'નું શૂટિંગ પણ શ્રીનગરમાં થયું હતું. હેલનની 'જંગલ' અને 'દસ લાખ' જેવી ફિલ્મોનું શૂટિંગ પણ કાશ્મીરમાં થયું હતું.

# કંગનાએ લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા

## લખ્યું, 'આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટે હું દિવસ-રાત કામ કરીશ'

(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ કંગના રનૌતે જ્યારથી લોકસભા ચૂંટણીમાં જીત મેળવી ત્યારબાદથી જ ચર્ચામાં છે. જંગી બહુમતીથી ચૂંટણી જીત્યા બાદ હવે એક્ટ્રેસે લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા છે. આ સાથે જ એમ પણ કહ્યું છે કે રાજકારણમાં રહીને તે આત્મનિર્ભર ભારતના સ્વપ્ન માટે દિવસ-રાત કામ કરશે.
કંગનાએ તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી શપથ ગ્રહણ કરવાનો એક વીડિયો શેર કર્યો છે. કંગના રનૌત સફેદ સાડીમાં સંસદ ભવન પહોંચી હતી. વીડિયો શેર કરતી વખતે લખ્યું, 'હું, કંગના રનૌત, ભગવાનના શપથ... આજે સંસદભવનમાં 18મી લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા. જનતાની સેવા કરવાની મને જે પણ તક મળશે તે હું પૂરી નિષ્ઠાથી કરીશ.
કંગનાએ આગળ લખ્યું, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવા માટે અમે બધા દિવસ-રાત સાથે મળીને કામ કરીશું.' કંગના રનૌત હિમાચલ પ્રદેશના મંડી શહેરથી લોકસભા ચૂંટણી લડી હતી. તેમણે વિપક્ષમાં રહેલા કોંગ્રેસ પાર્ટીના નેતા વિક્રમાદિત્ય સિંહને 72 હજાર મતોથી હરાવ્યા.
આ દરમિયાન કંગનાનું નિવેદન પણ ચર્ચામાં રહ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે તે ચૂંટણી જીત્યા બાદ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડી દેશે. હવે જ્યારે કંગનાએ ચૂંટણી જીતી લીધી છે, ત્યારે બધાની નજર તેના ફિલ્મી કરિયર પર છે. કંગના રનૌતની ફિલ્મ 'ઈમર્જન્સી' ઘણા સમયથી રિલીઝમાં અટકી રહી છે. આ ફિલ્મ 14 જૂનના રોજ રિલીઝ થવાની હતી, જો કે ફિલ્મ મોકૂફ રાખવામાં આવી છે.



# અક્ષય ફરી પાયલટની ભૂમિકામાં જોવા મળશે



(એજન્સી) મુંબઇ |અક્ષય કુમાર સ્કાઇ ફોર્સ નામની ફિલ્મમાં પાયલોટની ભૂમિકા ભજવતો જોવા મળવાનો છે. દિનશ વિઝના બેનર તળે આ ફિલ્મનું નિર્માણ થવાનું છે. આ ફિલ્મની વાર્તા ભારત-પાકિસ્તાનના ૧૯૬૫ના યુદ્ધ પર આધારિત છે. જેમાં અક્ષયની સાથે નિમ્રત કૌર, વીર પહાડિયા અને સારા અલી ખાન કામ કરવાના છે. આ ફિલ્મમાં અક્ષય એરફોર્સના પાયલોટના રોલમાં જોવા મળશે. આ ફિલ્મનું આર્ટ ડાયરેકશાન અને સિનેમોટોગ્રાફી પર વિશેષ ધ્યાન આપવામાં આવવાનું છે. ફિલ્મને સંદીપ કેવલાની કરવાનો છે. ફિલ્મનું નિર્માણ દિનેશ વિઝન અમર કૌશિક અને જ્યોતિ દેશપાંડે કરવાના છે. ભૂતતકાળમાં ૨૧ વરસ પહેલા અક્ષયે ફિલ્મ અંદાજમાં પાયલોટની ભૂમિકા ભજવી હતી જે સુપરહિટ ગઇ હતી.

# અફઘાનિસ્તાને ઈતિહાસ રચ્યો, સેમિફાઈનલમાં પહોંચ્યું



## બાંગ્લાદેશ હારતા ઓસ્ટ્રેલિયા ઘરભેગું થયું; પહેલીવાર નોકઆઉટ સ્ટેજમાં પહોંચતા ખેલાડીઓ ભાવુક થયા

ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024માં અફઘાનિસ્તાનની ટીમે ઈતિહાસ રચી દીધો છે. અફઘાનિસ્તાને સુપર-8ની મેચમાં બાંગ્લાદેશની ટીમને આઠ વિકેટ હરાવીને સેમિ ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયાની સેમિ ફાઈનલ રમવાની આશા પર પાણી ફેરવી દીધું છે. આ જીત અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ માટે ઐતિહાસિક હવે અફઘાનિસ્તાનની ટીમ 27 જૂને સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમનો હીરો T20 વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનની ટીમના અનેક ખેલાડીઓનો દેખાવ ઘણો સારો રહ્યો છે. ખાસ કરીને ફાસ્ટ બોલર ફજલહક ફારુકીએ આ આખી ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ બોલિંગ કરી છે. ફારુકીએ 16 વિકેટ લઈને અફઘાનિસ્તાન ટીમને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કેપ્ટન રાશિદ ખાનની પણ મહત્ત્વની ભૂમિકા આ ઉપરાંત અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન રાશિદ ખાને ટીમને એક કરવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેણે બોલિંગ કરીને 10 વિકેટ લીધી છે, તો ટીમના અન્ય ખેલાડીઓનો વિશ્વાસ પણ જીતી શક્યો છે. ઓપનિંગ બેટરની પણ ધૂંઆધાર બેટિંગ આ ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાનનો ઓપનર રહમાનુલ્લાહ ગુરબાઝે ધૂંઆધારે બેટિંગ કરી શક્યો છે. અનેક મેચમાં તેણે તોફાની બેટિંગ કરીને વિરોધી ટીમની વ્યૂહનીતિ ઉલટ-સુલટ કરી દીધી હતી. રહમાનુલ્લાહ ગુરબાઝે સાત મેચમાં કુલ 281 રન બનાવ્યા છે. આ ઉપરાંત તે T20 વર્લ્ડ કપ 2024માં સૌથી વધુ રન કરનારો પણ ખેલાડી બની ગયો છે. આ ખેલાડીની પણ છે મહત્ત્વની ભૂમિકા ગુરબાઝ સાથે ઓપનિંગ કરનારા ઈબ્રાહિમ જાદરાને પણ વિરોધી ટીમની વ્યૂહનીતિઓને ચકનાચૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેણે સાત મેચમાં 227 રન ફટકાર્યા છે. આ બંને ખેલાડીઓએ અફઘાનિસ્તાનની ટીમને ટોચે પહોંચાડવા ઘણી મહેનત કરી છે. નવીન-ઉલ-હકે કરી શાનદાર બેટિંગ

બોલર નવીન-ઉલ-હકે પણ નિર્ણાયક સમયે શાનદાર બોલિંગ કરીને ટીમ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. નવીને 11 વિકેટ પોતાના નામે કરી હતી. અફઘાનિસ્તાનના બોલિંગ વિભાગ તેમજ તેની શરૂઆતની બેટિંગના આધારે ટીમ સેમીફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે. ગુલબદીન નાયબે ઓસ્ટ્રેલિયા સામે 4 વિકેટ ગુલબદીન નાયબે પણ ટીમ માટે ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા સામેની સુપર 8 મેચમાં ગુલબદીન નાયબે 4 વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની કમર તોડી નાખી હતી. મેન્ટર અજય જાડેજાની હિંમતથી ટીમની પ્રતિષ્ઠા વધી ODI વર્લ્ડ કપ 2023માં ટીમના મેન્ટર રહેલા અજય જાડેજાએ અફઘાનિસ્તાન ટીમને ઘણી મદદ કરી છે. જાડેજાએ ODI વર્લ્ડ કપ દરમિયાન કહ્યું હતું કે, 'જે દિવસે આ ટીમ મોટી ટીમને હરાવશે તે દિવસે આ ટીમ મોટી બની જશે.' આજે અજય જાડેજાની એ વાત સાચી સાબિત થઈ રહી છે. જોનાથન ટ્રોટનું કોચિંગ અને બ્રાવોની સલાહ જોનાથન ટ્રોટના કોચિંગ હેઠળ અફઘાનિસ્તાનની ટીમ સારું પ્રદર્શન કરી રહી છે. જોનાથન ટ્રોટના માર્ગદર્શન હેઠળ આ ટીમે સૌથી મોટી ટીમોને પણ હરાવવાની હિંમત શીખી છે. જ્યારે ડ્વેન બ્રાવો ટીમમાં બોલિંગ કન્સલ્ટન્ટ તરીકે કામ કરી રહ્યો છે. જેના લીધી બોલિંગમાં ઘણો સુધારો આવ્યો છે. 27 જૂને ત્રિનિદાદમાં સવારે 6 વાગ્યે સેમિફાઈનલમાં અફઘાનિસ્તાન સાઉથ આફ્રિકા સામે ટકરાશે. ટીમ ઈન્ડિયા એ જ દિવસે ગુયાનામાં ઈંગ્લેન્ડ સામે રાત્રે 8 વાગ્યે સેમિફાઈનલ રમશે. અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર નવીન ઉલ હકે 18મી ઓવરમાં પહેલા તસ્કીન અહેમદને બોલ્ડ કર્યો અને પછી તેણે મુસ્તફિઝુર રહેમાનને LBW આઉટ કર્યો. આ મેચ અફઘાન ટીમે 8 રને જીતી લીધી છે. આ જીત સાથે જ અફઘાનિસ્તાને સેમિફાઈનલમાં એન્ટ્રી કરી છે. બાંગ્લાદેશી બેટર તસ્કીન 105 રન પર આઉટ થઈને પેવેલિયન પરત ફર્યો છે. નવીન ઉલ હકે 18મી ઓવરનો ચોથો બોલ ફેંકીને તેને પેવેલિયન મોકલી દીધો હતો. તસ્કીને 9 બોલમાં 2 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશે 92 રનના સ્કોર પર આઠમી વિકેટ ગુમાવી હતી. તન્ઝીમ હસન સાકિબ 3 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો છે. 15મી ઓવરના બીજા બોલ પર ગુલબદીન નઈબે તન્ઝીમ હસનને મોહમ્મદ નબીના હાથે કેચ આઉટ કરાવીને પેવેલિયન મોકલ્યો હતો.

## તે દિવસે અફઘાનિસ્તાન મોટી ટીમ બની જશે: અજય જાડેજા

T20 વર્લ્ડકપ-2024માં અફઘાનિસ્તાને ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો અપસેટ સર્જતા ઓસ્ટ્રેલિયાને 21 રને હરાવ્યું હતું. અફઘાનિસ્તાનની જીત બાદ પૂર્વ ભારતીય ક્રિકેટર અજય જાડેજાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અજય 2023ના વર્લ્ડકપ દરમિયાન અફઘાનિસ્તાન ટીમના માર્ગદર્શક હતા. વીડિયોમાં અજય અફઘાનિસ્તાન ટીમ વિશે કહેતા જોવા મળે છે કે, 'જે દિવસે પછાડી દઈશું, તે દિવસે અફઘાનિસ્તાન મોટી ટીમ બની જશે.' જયારે અફઘાનિસ્તાન સેમિ ફાઈનલમાં ન પહોંચી શક્યું 7 નવેમ્બર 2023ના રોજ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે વર્લ્ડકપ 2023ની મેચ યોજાઈ હતી. અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરી 291 કર્યા હતા. બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરતા અફઘાનિસ્તાનના બોલરોએ માત્ર 91 રનમાં ઓસ્ટ્રેલિયાની 7 વિકેટ ઝડપી હતી. તેમ છતાં અફઘાનિસ્તાનની ટીમ મેચ હારી ગઈ હતી. અને તેમનું સેમિ ફાઈનલમાં પહોંચવાનું સપનું ઓસ્ટ્રેલિયાએ ખતમ કરી દીધું હતું. 23 જૂને T20 વર્લ્ડકપ-2024માં અફઘાનિસ્તાને ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. મેચ બાદ અજય જાડેજા એક વીડીઓમાં કહી રહ્યા છે કે, અફઘાનિસ્તાનની ટીમે ક્રિકેટ રમવાનું શરૂ કર્યું તેને વધુ સમય થયો નથી. બાકી બીજી ટીમો 100-150 વર્ષથી ક્રિકેટ રમે છે. પરંતુ આ ટીમ હજુ 20 વર્ષની પણ નથી થઈ. ટીમ ઘણી વખત ટૂર્નામેન્ટમાં નજીક આવીને બહાર થઈ જાય છે. 2019ના વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન બંને અફઘાનિસ્તાનથી અપસેટ થતા બચ્યા હતા. જયારે અજય જાડેજાને પૂછવામાં આવ્યું કે, અફઘાનિસ્તાન મોટી ટીમ સામે નથી જીતી શકતું. અજયે આ સવાલની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'એટલા માટે તમે આજે કહી રહ્યા છે કે અફઘાનિસ્તાનની ટીમ નાની ટીમ છે, જે દિવસે પછાડી દઈશું. તે દિવસે અફઘાનિસ્તાન મોટી ટીમ બની જશે'. અજયે આગળ જણાવ્યું હતું.

# વન-ડે વર્લ્ડ કપનો બદલો લીધો, ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું

### ■ રોહિત શર્માએ 92 રનની ઈનિંગ રમી

વેસ્ટ ઈન્ડિઝ તા 25

ટીમ ઈન્ડિયાએ તેની છેલ્લી સુપર-8 મેચમાં ઓસ્ટ્રેલિયાને 24 રને હરાવ્યું છે. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. ટીમ આ ટુર્નામેન્ટમાં પાંચમી વખત ટૉપ-4માં પહોંચી છે. વેસ્ટ ઈન્ડિઝના સેન્ટ લુસિયામાં ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ 92 રનની ઈનિંગ રમી હતી. તે T20 વર્લ્ડ કપમાં સૌથી ઝડપી સદી ફટકારવાનું ચૂકી ગયો હતો, જોકે તેણે સૌથી ઝડપી અડધી સદી ફટકારી હતી. તેણે 41 બોલમાં 92 રન પૂરા કર્યા. 7 ચોગ્ગા અને 8 છગ્ગા ફટકાર્યા અને 224ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. એક સમયે તેનો સ્ટ્રાઈક રેટ 300 સુધી પહોંચી ગયો હતો. ત્યારબાદ સૂર્યકુમાર (31), શિવમ દુબે (28) અને હાર્દિક પંડ્યા (27)એ ટીમનો સ્કોર 205 સુધી પહોંચાડ્યો હતો. ટીમે આ T20 વર્લ્ડ કપમાં પ્રથમ વખત 200+ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે 4 ઓવરમાં માત્ર 14 રન આપ્યા અને એક વિકેટ લીધી. હેઝલવુડ સિવાય દરેક બોલરે પોતાની ઓવરમાં 10થી વધુ રન આપ્યા હતા. રન ચેઝમાં ઓસ્ટ્રેલિયાએ 13 ઓવરમાં બે વિકેટે 128 રન બનાવ્યા હતા. જે બાદ છેલ્લી 7 ઓવરમાં ભારતીય બોલરોએ જોરદાર કમબેક કર્યું હતું અને કાંગારૂ ટીમને 20 ઓવરમાં 181/7ના સ્કોર સુધી રોકી દીધી હતી. અર્શદીપ સિંહે ટિમ ડેવિડ, મેથ્યુ વેડ અને ડેવિડ વોર્નરની વિકેટ લીધી હતી જ્યારે કુલદીપ યાદવે ગ્લેન મેક્સવેલ અને મિચેલ માર્શને પેવેલિયન મોકલ્યા હતા. બુમરાહે ટ્રેવિસ હેડ (76 રન)ની વિકેટ લઈને મેચને ભારતની તરફેણમાં ફેરવી દીધી હતી. હેડે 43 બોલમાં 76 રનની ઈનિંગ રમી હતી.તે T20 વર્લ્ડ કપમાં સૌથી ઝડપી સદી ફટકારવાનું ચૂકી ગયો હતો, જોકે તેણે સૌથી ઝડપી અડધી સદી ફટકારી હતી. તેણે 41 બોલમાં 92 રન પૂરા કર્યા. 7 ચોગ્ગા અને 8 છગ્ગા ફટકાર્યા અને 224ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી. એક સમયે તેનો સ્ટ્રાઈક રેટ 300 સુધી પહોંચી ગયો હતો.



# ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત:શુભમન ગિલને કેપ્ટનશિપ સોંપાઈ

### ■ ગિલને 2024 સિઝન માટે ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન બનાવ્યો હતો

મુંબઈ તા 17

આવતા મહિને ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરાઈ છે. BCCIએ સોમવારે 15 સભ્યની ટીમની જાહેરાત કરી હતી. આ ટીમ 6 જુલાઈથી 14 જુલાઈ સુધી હરારે સ્પોર્ટ્સ ક્લબમાં 5 T-20 મેચની શ્રેણી રમશે. T20 વર્લ્ડ કપમાં ટ્રાવેલિંગ રિઝર્વ રહેલા શુભમન ગિલને ભારતીય ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. જોકે બોર્ડે વાઈસ-કેપ્ટનના નામની જાહેરાત કરી નથી. શુભમન ગિલ ભારતનો કુલ 46મો કેપ્ટન બન્યો છે. આ સાથે જ તે T-20 ફોર્મેટમાં ભારતીય ટીમનો 14મો કેપ્ટન છે. ભારતીય ટીમે છેલ્લે 2022માં ઝિમ્બાબ્વેનો પ્રવાસ કર્યો હતો. ટીમે 3 ODI મેચની શ્રેણી રમી હતી. ટીમે ત્રણેય મેચ જીતીને શ્રેણી 3-0થી કબજે કરી હતી. ભારતે ઝિમ્બાબ્વે સામે છેલ્લી T20 શ્રેણી 2016માં રમી હતી, જેમાં ટીમ ઈન્ડિયા 2-1થી જીતી હતી. શુભમન ગિલને T-20 વર્લ્ડ કપ માટે પસંદ કરાયેલી ટીમ ઈન્ડિયામાં ટ્રાવેલિંગ રિઝર્વ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. તેણે IPLની છેલ્લી સિઝનમાં ગુજરાત ટાઈટન્સનું નેતૃત્વ કર્યું હતું, જોકે તેની ટીમ છેલ્લી સિઝનમાં જ લીગ રાઉન્ડમાંથી બહાર થઈ ગઈ હતી. પંડ્યાને ટ્રેડિંગ કર્યા બાદ ગુજરાતે ગિલને કેપ્ટન બનાવ્યો હતો. ગિલને 2024 સિઝન માટે ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન બનાવ્યો હતો. પસંદગીકારોએ IPL ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ હૈદરાબાદ આપી છે. તેની ટીમ ઈન્ડિયામાં પ્રથમ વખત પસંદગી થઈ છે. તે ભારતની B ટીમનો ભાગ રહી ચૂક્યો છે. નીતિશે ગત સિઝનમાં સનરાઈઝર્સ માટે 13 મેચમાં 303 રન બનાવ્યા હતા. તેણે 2 અડધી સદી પણ ફટકારી છે. ભારતીય ટીમ હાલમાં T-20 વર્લ્ડ કપ રમી રહી છે. ટીમની છેલ્લી સુપર 8 મેચ સોમવારે ઓસ્ટ્રેલિયા સામે રમાવાની છે. ભારતીય ટીમ વર્લ્ડ કપમાં અત્યાર સુધી અજેય રહી છે. ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, ઋતુરાજ ગાયકવાડ, અભિષેક શર્મા, રિંકુ સિંહ, સંજુ સેમસન, ધ્રુવ જુરેલ, નીતિશ રેડ્ડી, રિયાન પરાગ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, આવેશ ખાન, ખલીલ અહેમદ, મુકેશ કુમાર અને તુષાર દેશપાંડે.



# રાશિદ ખાન મેદાન પર ભડક્યો, પોતાના જ ખેલાડી પર બેટ ફેંક્યું



T20 World Cup 2024 AFG vs BAN: વર્લ્ડ કપમાં આજે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે સુપર-8ની અતિમહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશની ટીમને આઠ વિકેટ હરાવીને સમિફાઈનલમાં એન્ટ્રી લીધી છે. આ મેચ દરમિયાન અફઘાનિસ્તાનના કેપ્ટન રાશિદ ખાનનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં રાશિદ બેટિંગ કરતી વખતે પોતાની ટીમના ખેલાડી પર રોષ ઠાલવ્યો હતો. અફઘાનિસ્તાનની ટીમ બેટિંગ કરી રહી હતી, ત્યારે ક્રિઝ પર કેપ્ટન રાશિદ ખાન હતો. તે દરમિયાન રાશિદે તેના પાર્ટનર કરીમ જનતને બે રન લેવા અપીલ કરતાં દોડ્યો હતો. તે અડધી પીચ પર આવી ચૂક્યો હતો, પરંતુ કરીમે બીજો રન લેવાનો ઈનકાર કર્યો હતો. જેથી રાશિદ ખૂબ ગુસ્સે થયો હતો. અને તેણે કરીમની સામે રોષ ઠાલવી બેટ ફેંક્યુ હતું. જેને વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.આ મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાનની ટીમ 20 ઓવરમાં માત્ર 115 રન બનાવી શકી હતી. અફઘાનિસ્તાન તરફથી ઓપનિંગ બેટિંગ કરનાર ગુરબાઝે 55 બોલમાં 43 રન બનાવ્યા હતા. આ સિવાય કેપ્ટન રાશિદ ખાને 19 રનની અણનમ ઈનિંગ રમી હતી. રાશિદે પોતાની ઈનિંગમાં 3 શાનદાર સિક્સર ફટકારી હતી. આ સિવાય બાંગ્લાદેશ તરફથી બોલિંગ કરતી વખતે રિશાદે 3 વિકેટ ઝડપી હતી. તસ્કિન અને મુસ્તફિઝુરે પણ 1-1 વિકેટ લીધી હતી. બાંગ્લાદેશની બેટિંગ દરમિયાન નવીન અફઘાન ટીમની તરફેણમાં ફેરવી દીધી હતી. આ જ મેચમાં કેપ્ટન રાશિદ ખાને 4 વિકેટ ઝડપીને બાંગ્લાદેશની કમર તોડી નાખી હતી.

# વિરાટ કોહલી અંગે સર વિવિયન રિચર્ડ્સે કરી મોટી ભવિષ્યવાણી

ICC ટી20 વર્લ્ડ કપ 2024માં ટીમ ઈન્ડિયા અત્યાર સુધી કુલ પાંચ મેચ રમી ચૂકી છે, જ્યારે તેની એક મેચ વરસાદના કારણે રદ થઈ હતી. આ પાંચ મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલીના બેટથી કોઈ પણ ધાંસૂ ઈનિંગ નીકળી નથી. વિરાટ કોહલીએ છેલ્લી પાંચ ઈનિંગમાં ક્રમથી 1,4,0, 24 અને 37 રન બનાવ્યાં છે. વિરાટે છેલ્લી મેચમાં બાંગ્લાદેશ વિરુદ્ધ 28 બોલ પર 37 રન બનાવ્યાં હતાં અને આ દરમિયાન એક ચોગ્ગો અને 3 સિક્સર ફટકારી હતી. વિરાટ કોહલી ફોર્મમાં પાછો ફરી રહ્યો હોય એવું લાગી રહ્યું છે. સુપર-8-ગ્રૂપ-1 માં આજે ઈન્ડિયા vs ઓસ્ટ્રેલિયા મેચ રમાવાની છે. આ મેચ પહેલા વેસ્ટઈન્ડિઝના પૂર્વ ક્રિકેટર સર વિવ રિચર્ડ્સે વિરાટ કોહલીને લઈને એક મોટી ભવિષ્યવાણી કરી છે.

વિવ રિચર્ડ્સે વિરાટ કોહલી અંગે કહ્યું, વિરાટ કોહલી ફાઈટર છે, હું હંમેશા વિરાટ કોહલીને બેક કરીશ. જો નોકઆઉટ્સ મેચ થશે તો તે ત્યાં હશે અને સારું પ્રદર્શન પણ કરશે. ટીમ ઈન્ડિયાએ આજે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સુપર-8 મેચ રમવાની છે. ઈન્ડિયા પહેલા જ બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનને સુપર-8 માં હરાવી ચૂક્યું છે. આજની જીત ભારતની સેમિફાઈનલમાં ટિકિટ પાક્કી કરી દેશે. આ સિવાય તેનું ઈંગ્લેન્ડની સાથે સેમિફાઈનલ મેચ પણ નક્કી થઈ જશે.

# અફઘાનિસ્તાન આ સુપરહીરોના કારણે સેમિ ફાઇનલમાં પહોંચ્યું

ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024માં અફઘાનિસ્તાનની ટીમે ઈતિહાસ રચી દીધો છે. અફઘાનિસ્તાને સુપર-8ની મેચમાં બાંગ્લાદેશની ટીમને આઠ વિકેટ હરાવીને સેમિ ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી છે. આ સાથે જ ઓસ્ટ્રેલિયાની સેમિ ફાઈનલ રમવાની આશા પર પાણી ફેરવી દીધું છે. આ જીત અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમ માટે ઐતિહાસિક છે. હવે અફઘાનિસ્તાનની ટીમ 27 જૂને સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે. અફઘાનિસ્તાનની ક્રિકેટ ટીમનો હીરો T20 વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનની ટીમના અનેક ખેલાડીઓનો દેખાવ ઘણો સારો રહ્યો છે. ખાસ કરીને ફાસ્ટ બોલર ફજલહક ફારુકીએ આ આખી ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ બોલિંગ કરી છે. ફારુકીએ 16 વિકેટ લઈને અફઘાનિસ્તાન ટીમને આગળ વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. કેપ્ટન રાશિદ ખાનની પણ મહત્ત્વની ભૂમિકા આ ઉપરાંત અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન રાશિદ ખાને ટીમને એક કરવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેણે બોલિંગ કરીને 10 વિકેટ લીધી છે, તો ટીમના અન્ય ખેલાડીઓનો વિશ્વાસ પણ જીતી શક્યો છે. ઓપનિંગ બેટરની પણ ધૂંઆધાર બેટિંગ

આ ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાનનો ઓપનર રહમાનુલ્લાહ ગુરબાઝે ધૂંઆધારે બેટિંગ કરી શક્યો છે. અનેક મેચમાં તેણે તોફાની બેટિંગ કરીને વિરોધી ટીમની વ્યૂહનીતિ ઉલટ-સુલટ કરી દીધી હતી. રહમાનુલ્લાહ ગુરબાઝે સાત મેચમાં કુલ 281 રન બનાવ્યા છે. આ ઉપરાંત તે T20 વર્લ્ડ કપ 2024માં સૌથી વધુ રન કરનારો પણ ખેલાડી બની ગયો છે.

આ ખેલાડીની પણ છે મહત્ત્વની ભૂમિકા

ગુરબાઝ સાથે ઓપનિંગ કરનારા ઈબ્રાહિમ જાદરાને પણ વિરોધી ટીમની વ્યૂહનીતિઓને ચકનાચૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેણે સાત મેચમાં 227 રન ફટકાર્યા છે. આ બંને ખેલાડીઓએ અફઘાનિસ્તાનની ટીમને ટોચે પહોંચાડવા ઘણી મહેનત કરી છે. નવીન-ઉલ-હકે કરી શાનદાર બેટિંગ બોલર નવીન-ઉલ-હકે પણ નિર્ણાયક સમયે શાનદાર બોલિંગ કરીને ટીમ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. નવીને 11 વિકેટ પોતાના નામે કરી હતી. અફઘાનિસ્તાનના બોલિંગ વિભાગ તેમજ તેની શરૂઆતની બેટિંગના આધારે ટીમ સેમીફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે.

ગુલબદીન નાયબે ઓસ્ટ્રેલિયા સામે 4 વિકેટ ગુલબદીન નાયબે પણ ટીમ માટે ઐતિહાસિક પ્રદર્શન કર્યું હતું. ખાસ કરીને ઓસ્ટ્રેલિયા સામેની સુપર 8 મેચમાં ગુલબદીન નાયબે 4 વિકેટ લઈને ઓસ્ટ્રેલિયાની કમર તોડી નાખી હતી.

મેન્ટર અજય જાડેજાની હિંમતથી ટીમની પ્રતિષ્ઠા વધી ODI વર્લ્ડ કપ 2023માં ટીમના મેન્ટર રહેલા અજય જાડેજાએ અફઘાનિસ્તાન ટીમને ઘણી મદદ કરી છે.

# વર્લ્ડકપ વચ્ચે વેસ્ટ ઈન્ડિઝથી દુઃખદ સમાચાર, ગુજરાતી ક્રિકેટરના સહયોગીનું ડૂબી જતાં મોત

અમેરિકા-વેસ્ટ ઈન્ડિઝમાં ચાલી રહેલા T20 વર્લ્ડકપમાં એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપર્વ ખેલાડી ઈરફાન પઠાણનો મેકઅપ આર્ટીસ્ટ ફૈયાઝ અંસારીનું મૃત્યુ થયું છે. આ ઘટના વેસ્ટ ઈન્ડિઝની એક હોટલમાં બની હતી. તે સ્વિમિંગ પુલમાં તરતી વખતે ડૂબી ગયો હતો. તેના મિત્રોને તે બેભાન અવસ્થામાં મળ્યો હતો. ત્યારબાદ ફૈયાઝને હોસ્પિટલ લઈ જવાયો હતો. ત્યાં ડોકટરે તેને મૃત જાહેર કર્યો હતો. તમણે જણાવી દઈએ કે ઈરફાન પઠાણ T20 વર્લ્ડકપમાં કોમેન્ટેટર તરીકે જોડાયો છે. અને ફૈયાઝ અંસારી તેની સાથે વેસ્ટ ઈન્ડિઝ ગયો હતો. પરંતુ તેનું દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. તેના મૃત્યુના સમાચાર તેના પરિવાર સુધી પહોંચડી દેવાયા છે.ફૈયાઝ ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાનો રહેવાસી છે. તેનો પરિવાર નગીના તાલુકાના કાઝી સરાય વિસ્તારમાં રહે છે. ફૈયાઝ દિલ્લીમાં પોતાનું સલૂન ચલાવતો હતો. તેના સલૂનના વખાણ સાંભળીને ઈરફાન એક દિવસ તેના સલૂન પર હેર સ્ટાઈલ કારાવવા ગયો હતો. ત્યારે ફૈયાઝ ઈરફાન પઠાણને પહેલી વાર મળ્યો હતો. ઈરફાન તેના કામથી ખુબ પ્રભાવિત થયો હતો અને ફૈયાઝને પોતાનો મેકઅપ આર્ટીસ્ટ રાખી લીધો હતો. ફૈયાઝના નજીકના પરિવારજનોના કહ્યા અનુસાર, તે દિવસથી આજ સુધી ફૈયાઝ ઈરફાન પઠાણ સાથે તેમની T20 વર્લ્ડકપમાં ઈરફાન પઠાણ સાથે ટૂર પર ગયો હતો. જણાવવામાં આવી રહ્યું છે.

# વર્લ્ડકપમાં યજમાન ટીમને ભારે પડી ગઈ આ ઘટના

T20 વર્લ્ડકપ 2024 ધીરે-ધીરે તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહ્યો છે, તેમ ઘણી ટીમોની આ વર્લ્ડકપની સફર પૂરી થઇ રહી છે. ત્યારે દક્ષિણ આફ્રિકાએ યજમાન વેસ્ટ ઈન્ડિઝ ટીમને હરાવીને ટૂર્નામેન્ટમાંથી બહારનો રસ્તો બતાવી દીધો છે. તેની સાથે જ વેસ્ટ ઈન્ડિઝની વર્લ્ડકપમાં સફર પૂર્ણ થઇ ગઈ છે. વેસ્ટ ઈન્ડિઝ બહાર થવાથી ગ્રૂપ-2માંથી હવે દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ સેમિ ફાઈનલમાં પહોંચી ગયા છે. જ્યારે આ ગ્રૂપની ચોથી ટીમ અમેરિકા પહેલેથી જ સેમિ ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝને સેમિ ફાઈનલમાં પહોંચવા માટે દક્ષિણ આફ્રિકાને હરાવવું જરૂર હતું. પરંતુ સેમિ ફાઈનલમાં પહોંચવાની તેની આશા ઉપર દક્ષિણ આફ્રિકાએ પાણી ફેરવી નાખ્યું હતું. ચાલો સમજીએ કે યજમાન ટીમ દક્ષિણ આફ્રિકા સામે કેવી રીતે હારી ગઈ. શું વેસ્ટ ઈન્ડિઝની હારનું કારણ વરસાદ હતો? વેસ્ટ ઈન્ડિઝની ટીમે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવી 135 રન કર્યા હતા. આ મેચ એન્ટીગુઆના સર વિવિયન રિચર્ડ્સ સ્ટેડીયમમાં રમાયો હતો. અહીંની પિચ બેટરને વધારે મદદગાર હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમ સતત વિકેટ ગુમાવતી ગઈ અને તેની અસર ટીમના ફાઈનલ સ્કોર પર પડી હતી. ખેલાડીઓ વચ્ચે કોઈ ખાસ ભાગીદારી થઇ ન હતી. ફક્ત માયર અને રોસ્ટને મોટી ભાગીદારી કરીને 65 બોલમાં 81 રન કર્યા હતા. 100 રન બનાવ્યા પહેલા જ વેસ્ટ ઈન્ડિઝની અડધીથી વધુ વિકેટો પડી ગઈ હતી.વેસ્ટ ઈન્ડિઝ માટે વિસ્ફોટક ઈનિંગ્સ રમનારા નિકોલસ પૂરન અને શાઈ હોપે પોતાના પ્રદર્શનથી ટીમને નિરાશ કર્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### આ 4 કારણો શોધી કાઢશેCBI, 1000 નામ અને નંબર ખોલશે પેપર લીકના રહસ્ય

(એજન્સી) નવી દિલ્હી | તા 25

નીટ પેપર લીકના કેસમાં સીબીઆઈની એક ટીમ પટના અને એક ટીમ ગોધરા પહોંચી ચૂકી છે અને ટૂંક સમયમાં કેસના આઈઓ તપાસ અધિકારી સાથે મળીને કેસની ડિટેલ્સ લેશે. NEET અને UGC NET પેપર લીક કેસમાં સીબીઆઇ આ ચાર કારણોને શોધી કાઢશે, જાણો કોણ કોણ....? સીબીઆઈએ શિક્ષણ મંત્રાલયની ફરિયાદના આધારે નીટ એક્ઝામ પેપર લીક કેસને લઈને IPC ની કલમ 420 (છેતરપિંડી) 406 અને 120B (ગુનાહિત કાવતરું) ના અંતગર્ત એફઆઈઆર દાખલ કરી છે. સીબીઆઈએ એ ક નવો કેસ દાખલ કર્યો છે. સીબીઆઇ બિહાર પોલીસ પાસે તેમના કેસનો તપાસ પણ માંગશે. જેથી અત્યાર સુધી થયેલી તેમની તપાસના આધારે સમગ્ર કેસને સમજી શકાય. સીબીઆઈની એક ટીમ પટના અને એક ટીમ ગોધરા પહોંચી ચૂકી છે. આ મામલે અત્યાર સુધીમાં 25 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેમાં બિહારથી 13, ઝારખંડથી 5, ગોધરાથી 5 અને લાતુરથી 2 આરોપી ઝડપાયા છે. પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા આરોપીઓ પર CBIએ કબજો લઈ લીધો છે. સીબીઆઇ સૂત્રોના અનુસાર NTA દ્વારા બનાવવામાં આવેલી આ સમગ્ર પ્રક્રિયાને એકદમ ગોપનીય રાખવાની જોગવાઇ છે તેમછતાં તેના કયા તબક્કામાં ખામી શોધીને લોકો દ્વારા જાણીજોઇને પેપર લીક કરાવ્યું તેને શોધી કાઢવું સીબીઆઇની સૌથી મોટી પ્રાથમિકતા છે.

### વારાણસીની ફેમસ ચાટનો નીતા અંબાણીએ માણ્યો ચટકારો

વારાણસી | દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની પત્ની અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરપર્સન નીતા અંબાણી પોતાના પુત્ર અનંત અંબાણીના લગ્નનું કાર્ડ આપવા વારાણસીના કાશી વિશ્વનાથ મંદિર પહોંચ્યા હતા. અહીં પૂજા કર્યા પછી અને ભગવાન શિવજીને કંકોત્રી અર્પણ કરી



હતી. ત્યારે વારાણસી આવો અને કોઇ બનારસી પાન અને ચાટ ડીશ ખાધા વિના કેવી રીતે રહે..?નીતા અંબાણી પુત્ર અનંત અને પુત્રવધૂ રાધિકાના લગ્ન માટે સોમવારે કાશી વિશ્વનાથ અને માતા ગંગાના આશીર્વાદ લેવા બનારસ પહોંચ્યા હતા. કાશી વિશ્વનાથ ધામમાં દર્શન અને પૂજા કરી હતી. ત્યારબાદ નીતા અંબાણીએ પણ ગંગા આરતીમાં ભાગ લીધો હતો. નીતા અંબાણી વારાણસીની પ્રખ્યાત ચાટની દુકાન પર ગયા હતા. દુકાનમાં બેસીને તેમણે ટામેટા ચાટ અને બટાકાની ટિક્કીનો સ્વાદ માણ્યો હતો.

### ગરમીથી રાહત ! દિલ્હી-યુપી-બિહાર સહિત 25 રાજ્યોમાં આજે વરસાદની શક્યતા

બિહાર | સમગ્ર દેશમાં લગભગ તમામ વિસ્તારોમાં ગરમીથી રાહત મળી છે અને હળવો વરસાદ શરૂ થયો છે. ચોમાસાએ પણ અડધાથી વધુ દેશને આવરી લીધો છે. જો કે દેશની રાજધાની દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત ઘણા રાજ્યો હજુ પણ ચોમાસાની રાહ જોઈ રહ્યા છે, પરંતુ આ પહેલા જ અહીં વરસાદની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેના કારણે ગરમીથી થોડી રાહત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બિહારમાં આજે અને આવતીકાલે ભારે વરસાદ પડી શકે છે. તે જ સમયે, ઉત્તર પ્રદેશમાં 25 અને 26 જૂને હળવો વરસાદ જોવા મળી શકે છે. ઉત્તર પ્રદેશમાં 27 અને 28 જૂને ભારે વરસાદ જોવા મળી શકે છે. જો કે સોમવારે યુપીના ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ થયો હતો. જેના કારણે ગરમીમાંથી થોડી રાહત મળી હતી, પરંતુ ભેજના કારણે લોકોને પરેશાની થઈ હતી. તે જ સમયે, જો આપણે દેશની રાજધાની દિલ્હીની વાત કરીએ તો, દિલ્હીનું હવામાન સોમવારે જેવું જ રહી શકે છે. ક્યારેક વાદળછાયું તો ક્યારેક ઝરમર વરસાદ. જોકે, દિલ્હીમાં ગરમીનું મોજું યથાવત રહેશે. 27 જૂને દિલ્હીમાં ભારે વરસાદ પડી શકે છે. તે પહેલા ગરમીથી રાહત મળવાની શક્યતાઓ ઘણી ઓછી છે.

### લોન-ક્રેડિટ કાર્ડના નકલી કોલ-મેસેજ નહીં આવે: કેન્દ્ર સરકારે ગાળિયો કસ્યો

નવી દિલ્હી | પ્રમોશનના નામે વારે વારે આવતા અનિચ્છનીય કોલ્સ અને મેસેજિસ પર અંકુશ મૂકવા કેન્દ્ર સરકારે મુસદ્દો તૈયાર કરી લીધો છે. ગ્રાહક બાબતોના મંત્રાલય દ્વારા તૈયાર કરાયેલા મુસદ્દા અનુસાર, જો કોઈએ બિઝનેસ પ્રમોશન કે કોઈ વસ્તુના વેચાણ સાથે સંકળાયેલા કોલ રિસીવ કરવાની સંમતિ ન આપી હોય તેમ છતાં તેને એવા કોલ્સ આવતા હોય તો તેને અન્વોન્ટેડ બિઝનેસ કોમ્યુનિકેશન માનવામાં આવશે અને કોલ કરનારી કંપની કે વ્યક્તિને તેના માટે જવાબદાર માનવામાં આવશે.મંત્રાલય તરફથી પ્રસ્તાવિત નવી ગાઇડલાઇનનો હેતુ અનરજિસ્ટર્ડ ટેલિમાર્કેટર્સ તરફથી કે 10 ડિજિટવાળા પ્રાઇવેટ નંબરો પરથી આવતા અનિચ્છનીય કોલ્સ પર રોક લગાડવાનો છે. સરકારના પ્રસ્તાવિત ડ્રાફ્ટમાં કહેવાયું છે કે વસ્તુઓ અને સેવાઓ સાથે સંકળાયેલા કોઈ પણ કોલ કે સર્વિસ મેસેજને બિઝનેસ કોમ્યુનિકેશન માનવામાં આવશે. પર્સનલ કોમ્યુનિકેશનને આના દાયરામાંથી બહાર રાખવામાં આવ્યું છે. આ ગાઇડલાઇન ટેલિકોમ કંપનીઓ અને ટેલિકોમ રેગ્યુલેટરે તૈયાર કરી છે. મંત્રાલયે આ મુસદ્દાની ગાઇડલાઇન પર 21 જુલાઈ સુધીમાં લોકોનાં સૂચનો માગ્યાં છે. આ ગાઇડલાઇન એવી દરેક વ્યક્તિ કે એકમ પર લાગુ થશે જે આવા કોલ કરે છે અથવા તો તે માટે અન્યનો સહારો લે છે અથવા આવા કોલથી લાભ મેળવે છે. સરકારના ડ્રાફ્ટમાં આવા કોલ્સ અને મેસેજને પણ અનિચ્છનીયની શ્રેણીમાં રાખ્યા છે.

---

CM ધામીએ PMને મળીને ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા

# CM ધામીએ PMને મહાસુદેવતાની પ્રતિકૃતિ અર્પણ કરી



(એજન્સી) નવી દિલ્હી | તા 25

મુખ્યમંત્રી શ્રી પુષ્કર સિંહ ધામીએ મંગળવારે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી અને તેમને ત્રીજી વખત દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે વડાપ્રધાન શ્રી મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ દેશ સર્વાંગી વિકાસના નવા આયામો હાંસલ કરવામાં અને સમગ્ર વિશ્વમાં સફળતાના નવા વિક્રમો સ્થાપિત કરવામાં સફળ રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મહાસુખ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરી હતી.

વડાપ્રધાન શ્રી મોદી સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ તેમને રાજ્યના વિકાસને લગતા વિવિધ વિષયો વિશે માહિતી આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડ રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે, રાજ્યના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં વધારો કરવામાં હાઈડ્રો પાવર પ્રોજેક્ટ મુખ્ય પરિબળ છે. રાજ્યની વિદ્યુત ઉર્જાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, ઉત્તરાખંડને દર વર્ષે લગભગ રૂ. 1000 કરોડની ઉર્જા ખુલ્લા બજારમાંથી ખરીદવી પડે છે, જે રાજ્યના નાણાકીય સંસાધનો પર વધારાનો બોજ નાખે છે.

મુખ્યમંત્રીશ્રીએ અલકનંદા, ભાગીરથી અને ઉપનદીઓમાં પ્રસ્તાવિત 24 હાઈડ્રો પાવર પ્રોજેક્ટ વિશે માહિતી આપી. જલ શક્તિ મંત્રાલય અને ઉર્જા મંત્રાલય સાથે મળીને સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર રચાયેલી નિષ્ણાત સમિતિ-2ના અંતિમ અહેવાલની સમીક્ષા કરવા વડા પ્રધાનને વિનંતી કરી હતી.

મુખ્યમંત્રીએ વડાપ્રધાનને એ પણ અનુરોધ કર્યો હતો કે ઉત્તરાખંડ રાજ્યની વિશેષ ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર અને તેની એજન્સીઓને રાજ્યમાં માર્ગ નિર્માણ પ્રોજેક્ટને સરળ રીતે અમલમાં મૂકવા માટે વળતરરૂપ વૃક્ષારોપણ માટે યોગ્ય જમીન પસંદ કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. . રેવન્યુ વિભાગના રેકર્ડમાં નોંધાયેલી જંગલની જમીન કે જે વન વિભાગના તાબા હેઠળ ન હોય તેમાં બમણી વન જમીન પર વળતર રૂપે વાવેતર કરી શકાય તેવી જોગવાઈ પણ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે ઉત્તરાખંડમાં 67 ટકા જંગલ આચ્છાદિત વિસ્તાર છે. રાજ્યમાં વિકાસ કાર્યો માટે જમીનની ઉપલબ્ધતા ઓછી છે. ઉત્તરાખંડ રાજ્ય આંતરરાષ્ટ્રીય સરહદે વ્યૂહાત્મક મહત્વ ધરાવતું રાજ્ય છે. તેના મહત્વને ધ્યાનમાં રાખીને, ફોરેસ્ટ કન્ઝર્વેશન એન્ડ પ્રમોશન એક્ટ, 2023 હેઠળ જમીનની ઉપલબ્ધતા ન હોવાને કારણે, ભારત સરકારની વિવિધ સંસ્થાઓ, NHAI, BRO, ITBP, રેલ્વે અને અન્ય સંસ્થાઓ દ્વારા રસ્તાઓ અને અન્ય માળખાના નિર્માણ માટે મંજૂરી મળી હતી. રાજ્યમાં આવેલી જંગલોની જમીનોમાં આર્મી વિભાગ દ્વારા કામગીરી કરવામાં વિલંબ થાય છે.

આ સંદર્ભમાં, મુખ્યમંત્રીએ ફરીથી સ્પષ્ટતા કરી હતી કે ઉત્તરાખંડની વિશેષ ભૌગોલિક પરિસ્થિતિઓ અને વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને, ભારત સરકારના ઉપક્રમો દ્વારા હાથ ધરવામાં આવતા બિન-વનીકરણ પ્રોજેક્ટ્સ માટે નોટિફાઇડ નિયમો, 2017 ની જોગવાઈઓ અકબંધ રાખવામાં આવશે. પહેલાની જેમ જ અને રાજ્યમાં ઉપલબ્ધ 'અધિસૂચિત ડાઉનગ્રેડેડ પ્રોજેક્ટ્સ'ને યથાવત રાખવામાં આવશે. 'વન જમીન' (આરક્ષિત અને સંરક્ષિત જંગલો) માં વળતરરૂપ વૃક્ષારોપણ.

# પેપર લીક મુદે સરકાર લાવશે નવો કાયદો ઉમરકેદથી લઈને 1 કરોડના દંડની જોગવાઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 25

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની નીટ(NEET) પરીક્ષાના પેપર લીકને લઈને દેશભરમાં હોબાળો ચાલી રહ્યો છે. ઉત્તર પ્રદેશમાં કોન્સ્ટેબલની પરીક્ષા હોઈ કે રિવ્યુ ઓફિસર/આસિસ્ટન્ટ રિવ્યુ ઓફિસરની પરીક્ષા પેપર લીકના આરોપોને કારણે રદ કરવામાં આવી . ત્યારે પેપર લીકને ઘટનાઓને જોતા યોગી સરકાર હવે ઉત્તર પ્રદેશ પબ્લિક એક્ઝામિનેશન અધ્યાદેશ 2024 લાવી છે. જે અંતર્ગત જો પેપર લીકમાં કોઈ દોષી સાબિત થશે તો તેને આજીવન કેદ અને 1 કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરાયી છે. આ પ્રસ્તાવને યોગી કેબિનેટે મંજૂરી આપી દીધી છે. જો પેપર લીક અથવા અન્ય કારણોસર પરીક્ષાને અસર થશે તો તેના પર થયેલા ખર્ચની ભરપાઈ સોલ્વર ગેંગ પાસેથી વસૂલાત કરવામાં આવશે. સાથે પરીક્ષામાં ગેરરીતિ કરનારી કંપની અને સેવા આપનાર સંસ્થાઓને હંમેશા માટે બ્લેકલિસ્ટ કરી દેવાશે. ગુનેગારની સંપત્તિ પણ જપ્ત કરી શકાય છે. અને જોગવાઈ અનુસાર જામીન પણ સરળતાથી નહીં મળે. લોકસભા ચૂંટણી દરમિયાન સીએમ યોગી આદિત્યનાથે પેપર લીક અને નકલ માફિયાઓ પર કડક કાયદો લાવવાની વાત કરી હતી. તે દિશામાં હવે સરકારે આ મામલે મોટું પગલું ભર્યું છે. સરકારે કહ્યું કે, નકલી પ્રશ્નપત્રોનું વિતરણ, નકલી રોજગાર વેબસાઈટ્સ બનાવવી વગેરેને સજાપાત્ર અપરાધ માનવામાં આવશે. તેના ઉલ્લંઘન કરવા બદલ ઓછામાં ઓછી બે વર્ષથી આજીવન કેદની સજા અને 1 કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.કેન્દ્ર સરકારે 21-22 જૂનની મધ્યરાત્રિએ પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ, 2024 લાગુ કર્યો છે. આ પેપર લીક વિરોધી કાયદા હેઠળ પેપર લીક અથવા આન્સર સીટ સાથે ચેડાં કરનારને ઓછામાં ઓછી 3 વર્ષની જેલની સજા થશે. 10 લાખ સુધીના દંડ સાથે 5 વર્ષ સુધી લંબાવી શકાય છે.




**વાંરવાર પેપર લીક થવાથી પ્રશ્નો ઉભા થયા હતા**


ઉત્તર પ્રદેશમાં તાજેતરમાં અનેક ભરતી પરીક્ષાઓમાં છબરડાંઓ સામે આવ્યા છે. ખાસ કરીને આરઓ/એઆરઓ ભરતી પરીક્ષા હોઈ કે યુપી પોલીસ કોન્સ્ટેબલની ભરતી પેપર લીક થયા બાદ ઘણા પ્રશ્નો ઉભા થયા હતા. જેમાં પરીક્ષાની વ્યવસ્થા કરતી સંસ્થાઓ પણ પીપર લીક કાંડમાં સંડોવાયેલી હતી. આ સ્થિતિમાં સીએમ યોગીએ પેપર લીકને રોકવા નવી વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. આ દિશામાં પગલું ભરતા યોગી સરકાર પેપર લીકને રોકવા અધ્યાદેશ લાવી છે.

### સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ ઉપયોગમાં લેવામાં આવશે

## નીટ વિવાદ વચ્ચે UPSCનો મોટો નિર્ણય, પરીક્ષાઓમાં AIથી સજ્જ CCTVનો ઉપયોગ કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા 25

નીટ, નેટ પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ સાથે જોડાયેલા વિવાદો વચ્ચે દેશની અગ્રણી ભરતી સંસ્થા UPSCએ પોતાની વિભિન્ન પરીક્ષાઓમાં છેતરપિંડી રોકવા માટે ચેહરાની ઓળખ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી (AI) આધારિત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમનો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. તેણે તાજેતરમાં જ બે ટકેનિકલ સોલ્યુશન તૈયાર કરવા માટે અનુભવી જાહેર ક્ષેત્રની કંપનીઓ પાસેથી બોલી આમંત્રિત કરવા માટે એક નિવિદા જાહેર કરી છે. આધાર બેઝ્ડ ફિન્ગરપ્રિન્ટ ઓથેન્ટીકેશન અને ઉમેદવારોના ચેહરાની ઓળખ તથા ઈ એડમિટ કાર્ડના ક્યુઆર કોડનું સ્કેનિંગ કરવા માટે પરીક્ષા પ્રક્રિયા દરમિયાન લાઈવ એઆઇ આધારિત સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ ઉપયોગમાં લેવામાં આવશે.બંધારણીય સંસ્થા યુપીએસસી 14 મુખ્ય પરીક્ષાઓનું આયોજન કરે છે. જેમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેશન સર્વિસ (IAS),



ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ (IPS)ના અધિકારીઓની પસંદગી કરતી પ્રતિષ્ઠિત સિવિલ સેવા પરીક્ષા પણ સામેલ છે. યુપીએસસી કેન્દ્ર સરકારના ગ્રુપ એ અને ગ્રુપ બીના પદો પર ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુનું આયોજન કરે છે.

લેહ, કારગીલ, શ્રીનગર, ઈમ્ફાલ, અગરતલા, ઐઝવાલ અને ગેંગટોક સહિત અન્ય પ્રમુખ શહેરોમાં મહત્તમ 80 કેન્દ્રો પર યોજવામાં આવતી પરીક્ષામાં 25 લાખથી વધુ ઉમેદવારો હોય છે. યુપીએસસી સ્વતંત્ર, નિષ્પક્ષ રીતે પોતાની પરીક્ષાઓના સંચાલનને ખૂબ જ મહત્ત્વ આપે છે. આ ઉદ્દેશોને પૂર્ણ કરવાના પોતાના પ્રયાસમાં આયોગ બાયોમેટ્રિક વિગતોના ક્રોસ ચેક માટે આધુનિક ટેકનિકનો ઉપયોગ કરવાનો ઈરાદો રાખે છે.

# 24 મોરના મોતથી હોબાળો, તિરંગામાં લપેટીને કરાયા અંતિમ સંસ્કાર

(એજન્સી) નવી દિલ્હી | તા 25

રાષ્ટ્રીય પક્ષી મોરના અંતિમ સંસ્કાર ક્યા પ્રોટોકોલ હેઠળ કરવામાં આવે છે તે વિશે તમે શું જાણો છો? હાલમાં જ 24 મોરના મોત થયા છે, જ્યારે હજુ પણ કેટલાક મોરની હાલત ગંભીર હોવાના સમાચાર છે. આવો જાણીએ મોરના મૃત્યુ પછીના તેના અંતિમ સંસ્કારના શું કાયદા છે. એ પહેલા જાણીએ કે, આ 24 મોરના મોત ક્યાં અને ક્યારે થયા છે. એક રિપોર્ટ મુજબ પાલમ એરફોર્સ સ્ટેશનના પરિસરમાં 24 મોરના મોત થયા છે, જ્યારે અન્ય કેટલાક મોરની હાલત અતિખરાબ હોવાના સમાચાર છે. સોમવારે ચાર મોરના મોતની માહિતી મળી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વાઈલ્ડલાઈફ (પ્રોટેક્શન) એક્ટ, 1972ના અધિનિયમ 1 હેઠળ સંરક્ષિત પ્રજાતિ મોરના મૃત્યુનો પહેલો રિપોર્ટ 4 જૂનના રોજ સામે આવ્યો હતો. મોરના મૃત્યુ અંગેના સાચા કારણો તો હજુ જાણી શકાયા નથી, પરંતુ કેટલાક સૂત્રોએ દાવો કર્યો છે કે, તે હીટસ્ટ્રોકને કારણે મોત થયા છે. જો કે, અન્ય કેટલાક સૂત્રોએ જણાવ્યું હતું, કે મોરના મૃત્યુ કેવી રીતે થયું તેની પાછળનું કારણ શોધી શકાયું નથી. અને તેની સંપૂર્ણ તપાસ કે પોસ્ટમોર્ટમ પ્રક્રિયા પણ કરવામાં નથી આવી. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે મોરના મોત અંગે વન વિભાગને કોઈ પણ જાણકારી મળી નથી. આ અંગે વન વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, 'અમને આ ઘટનાની જાણ નથી. કારણ કે તે મોટી સંખ્યમાં એટલે કે 24 રાષ્ટ્રીય પક્ષીના મોત થયા છે, હકીકતમાં અમને તેની જાણ

પ્રતિકાત્મક તસ્વીર



કરવી જોઈતી હતી. આવા કિસ્સાઓમાં મૃત પક્ષીને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવતા હોય છે, અને કારણનું મૂલ્યાંકન કરવામાં આવે છે.' જોકે કેટલાક લોકો હીટસ્ટ્રોકના કારણે મોરના મોત થયા હોવાનું કારણ ગણાવી રહ્યા છે. સામાન્ય રીતે તો ભારતમાં જ્યારે કોઈ સૈનિક અથવા મહાન હસ્તિનું નિધન થાય છે, ત્યારે તેના મૃતદેહને તિરંગામાં લપેટીને તેની અંતિમ યાત્રા કાઢવામાં આવે છે. પરંતુ ભારતમાં કેટલાક સ્થળોએ દેશના રાષ્ટ્રીય પક્ષી મોરને રાજકીય સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા. જેમાં અંતિમ સંસ્કાર પહેલા તેને તિરંગામાં લપેટવામાં આવે છે. એક અહેવાલ પ્રમાણે નિષ્ણાતોએ કહ્યું છે કે, આવો કોઈ પ્રોટોકોલ નથી અને આ પ્રવૃત્તિ વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, 1972ના ઉલ્લંઘનના દાયરામાં આવી શકે છે. આ કાયદા હેઠળ, રાજ્યને અનુસૂચિ-1 પ્રાણીઓના મૃતદેહો પરનો અધિકાર હોય છે જ્યારે તેમને બાળી નાખવાનો અથવા દફનાવવાનો અધિકાર રાજ્યના વન વિભાગ પાસે છે.

# નવી સરકારની તૈયારી, દેશભરમાં 18 હજાર કિ.મી.ના એક્સપ્રેસ વે અને હાઈસ્પીડ કોરીડોર બનાવશે

■ 2031-32 સુધી દેશમાં 30,600 કિ.મી.ના હાઈવે બનાવાશે, સરહદી વિસ્તારોમાં પણ રસ્તાઓ બનાવવાની યોજના

(એજન્સી) નવી દિલ્હી | તા 25

નીતિન ગડકરી અને તેમની આગેવાની હેઠળના માર્ગપરિવહન અને હાઈવેઝ મંત્રાલયે 30 હજાર કિલોમીટરના હાઈવે અને એક્સપ્રેસવેનું આયોજન તૈયાર કર્યુ છે અને આ માટે સરકારના બજેટમાંથી કુલ 22 લાખ કરોડ રુપિયાની માંગ કરી છે.માર્ગ પરિવહન અને હાઈવેઝ, મંત્રાલયનું કહેવું છે કે 2031-32 સુધી દેશમાં 30,600 કિ.મી.ના હાઈવે બનાવવામાં આવશે. આ આયોજન નાણા મંત્રાલયને સોંપવામાં આવ્યું છે અને બધા અગત્યના મંત્રાલયો સાથે તે શેર કરવામાં આવ્યું છે. આ પ્લાન મુજબ દેશભરમાં 18 હજાર કિલોમીટરના એક્સપ્રેસ વે અને હાઈસ્પીડ કોરીડોર બનાવવાની તૈયારી છે.

આ ઉપરાંત શહેરની આસપાસના 4000 કિ.મી.ના હાઈવેને ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવાનું આયોજન પણ છે. તેની સાથે સરહદી વિસ્તારોમાં પણ રસ્તાઓ બનાવવાની યોજના છે, જેનું વ્યૂહાત્મક રીતે આગવું મહત્ત્વ છે. મંત્રાલયના જણાવ્યા મુજબ આ માટે 25 ટકા રકમ ખાનગી ક્ષેત્રમાંથી આવશે.



આ માટેની યોજના બે તબક્કામાં તૈયાર કરી દેવામાં આવી છે. તેમા પહેલા રાઉન્ડ હેઠળ 2028-29 માં ટેન્ડર જારી કરવાની બધી પ્રક્રિયા પૂરી થઈ જશે. આ પ્રોજેક્ટમાં કુલ 22 લાખ કરોડ રુપિયાનું રોકાણ થશે. આ ઉપરાંત મંત્રાલયે દર વર્ષે તેની ફાળવણીમાં દસ ટકા વધારો કરવાની પણ માંગ કરી છે, જેથી યોજનાઓ પૂરી કરી શકાય.

સરકારે વચગાળાના બજેટમાં હાઈવે મંત્રાલયને 2.78 લાખ કરોડ રુપિયાની ફાળવણી કરી હતી, જે ગયા વર્ષ કરતાં 2.7 ટકા વધારે હતી. માર્ગ પરિવહન મંત્રાલયની બીજા તબક્કાની યોજના તૈયાર છે જેના હેઠળ 28,400 કિ.મી.ના હાઈવે બનશે. તેનું ટેન્ડરનું કામ 2033-34 સુધી પૂરુ થશે અને પ્રોજેક્ટનું કામ 2036-37 સુધી પૂરુ થશે.

ટ્રેન અકસ્માત, કાશ્મીરમાં આતંકી હુમલા, નીટ પેપર લીક, મોંઘવારી વધી, પાણીની ભારે અછત, હીટવેવથી અનેકના મોત

# NDA સરકારના પ્રથમ 15 દિવસમાં દેશમાં 10 મોટી ઘટનાઓ બની : રાહુલ

(એજન્સી) નવી દિલ્હી | તા 25

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ એનડીએ સરકારના પ્રથમ ૧૫ દિવસના કામકાજને ધ્યાનમાં રાખીને આકરા પ્રહારો કર્યા હતા. સાથે જ તેમણે આ ૧૫ દિવસ દરમિયાનની ૧૦ મોટી ઘટનાઓની યાદી પણ જાહેર કરી હતી. જેમાં બંગાળમાં ટ્રેન અકસ્માત, કાશ્મીરમાં આતંકી હુમલો વગેરેનો પણ સમાવેશ થાય છે. સાથે આરોપ લગાવ્યો હતો કે મોદી સરકાર બેક ફૂટ પર છે. રાહુલ ગાંધીએ એનડીએ સરકારના પ્રથમ ૧૫ દિવસના કાર્યકાળમાં બનેલી



વિવિધ ઘટનાઓની યાદી જાહેર કરી હતી. રાહુલે ટ્વીટ કરીને કહ્યું હતું કે એનડીએ સરકારના પ્રથમ ૧૫ દિવસમાં આ ઘટનાઓ ઘટી છે, ૧ ભયાનક ટ્રેન અકસ્માત, ૨ કાશ્મીરમાં આતંકી હુમલો, ૩ ટ્રેનોમાં મુશ્કેલીમાં મુકાયેલા મુસાફરો, ૪ નીટ પરીક્ષા, ૫ નીટ પીજી રદ કરાઇ, ૬ યુજીસી નેટ પેપર લીક, ૭ દૂધ, કઠોળ, ગેસ વગેરેમાં મોંઘવારી વધી, ૮ જંગલોમાં ભિષણ આગ લાગી, ૯ પાણીની ભારે અછત, ૧૦ હીટવેવ દરમિયાન પુરતી સુવિધાના અભાવે મૃત્યુ થયા. મનોવૈજ્ઞાનિક રીતે બેકફૂટ પર આવેલા નરેન્દ્ર મોદી પોતાની સરકારને બચાવવામાં વ્યસ્ત છે.

સાથે જ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મોદી સરકાર દ્વારા બંધારણ પર થતા હુમલાનો આકરો વિરોધ કરવામાં આવશે. ઈન્ડિયા ગઠબંધન જનતાનો અવાજ ઉઠાવતુ રહેશે. મોદીને જવાબદારી સ્વીકાર્યા વગર છટકવા નહીં દઈએ. આ પહેલા ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ બંધારણની કોપી હાથમાં રાખીને લોકસભા સુધી માર્ચ કાઢી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમારો સંદેશો જનતા સુધી પહોંચી રહ્યો છે, કોઈ પણ બંધારણને સ્પર્શી નહીં શકે અને અમે તેનું રક્ષણ કરીશું. રાહુલ ગાંધીએ લોકસભાની ચૂંટણી સમયે પણ બંધારણનો મુદ્દો ઉઠાવ્યો હતો.

**ઈન્ડિયા ગઠબંધન જનતાનો અવાજ ઉઠાવતુ રહેશે. મોદીને જવાબદારી સ્વીકાર્યા વગર છટકવા નહીં દઈએ**

## "એક પેપરના 12 લાખ રૂપિયા... એન્જિનિયર્સે ભેગા થઈને રચ્યું પેપર લીક કૌભાંડ"

(એજન્સી) નવી દિલ્હી | તા 25

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની નીટ(NEET) પરીક્ષાના પેપર લીકને લઈને દેશભરમાં હોબાળો ચાલી રહ્યો છે. વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. અત્યારે આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. ઉત્તર પ્રદેશમાં રિવ્યુ ઓફિસર/આસિસ્ટન્ટ રિવ્યુ ઓફિસરની પોસ્ટ માટે 11 ફેબ્રુઆરીએ લેવાયેલી પરીક્ષા પેપર લીકના આરોપોને કારણે રદ કરવામાં આવી છે. પેપર લીક મામલે પોલીસ તપાસમાં મોટું ષડયંત્ર બહાર આવ્યું છે. આ પરીક્ષામાં 10 લાખથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જો કે યુપી પ્રશાસને પેપર લીકના આરોપોને ફગાવી દીધા છે. ગાજીપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ આર્યકા અઘોરીએ કહ્યું, કોઈ પેપર લીક થયું નથી.

ઉત્તર મધ્ય રેલવે

ટેન્ડર નંબર :- ઝાંસી-ઈએલજી-ડબ્લ્યૂ-ટી-16-2024-25 | તારીખ : 22.06.2024

ટેન્ડર નોટિસ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી, સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (જનરલ), નોર્થ સેન્ટ્રલ રેલ્વે, ઝાંસી, નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

ટેન્ડર રકમ :- રૂ : 14490368/- માત્ર | બાના રકમ :- રૂ: 222500/- માત્ર

કામનું વર્ણન:- ઝાંસી ELG:ઝાંસી વિભાગ પર વીજ પુરવઠો વધારવાની જોગવાઈ.

કાર્ય પૂર્ણતાનો સમયગાળો :- 06 મહિના, ટેન્ડર બંધ થવાની તારીખ :- 15-07-2024 (15:00 વાગ્યે સુધી ). ટેન્ડરર 15-07-2024 એ 15:00 કલાક સુધી ટેન્ડર ઓનલાઈન જમા કરાવી શકે છે . પૂર્ણ માહિતી માટે અને ટેન્ડર પ્રસ્તુતિ માટે ભારતીય રેલ્વેના વેબસાઈટ https://www.ireps.gov.in પર જુઓ

1094/24 (AN)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

## અમદાવાદમાં સ્કૂલવાન અને કાર વચ્ચે અકસ્માત

અમદાવાદ | અમદાવાદ SP રિંગ રોડ પર ત્રિપલ અકસ્માત થયો છે. જેમાં સ્કૂલવાન અને 2 કાર વચ્ચે અકસ્માત સર્જાયો છે. તેમાં સ્કૂલવાનમાં સવાર વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે. તેમજ અકસ્માત થતા વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. ટ્રાફિક પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. તેમજ સ્કૂલવાનમાં બેઠેલા વિદ્યાર્થીઓને અકસ્માતથી સામાન્ય ઈજા પહોંચી હતી. જેમાં ટ્રાફિક પોલીસે ઘટના સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી તથા વિદ્યાર્થીઓને અન્ય વાહનની વ્યવસ્થા કરી શાળાએ મોકલવામાં આવ્યા હતા.

સિટી એક્સપ્રેસ

WEDNESDAY 26 JUNE-2024

AHMEDABAD

## રૂ.500ની 800 નકલી ચલણી નોટો સાથે 2ની ધરપકડ

ગોધરા | પંચમહાલ એલસીબીએ ડુપ્લીકેટ ચલણી નોટોની સાથે બે લોકોની ધરપકડ કરી છે. પંચમહાલ એલસીબીએ રૂપિયા 500ના દરની 800 ડુપ્લીકેટ ચલણી નોટો સાથે બે આરોપીઓની ધરપકડ કરીની વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ બંને આરોપીઓની બે મોબાઈલ ફોન અને ડુપ્લીકેટ ચલણી નોટોની સાથે ધરપકડ ગોધરાની મેશરી નદીના પુલ નજીકથી કરવામાં આવી છે ત્યારે એક આરોપી હજુ પોલીસ પકડની બહાર છે. અને સમગ્ર કેસ મામલે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે 3 આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.



### બે કલાકમાં નરોડા-મેમ્કોમાં 3 ઈંચ તો ઓઢવમાં 2 ઈંચ વરસાદ ખાબક્યો

# અમદાવાદમાં પહેલો વરસાદ બન્યો 'આફત'

**મકાનનો ભાગ ધરાશાયી થતા બે ભાઈ ફસાતા ફાયરની ટીમે રેસ્ક્યૂ કર્યું હતું**

(એજન્સી) અમદાવાદ | તા.25

રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. અમદાવાદમાં મોડી રાત્રે 12:30 વાગ્યાની આસપાસ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. બે કલાકમાં મેઘરાજાએ ધડબડાટી બોલાવી દેતાં સવા ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. વહેલી સવારે પાંચ વાગ્યાથી પણ ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. સૌથી વધારે બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ શહેરના પૂર્વ વિસ્તારમાં નરોડા અને મેમ્કો વિસ્તારમાં પડ્યો હતો. જ્યારે ઓઢવ અને રખિયાલમાં 2 ઈંચ વરસાદ પડ્યો છે. ચોમાસાની શરૂઆતમાં અમદાવાદ શહેરમાં માત્ર નામનો વરસાદ પડ્યો હોવા છતાં પાણી ભરાવવાની અને ખાડાઓની સમસ્યા શરૂ થઈ ગઈ છે. જી. હા ચોમાસાના પહેલા જ વરસાદે સ્માર્ટ સિટી અમદાવાદની પોલ ખોલી નાખી છે. મનપાના પ્રિમોન્સૂન કામગીરીના દાવાઓ માત્ર કાગળ પર જ રહી જતા હોય તેવું લાગી રહ્યું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભૂવાઓની વચ્ચે જ જનતાને જીવવું પડશે. કયા કયા વિસ્તારમાં ભરાયા છે પાણી.



### અનુપમ સિનેમા નજીક ભુવો પડ્યો

મોડીરાત્રે પડેલા ભારે વરસાદના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં ઝાડ પડવાની અને રોડ બેસી જવાની ઘટના બની હતી. જેમાં સરસપુર વિસ્તારની ગોદાણી હોસ્પિટલની સામે આવેલ સોમનાથ નાગરદાસની ચાલીના મકાનમાં ઘરની અંદર આવલું મોટું વૃક્ષ ધરાશાયી થયું હતું. મોટું લીમડાનું વૃક્ષ એક તરફ પડતા ઘરના બે સભ્યોને સામાન્ય ઈજા થઈ હતી. માણેકબાગ વિસ્તારમાં પણ તાજેતરમાં જ જ ગટર લાઈનનું રિહેબિલિટેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ત્યાં ચાર રસ્તા પાસે રોડ પણ બેસી ગયો હતો. જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમના ઈજનેર વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ત્યાં બેરિકેટ કરી દેવામાં આવ્યું હતું. શહેરના ખોખરા વિસ્તારમાં પણ અનુપમ સિનેમા નજીક ભુવો પડ્યો હતો. ભુવો પડવાની સંભાવના હતી જેને કારણે ત્યાં બેરીકેટ રાખવામાં આવ્યું હતું. જો કે, આજે વરસાદના કારણે ભુવો પડતા બેરિકેટ પણ અંદર પડ્યું હતું.

### નિકોલ રોડ, ગુલબાઈ ટેકરામાં ઝાડ ધરાશાયી થયાં

મોડી રાત્રે વરસાદ પડવાના કારણે નિકોલ રોડ અને ગુલબાઈ ટેકરા વિસ્તારમાં ઝાડ ધરાશાયી થવા અંગેનો કોલ ફાયર બ્રિગેડની ટીમને મળતા તાત્કાલિક ફાયર બ્રિગેડ અને ગાર્ડન વિભાગની ટીમ ત્યાં પહોંચી હતી અને ઝાડને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ભારે વરસાદના પગલે રાયપુર વિસ્તારમાં ચકલેશ્વર મહાદેવ પાસે લાલા વસાણી પોળમાં બે માળના મકાનનો અમુક ભાગ જર્જરિત હાલતમાં હતો. જે વરસાદના કારણે પડી જતાં 2 વ્યક્તિ ફસાયા હતા.

**ક્યાં ક્યાં ઝાડ પડ્યાં**

શ્યામલ ચાર રસ્તા
મકરબા
વસ્ત્રાપુર

રામદેવનગર
ગુલબાઈ ટેકરા
નિકોલ રોડ





### અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

મોડી રાત્રે 12:30 વાગ્યાની આસપાસ શરૂ થયેલો વરસાદ બે કલાક સુધી અવિરત ચાલુ રહ્યો હતો. શહેરના વિરાટનગર, ઓઢવ, રખિયાલ, સૈજપુર વિસ્તારમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો. ઉસ્માનપુરા, વાડજ, આશ્રમ રોડ પર પણ બે ઈંચ વરસાદ પડ્યો હતો. રાણીપ, ચાંદખેડા, પાલડી, એલિસબ્રિજ, દુધેશ્વર, જમાલપુર, શાહપુર, ઠક્કરનગર, નિકોલમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો.

ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને નિલેશ ધીરજભાઈ મોદી અને અજય ધીરજભાઈ મોદી નામના બે ભાઈને રેસ્ક્યૂ કરી બહાર કાઢ્યા હતા. બાદમાં બન્નેને 108 મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. આ ઉપરાંત પ્રહલાદનગર રોડ પર શ્યામલ ચાર રસ્તા પાસે એક વૃક્ષ ધરાશાયી થયું હતું. ભારે વરસાદના પગલે રોડ પર પાણી ભરાઈ ગયાં હતાં. 30 મિનિટમાં વરસાદના પગલે રોડ આખા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

**પશ્ચિમના વિસ્તારોમાં અડધો ઈંચ વરસાદ**

પશ્ચિમના બોપલ, સરખેજ, જોધપુર, મક્તમપુરા, બોડકદેવ, સેટેલાઈટ સહિતના વિસ્તારોમાં અડધા ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સૌથી વધારે વરસાદ નરોડા, મેમ્કો, ઉસ્માનપુરા, આશ્રમરોડ, પાલડી, ચાંદખેડા, રાણીપ સહિતના વિસ્તારોમાં પડતા ઠેર ઠેર પાણી ભરાયાં હતાં.

# વડોદરામાં NEETનો ઉગ્ર વિરોધ



**'હાય રે ભાજપ હાય હાય'ના નારા લાગ્યા**

(એજન્સી) વડોદરા | તા.25

દેશમાં નીટની પરીક્ષામાં થયેલા કૌભાંડને લઈને રાજ્યભરમાં વિરોધનો વંટોળ ઉભો થયો છે, ત્યારે વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા ડેરી ડેન સર્કલ ખાતે ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે યુથ કોંગ્રેસના કાર્યકરોએ ભાજપ સરકાર સામે ભારે સૂત્રોચ્ચારો કર્યાં હતા અને નકલી નોટો ઉડાડીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો અને રસ્તા રોકો આંદોલનના ભાગરૂપ રોડ પર ચક્કાજામ કરતા ટ્રાફિકજામ થઈ ગયો હતો. જેને પગલે સયાજીગંજ પોલીસે 12 જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. જેમાં પોલીસે અમુકના કાંઠલા પકડ્યા હતા તો કેટલાકની ટીંગાટોળી કરી હતી. વડોદરા શહેરના ડેરી ડેન સર્કલ ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં યુથ કોંગ્રેસના કાર્યકરોની સાથે સાથે વડોદરા શહેર કોંગ્રેસના નેતાઓ પણ હાજર રહ્યા હતા અને 'હાય રે ભાજપ હાય હાય'ના નારા લગાવ્યા હતા. આ સમયે ચક્કાજામ કરી રહેલા યુથ કોંગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

**10-10 લાખમાં પેપરનો સોદો કરવામાં આવ્યો**

**આ પરીક્ષા રદ થવી જોઈએ અને ફરી પરીક્ષા લેવી જોઈએ, તેવી અમારી માગ છે. વડોદરામાં રહેતા અને ગોધરાની જય જલારામ સ્કૂલના શિક્ષક દ્વારા 10-10 લાખમાં પેપરનો સોદો કરવામાં આવ્યો, આ ઉપરાત પરશુરામ રોય હોય, સીધી કે આડકતરી રીતે આ બધા ભાજપ સાથે જોડાયેલા છે.**

## CM ભુપેન્દ્ર પટેલ એક્શનમાં

# અધિકારીઓને ફિલ્ડમાં જવાની આપી સૂચના

**રાજ્ય સરકારે સ્ટેટ લીટીગેશન પોલિસીમાં ફેરફાર કર્યો**



(એજન્સી) અમદાવાદ | તા.25

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓ અને પદાધિકારીઓને કડક સૂચના આપી છે અને તમામ અધિકારીઓ અને પદાધિકારીઓને ફિલ્ડમાં જવા માટે સૂચના આપી છે તથા જાહેર સ્થળો પર જે પ્રશ્નો લોકોને હોય તેનું નિરાકરણ લાવવા માટે પણ સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ મુખ્યપ્રધાને કેટલાક અધિકારીઓને કામને લઈને ટકોર છે. ત્યારે આજે રાજ્ય સરકારની કેબિનેટની બેઠક યોજાઈ હતી, જેમાં ઘણા મહત્વના નિર્ણય રાજ્ય માટે લેવામાં આવ્યા છે.

કેબિનેટ બેઠક બાદ સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે નિવેદન આપતા કહ્યું કે રાજ્ય સરકારે સ્ટેટ લીટીગેશન પોલિસીમાં ફેરફાર કર્યો છે અને કેબિનેટ બેઠકમાં નવી સ્ટેટ લીટીગેશન પોલીસી તૈયાર કરી છે. જે પોલીસીમાં અધિકારીઓની જવાબદારી રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેવો પ્રયાસ કરાશે.

સ્ટેટ લિટિગેશન પોલિસીમાં નવી જોગવાઈ ઉમેરવામાં આવી છે, જેની હેઠળ અધિકારીઓની જવાબદારી નક્કી કરાશે, જો કોઈ કેસ હારી જઈએ તો તેના પરિણામોની જવાબદારી નક્કી કરી અધિકારીઓ સામે કાર્યવાહી હાથ ધરાશે. કાયદા વિભાગ દ્વારા સીધા કમિટી સમક્ષ કેસ જશે અને તેના અધ્યક્ષ મુખ્ય સચિવ રહેશે. ઉલ્લેખનીય છે કે અગાઉ ગુજરાત હાઈકોર્ટે મોરબી, વડોદરા, રાજકોટની ઘટનાઓ સામે આવ્યા બાદ અધિકારીઓની જવાબદારી અંગે રાજ્ય સરકારને ટકોર કરી હતી, ત્યારબાદ આ પગલા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યા છે.

## ઈન્દીરા ગાંધીએ પોતાની ખુરશી બચાવવા દેશભરમાં ઈમરજન્સી લગાવી હતી: નીતિન પટેલ



(એજન્સી) અમદાવાદ | તા.25

વર્ષ 1975માં આજના દિવસે પૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ દેશમાં ઈમરજન્સી લગાવી હતી. જેને લઈને આજના દિવસને ભારતીય જનતા પાર્ટી કાળા દિવસ તરીકે જુએ છે અને પાર્ટીએ આજે દેશભરમાં કાર્યક્રમો યોજ્યા હતા. ત્યારે અમદાવાદ શહેર ભાજપ દ્વારા પણ આજે કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો અને તેમાં પૂર્વ ડેપ્યુટી સીએમ નીતિન પટેલ હાજર રહ્યા હતા.

### કોંગ્રેસે અમને બંધારણ શીખવાડવાની જરૂર નથી

નીતિન પટેલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે ઈન્દીરા ગાંધીએ પોતાની ખુરશી બચાવવા ઈમરજન્સી લગાવીને દેશને બાનમાં લીધો હતો. આજે કોંગ્રેસ જે બંધારણની વાતો કરી રહી છે પણ દેશની જનતા જાણે છે કે કોંગ્રેસે શું કર્યું હતું. તેમણે અમને બંધારણ શીખવાડવાની જરૂર નથી. ભાજપ પહેલેથી જ બંધારણ અને લોકશાહીમાં માનનારી પાર્ટી છે. ઈમરજન્સી લાગુ કર્યાને આજે 49 વર્ષ થયા છે. ત્યારે ભાજપે કોંગ્રેસ પર ધારદાર પ્રહાર કર્યા છે. પીએમ મોદીથી લઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ સહિતના દિગ્ગજોએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે.

### શું કહ્યું પીએમ મોદીએ ?



સોશિયલ મીડિયા એક્સ પર પીએમ મોદીએ પોસ્ટ કરતા જણાવ્યું કે આજે એ મહાન પુરુષો અને સ્ત્રીઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે જેમણે ઈમરજન્સીનો વિરોધ કર્યો. કટોકટીના કાળા દિવસો આપણને યાદ અપાવે છે કે કેવી રીતે કોંગ્રેસ પાર્ટીએ મૂળભૂત સ્વતંત્રતાઓને નાબૂદ કરી હતી અને ભારતના બંધારણને કચડી નાખ્યું હતું, જેનો દરેક ભારતીય ઊંડો આદર કરે છે. પીએમ મોદીએ વધુમાં જણાવ્યુ કે સત્તામાં રહેવા માટે તત્કાલીન કોંગ્રેસ સરકારે દરેક લોકતાંત્રિક સિદ્ધાંતોની અવગણના કરી અને દેશને જેલમાં ફેરવી દીધો. જે કોઈ કોંગ્રેસ સાથે અસંમત હતા તેને ત્રાસ આપવામાં આવ્યો હતો.

### કોંગ્રેસે સત્તાના સુખ માટે અધિકારો છીનવ્યા: અમિત શાહ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે દેશમાં લોકશાહીની હત્યા કરવાનો અને તેના પર વારંવાર હુમલા કરવાનો લાંબો ઈતિહાસ છે. 1975માં આ દિવસે કોંગ્રેસ દ્વારા લાદવામાં આવેલી ઈમરજન્સી તેનું સૌથી મોટું ઉદાહરણ છે.

## ગણેશ જાડેજાના જામીન નામંજૂર, પીડિતના સમર્થનમાં 6 જુલાઈએ સંમેલન

(એજન્સી) જૂનાગઢ | તા.25



ગોંડલ પૂર્વ MLA જયરાજસિંહ જાડેજાના પુત્ર સામે રોષ ફેલાયો છે. જૂનાગઢમાં ગણેશ જાડેજાના જામીન નામંજૂર થયા છે. જેમાં આરોપી ગણેશ જાડેજાએ જામીન અરજી કરી હતી. તેમાં જૂનાગઢ કોર્ટે ગણેશ જાડેજાના જામીન નામંજૂર કર્યા છે. તથા ગણેશ જાડેજાએ દલિત યુવકને માર માર્યો હતો. તેમજ ગણેશ જાડેજાની દબંગાઈના વિરોધમાં સંમેલન યોજાઈ રહ્યું છે. જેમાં જૂનાગઢમાં સમસ્ત અનુ.જાતિ સમાજનું સંમેલન યોજાશે. તેમાં મોટી મોણપરીમાં 6 જુલાઈએ સંમેલન મળશે.

# કચ્છમાં ફરી ચરસના 20 પેકેટ મળ્યા

### BSFએ અત્યાર સુધી જખૌથી 170થી વધુ પેકેટ જપ્ત કર્યા, BSFની ટાપુ વિસ્તારમાં તપાસ તેજ



10 દિવસમાં 170થી વધુ ડ્રગ્સના પેકેટ જપ્ત કર્યાં

(એજન્સી) જખૌ | તા.25

કચ્છમાં ફરી એકવાર ચરસના 20 પેકેટ મળ્યા છે. BSFએ જખૌના દરિયાઈ વિસ્તારમાંથી વધુ 20 ચરસના પેકેટ જપ્ત કર્યા છે. જખૌના દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બીએસએફએ ચરસના બિનવારસી 20 પેકેટ જપ્ત કર્યા છે. અત્યાર સુધી જખૌ વિસ્તારમાંથી બીએસએફએ 170થી પણ વધુ પેકેટ કબજે કર્યા છે અને હાલમાં પણ બીએસએફ દ્વારા ક્રીક અને ટાપુ વિસ્તારમાં તપાસ હાથ ધરાઈ છે. તમને જણાવી દઈએ કે 5 દિવસ પહેલા જ BSFએ કચ્છના ક્રીક વિસ્તારમાંથી રૂપિયા 150 કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું,જપ્ત કરાયેલા ડ્રગ્સમાં સિન્થેટિક, હેરોઈન, ચરસના ત્રણ અલગ-અલગ પ્રકારના પેકેટો મળી આવ્યા હતા. ક્રિક બોર્ડર પર સર્ચ ઓપરેશન દરમિયાન ડ્રગ્સના પેકેટ બિનવારસી હાલતમાં મળી આવ્યા હતા, છેલ્લા 10 દિવસમાં BSFએ 170થી વધુ ડ્રગ્સના પેકેટ જપ્ત કર્યા છે.

**ગુજરાતનો દરિયાકિનારો ડ્રગ્સની હેરાફેરી માટે જાણીતો બન્યો**

**ગુજરાતનો 1600 કિલોમીટર સુધીનો લાંબો દરિયાકિનારો છે. ત્યારે, આ દરિયા કિનારો ડ્રગ્સની હેરાફેરી માટે જાણીતો બની ગયો છે. કારણ કે વારંવાર અહીંથી માદક પદાર્થનો જથ્થો ઝડપી પાડવામાં આવી રહ્યો છે. તાજેતરમાં પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓને બોટ સાથે ઝડપી કરોડો રૂપિયાનું ડ્રગ્સ શોધી લેવામાં ATS અને કોસ્ટગાર્ડને સફળતા મળી છે. સાથે હવે બિનવારસી ડ્રગ્સ પણ મળી આવ્યું છે.**

NEWS BRIEF

### જૈન સમાજના સાધુની લંપટલીલાનો વીડિયો વાયરલ



પાલીતાણા | પાલીતાણામાં જૈન સમાજના સાધુઓને લાંછન લગાવતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જૈન સમાજના સુરી સમુદાયના એક કહેવાતા સાધુની લંપટલીલાનો આ વીડિયો વાયરલ થયો છે. ત્યારે જૈન સાધુની લંપટ લીલાના આ વાયરલ વીડિયોથી સમગ્ર જૈન સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. તમને જણાવી દઈએ કે હાલમાં પાલીતાણામાં સાધુઓ દ્વારા ચાર્તુમાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ વાયરલ વીડિયો સામે આવ્યા બાદ લોકોમાં ચર્ચા વધી છે. હાલમાં પાલીતાણામાં સાધુઓ દ્વારા ચાર્તુમાસ કરવામાં આવી રહ્યા છે જો કે તમને જણાવી દઈએ કે આ વાયરલ વીડિયોની પુષ્ટી અમદાવાદ એક્સપ્રેસ કરતુ નથી.

### વસ્ત્રાલમાં BRTS બસ સ્ટેશનમાં આગ : 3 બસ સળગી



અમદાવાદ | શહેરના વસ્ત્રાલમાં BRTS ઈલેક્ટ્રીક ચાર્જિંગ સ્ટેશનમાં રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. ઈલેક્ટ્રીક બસમાં અચાનક આગ લાગવાની ઘટના બનતા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. બેથી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવામાં આવી હતી. એક ઈલેક્ટ્રિક બસમાં આગ લાગી હતી. જે બાદ આસપાસમાં બાજુમાં ઉભેલી બે જેટલી બસોને પણ આગની જ ઝપેટમાં લઈ લીધી હતી. કુલ ત્રણ જેટલી ઈલેક્ટ્રીક બસ આગમાં બળીને ખાક થઈ ગઈ હતી. ઈલેક્ટ્રીક ચાર્જિંગ સ્ટેશનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ જાણવા મળ્યું છે.

### અમદાવાદના નિકોલની આર. પી. વસાણી સ્કૂલને નોટિસ



અમદાવાદ | નિકોલમાં આવેલી આર. પી. વસાણી સ્કૂલમાં RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને સામાન્ય વિદ્યાર્થીઓને અલગથી બેસાડી ભેદભાવ કરવામાં આવતો હોવાની સ્કૂલના વાલીઓએ DEO કચેરીએ ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે DEO દ્વારા સ્કૂલને નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત સ્કૂલ પર તપાસ માટે ટીમ પણ મોકલવામાં આવી છે. તપાસમાં સ્કૂલ દોષિત સાબિત થાય તો સ્કૂલ સામે કાર્યવાહી કરવામાં આવશે.13 જૂનથી રાજ્યની સ્કૂલોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું છે. નવું સત્ર શરૂ થતાં RTE હેઠળ પ્રવેશ મેળવેલ બાળકો પણ સ્કૂલે જવા લાગ્યા હતા.

### અંબાજીમાં ધોધમાર વરસાદ, ધર્મશાળા સુધી પાણી ભરાયા



અંબાજી | રાજ્યમાં મેઘરાજાએ ધમાકેદાર આગમન કરી લીધુ છે. રાજ્યમાં આગામી 7 દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ આજે સમગ્ર રાજ્યમાં ઠંડરસ્ટ્રોમની આગાહી કરવામાં આવી છે. ત્યારે બનાસકાંઠાના અંબાજીમાં ધોધમાર વરસાદ વરસ્યો છે અને ધર્મશાળાઓના ગેટ સુધી પાણી ભરાયા છે, ત્યારે અંબાજીની આજુબાજુના વિસ્તારમાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે. ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને સ્થાનિક લોકોને ગરમીમાંથી મોટી રાહત મળી છે. ત્યારે બનાસકાંઠા લાખણી પંથકમાં પણ વરસાદની શરૂઆત થઈ ચૂકી છે, ભારે પવન સાથે આ પંથકમાં વરસાદની શરૂઆત થઈ છે.